સાબુ તૈયાર થયો સમજવો. (આ જાતની ક્રિયા થવાને સાબુના જાત
પ્રમાણે [illegible] કલાક સુધીનો વખત લાગે છે.) આમ થયા
બાદ અગ્નિ બંધ કરી કડાયું સ્થિર રહેવા દેવું. સાબુ નીચે ઠરીને પાણી
[illegible] ન થાય. ત્યારે રહેલો સાબુ ઉપર અને [illegible] તેનાં ઠરીને અને
[illegible] હોય છે. અને તેમાં [illegible] આમ [illegible] સુધી
પાણી હોય છે, જે [illegible] આવેલો બાદ [illegible] હોય તો
આ પ્રમાણે તૈયાર થયેલો સાબુ [illegible] ન થાય. [illegible]
થાય છે. અને જો એમ થાય તો તેમાં [illegible] ટકા જેટલા
[illegible] પાણી મિશ્ર કરી [illegible] [illegible] કરવું જોઈએ [illegible]
[illegible] [illegible] પછી [illegible] અને [illegible] સાબુ ઉપર [illegible]
તે [illegible] અથવા [illegible] [illegible] નાખી દેવો [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] તેને [illegible] તેવા [illegible]
[illegible] [illegible] તે તૈયાર કરી આ સાબુ [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] છે. અને [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

જો સાબુ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] ન [illegible] તો [illegible] [illegible] [illegible] પાણી
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે [illegible] ન [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] થાય છે.

ઉપર બતાવેલી રીત પ્રમાણે સાબુ [illegible] સાબુ બનાવ-
વાની રીત—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સુમારે ૪૦૦ શેર મેળવી હલાવતા જઇ ઉકાળવું. જ્યારે તે મિશ્ર થઇ ખેળ જેવું થાય ત્યારે તેમાં બામડાના. ૧૬ થી ૧૮ અંશ જેટલું તીવ્ર સોડાનું થોડું થોડું પાણી મેળવી ઉકાળવું; અને તેમાંથી થોડો નમુનો લેઇ કાગળના એક સપાટ ટુકડા ઉપર નાંખવો. જ્યારે તે નમુનો સ્વચ્છ પાણી જેવો એટલે જરાપણ ધોળાશવાળો અથવા ખારો ન રહે એટલે પછી તેમાં સુમારે ૧૦૦ થી ૧૨૦ શેર જેટલું મીઠું નાખી ઉપર બતાવ્યા પ્રમાણે સાબુ અને કાચાં દ્રવ્યો જુદાં કરવાની ક્રિયા કરવી. અને જુદું પડેલું કસહીન પાણી કાઢી નાખવું, બાદ તે સાબુમાં બામડાના ૨૦ અંશ જેટલા તીવ્ર સોડાનું દ્રવ્ય મેલવી ખૂબ આંચ દેવી અને કહ્યા મુજબ સાબુ તૈયાર થાય ત્યારે તેને કાઢી લેઇ સંચામાં નાંખવો.

ગ્લિસેરાઇન ન કાઢતાં સાબુ કરવાની રીત—ગમે તે જાતનું તેલ સોળશેર લેઇ તેને ચાળીશ શેર પાણી રહે એવડા વાસણમાં નાંખી થોડું ગરમ કરવું. પછી ૨૫ તોલા કાસ્ટીક સોડા લેઇ તેને બાર શેર પાણીમાં ઓગાળી તે પાણી ઠંડુ થવા બાદ તેલમાં મેળવી હલાવતા જઇ ઉકાળવું, અને જો તેલ અગર ખાર વધારે ઓછું મેળવવાની જરૂર જણાય તો મેળવવુ. તે ખેળ જેવું એકરસ થાય એટલે સ્થિર રાખી નીચે જામેલુ પાણી કાઢી નાંખવું. બાદ પાછી કઢાઈ નીચે દેવતા વધારી ત્રીસ તોલા સોડા લઇ તેને અગ્યારશેર પાણીમાં ઓગાળી તે પાણી ઠંડુ થવા બાદ તેમાં મેળવવું અને ફરીથી પકાવવાનુ શરૂ કરવું. આ વેળાએ મિશ્રણ ચિકણું પીળાશ પડતું. અગર લપખડીઆ રંગનું દેખાય છે. અને તેની કંઈક તેલને મળતી વાસ આવે છે. તેને ઉભરો ન આવે તેમ બરાબર હલાવીને ઉકાળવું અને વરાળ જેવો નિર્ગંધ વાસ આવવા લાગે એટલે સ્થિર રાખી જામેલું પાણી કાઢી નાંખવું. બાદ પંત્રીસ તોલા સોડા લેઇ તેને દશ શેર પાણીમાં ઓગાળી પાણી ઠંડું થવા બાદ સાબુ ઉપર છાંટતા જઇ હળવે હળવે ગરમ કરી પછી જોરથી આંચ દેવી. જેથી તે મિશ્રણ ફરીથી થઇ કઢાઇમાં આવે તેમ ધ્યાન કરવું, ઉપર થોડું એક ફીણ આવશે, અને જોરથી ઉભરો આવશે. એ ઉભરો કડછા વડે સાબુને જોરથી હલાવી તેમજ ધોકો એક સાબુ ઉચે ઉપાડીને સાબુ ઉપર મારીને હલાવો. એમ ચાર, પાંચ વખત કરવું એટલે સીઝવાનું કામ પુરૂં થાય છે જેથી તેનો સાબુ જેવો વાસ આવે છે, અને કઢાઇમાં મોટા મોટા પરપોટા થાય છે. એ-

માંથી પોપો એક નમુનો ચપટી વડે દાબી જોતાં ચપટીમાં ચોટે નહિ અને પતરા જેવો થઇ જાય તેમજ જલદી સુકાઇ જઇ કઠણ થઇ જાય ત્યારે સાબુ બરાબર તૈયાર થયો એમ સમજી અગ્નિ બંધ કરવો. અને ઉપર ઢાંકણું ઢાંકી ઠરવા દેતાં નીચે જે પાણી ઠરે તે કાઢી લેવું. અને બાકી રહેલા સાબુને સંચામાં નાંખી ઠરવા દેવો. આ પ્રમાણે તૈયાર કરેલા સાબુમાં ગ્લિસેરાઇન તેમ જ એસિડ પુ'કળ હોય છે અને તેથી તે પાણી સાથે બરાબર ઘસી શકાતો નથી. તોપણ જો બરાબર કાળજી રાખી બનાવવામાં આવે તો ઉત્તમ બને છે. આ સાબુ બનાવવામાં બધા મળીને ૧૮ થી ૨૪ કલાક લાગે છે.

કોકમના તેલનો સાબુ—ચરબી તેમજ લાર્ડનો સાબુ ન વાપરનારા શ્રદ્ધાવાન્ હિંદુ અને મુસલમાન લોકો માટે ઉંચી જાતનો સાબુ કોકમના તેલનો બનાવવામા આવે છે. અને તે એવી રીતે બને છે કે એંશી શેર પાણી રહે એવડી મોટી કઢાઇ લેઇ તેમાં પચીસ શેર કોકમનું તેલ નાખી મંદાગ્નિ ઉપર પાતળું કરવું. બાદ તેમાં બામ હાઇડ્રોમીટરના ૮ થી ૧૦ અંશ જેટલા પ્રમાણનું તીવ્ર સોડાદ્રવ દશશેર મેળવી ધીમે ધીમે અગ્નિ વધારી તે મિશ્રણ ઉકળવા દેવું. તેલ અને ક્ષાર દ્રવ એકત્ર થવા બાદ ફરીથી બામ હૈડ્રોમેટરના ૧૨ થી ૧૫ અંશ જેટલા પ્રમાણના તીવ્ર સોડાનું ૧૦ થી ૧૨ શેર પ્રવાહી મેળવી ઉકાળવું શરૂ કરવું. બન્ને પદાર્થો બરાબર મિશ્ર થાય એટલે તેને સ્થિર રાખી નીચે જામેલું પાણી કાઢી નાંખવું. બાદ મીઠાનો ઉપયોગ કરી સાબુને જુદો પાડવો, અને છુટું પડેલું પાણી કાઢી નાંખવું. પછી પાછું તેમાં ૧૮ થી ૨૦ અંશ જેટલું તીવ્ર સોડાનું પાણી ૧૫ થી ૨૦ શેર ઉમેરી ઉકાળવાનું શરૂ કરવું. આ પ્રમાણે ઉકાળતાં જ્યારે સાબુ બરાબર તૈયાર થાય ત્યારે સ્થિર રાખી નીચેનું પાણી કાઢી નાંખી સાબુને સંચામાં ઠારવો.

રાળનો સાબુ તૈયાર કરવાની રીત—સાબુ કિંમતમાં સસ્તો પડે એટલા માટે ઉપર મુજબ તૈયાર કરેલા સાબુમાં રાળ મેળવવામાં આવે છે. અગર તો તેનો સ્વતંત્ર રીતે, પણ સાબુ બનાવવામાં આવે છે. જો બીજા સાબુમાં રાળનો ભેળ કરવો હોય તો સાબુ બનાવતી વખતે છેવટનું સોડાનું પાણી ઉમેર્યા બાદ એટલે સાબુ બરાબર તૈ-યાર થવા બાદ તેમાં રાળનો બારીક ભૂકો કરી ઉમેરવામાં આવે છે.

ઉમેરવાનું પ્રમાણ જેટલી ચરબી અગર તેલનો તે સાબુ બનાવ્યો હોય તેનાથી ત્રીજા ભાગનું છે. પરંતુ તેમાંથી બનાવવામાં આવેલો સાબુ એટલી રાળ ખમી શકતો નથી. તેથી ચોથા ભાગની મેળવવામાં આવે છે. રાળ મળ્યા બાદ તે બરાબર મળી જાય એટલા માટે તેમાં ૧૮ થી ૨૦ અંશ જેટલું તીવ્ર સોડાનું દ્રવ્ય મેળવી સર્વ મિશ્રણ ઉકાળે છે. અને તેમાંથી થોડો એક નમુનો બહાર કાઢી ઠંડો પડયા બાદ તપાસી જોતાં જો તે ચક્ર કઠીણ, અને કાપતાં અંદરની બાજુથી ચકચકીત અને રવાદાર પડે તો રાળ બરાબર મિશ્ર થઇ એમ સમજે છે, અને કદાચ જો તેમ ન થાય તો ફરીથી ઉકાળે છે. રાળ મિશ્ર થયા બાદ તે સાબુ શુદ્ધ કરવો પડે છે, અને તે કામ સારૂ એ મિશ્રણને સ્થિર રહેવા દેઇ પાણીનો ભાગ કાઢી નાંખી પછી તેમાં બામ હાઇડ્રોમેટરના ૮ અંશ જેટલા તીવ્ર સોડાનું પ્રવાહી તે સાબુ રાબ જેવો પાતળો થાય તેટલું મેળવી ફરીથી ગરમ કરી સારી પેઠે હલાવે છે. જેથી તેમાંનો મેલ વિગેરે અશુદ્ધ પદાર્થો તળીએ બેસે છે. બાદ મિશ્રણ ગરમ નીચેનું પાણી કાઢી લેઇ ફરીથી તેમાં બામ હાઇડ્રોમેટરના ૪ અંશ જેટલું તીવ્ર દ્રવ [illegible] ભાગના જેટલુંજ મેળવી તે મિશ્રણ સારી પેઠે હલાવી થોડું એક ગરમ કરવું. બાદ સ્થિર રાખી નીચેનું પાણી કાઢી લેવું. અને ફરીવાર વીસ અંશ જેટલું તીવ્ર સોડાનું પ્રવાહી તેમાં ઉમેરી ફરીથી બે ત્રણ દિવસ સુધી સ્થિર રહેવા દેઇ નીચેનું પાણી કાઢી નાખી તેમજ ઉપર આવેલો ગર કાઢી લેઇ સાબુને સાંચામાં નાખી ઠારવે

રાળનો સાબુ તૈયાર કરવાની યુરોપખંડમાં ચાલતી રીત- અનુભવથી એવું જણાયું છે કે પ્રત્યક્ષ તેલમાં અથવા ચરબીમાં કે સાબુના ખેળ જેવા મિશ્રણમાં એટલે બરાબર તૈયાર ન થયેલા અપક્વ સાબુમાં જો રાળ મેળવી સાબુ બનાવવામાં આવે તો તે સારો બનતો નથી. અને તેથી સાબુ તૈયાર થયા બાદ તેમાં રાળનો પણ પાતળો સાબુ બનાવીને ઉમેરવામાં આવે છે એની કૃતિ એવી છે કે:—સાડા સાત હજાર શેર પાણીમાં રહે એવડી મોટી કઢાઇ લેઇ તેમાં એકહજાર શેર ચરબી ઘાલી ગરમ કરી પછી તેમાં બામ હાયડ્રોમેટરના ૭ થી ૮ અંશ જેટલું તીવ્ર સોડાનું દ્રવ ૭૫૦ શેર ખૂબ હલાવતા જઇને નાખે છે. બાદ અગ્નિની આંચ વધારે છે, અને અડધા કલાક સુધી તે મિશ્રણને ખૂબ હલાવે છે તેથી બન્ને પદાર્થો એકત્ર થઇ ખેળ જેવા ઘટ્ટ થઇ જાય છે. બન્ને પદાર્થો મેળવ્યા બાદ એક કલાકે તે મિશ્રણનો

ઉભરો થાય છે, અને જોરથી ખદખદવા લાગે છે, અને પુષ્કળ ફીણ આવે છે. આ વખતે અગ્નિની આંચ માફકસરજ રાખવી અને ખુબ જોરથી હલાવવું તેથી ઉભરો આવશે નહિ. છતાં પણ જો ઉભરો બંધ ન થાય તો તેના ઉપર પંદર વીસ ખોબા ઠંડું પાણી નાખવું, અથવા બે ચાર અંશ જોરનું તીવ્ર સોડાનું પાણી ઉમેરવું. જેથી ઉભરો બંધ થઈ ફીણ નાબુદ થશે. જે ભેગ થશે તે એકરસ, સફેદ કે પીળા રંગની થશે. બાદ મંદાગ્નિથી ઉકળવાનું ચાલુ રાખી બામ હાઈડ્રોમેટરના ૧૫ થી ૧૮ અંશ જોરનું તીવ્ર સોડાદ્રવ મેળવી હલાવવા જવું. દર બે કલાકે તે પ્રવાહી ૬૦ શેર મેળવતા જવું, એ પ્રમાણે આઠ કલાક સુધી પ્રવાહી મેળવવું તેમજ મંદાગ્નિ રાખી હલાવવાનું કામ ચાલુ રાખવું. છેવટનું પ્રવાહી મેળવ્યા બાદ નવું પ્રવાહી ન ઉમેરતાં કેટલાક એક કલાક સુધી માત્ર મંદ મંદ ઉકાળવાનુંજ ચાલુ રાખવું, જેથી ચરબી અને ક્ષારનું સંપૂર્ણપણે મિશ્રણ થશે. બાદ બામ હાઈડ્રોમેટરના ૨૦ થી ૨૫ અંશ જોરનું તીવ્ર સોડાનું દ્રવ ૧૫૦ શેર મેળવવું. તે એવી રીતે કે દર બે કલાકે ૬૦ શેર મેળવતા જઈ સારી પેઠે હલાવતા જઈ મંદાગ્નિથી ઉકાળતા જવું. એ કુલ્લ ૨૫૦ શેર પ્રવાહી મેળવી રહ્યા એટલે અગ્નિ બંધ કરી તે મિશ્રણને આઠ કલાક સુધી હલાવતા રહેવું. જેથી તે મિશ્રણ ઘટ્ટ થશે. આ બધી ક્રિયા કરવાને ૮ થી ૧૦ કલાક લાગે છે એ પ્રમાણે સાબુ તૈયાર થયા બાદ તેને પાણીમાંથી છુટો અલગ કરવાને માટે બામ હાઈડ્રોમેટરના ૧૫ થી ૨૦ અંશ જોરનું તીવ્ર સોડાનું પ્રવાહી ૭૫૦ શેર લેવું તેમાં ૫૦ થી ૬૦ શેર જેટલું મીઠું મેળવી તે મિશ્રણને થોડો એક વખત રહેવા દેવું અને તે ફરી બરાબર [illegible] થયેલું જણાય એટલે તેમાંથી થોડું થોડું લેઈ ઉપરના સાબુમાં મેળવતા જઈ હલાવતા રહેવું, અને મંદાગ્નિથી ઉકાળતા રહેવું. એ પ્રમાણે કરતાં બધું પ્રવાહી મેળવાઈ રહે એટલે સાબુની સ્થિતિમાં આપોઆપ ફેરફાર થાય છે, દાણાદાર સાબુ ઉપર આવે છે અને પછી [illegible] નીચે જઈ બેસે છે; બાદ તે મિશ્રણ પાંચ, છ કલાક સ્થિર રહેવા દેઈ નીચેનું પાણી કાઢી નાખવું.

નીચેનું પાણી કાઢ્યા બાદ તે સાબુમાં બામ હાઈડ્રોમેટરના ૨૫ અંશ જોરનું તીવ્ર સોડાદ્રવ ૭૫૦ શેર રેડી ગરમી શરૂ કરવી, ઉકળવાનું શરૂ થયું કે તે સાબુમાં પુષ્કળ ફીણ આવે છે, પરંતુ સાબુ પૂર્ણ રીતે શીઝે છે એટલે આ ફીણ નાબુદ થાય છે. પાંચ, છ કલાક એ

પ્રમાણે ઉકળ્યા બાદ તેમાંનું પ્રવાહી લેઇ ચાખી જોવું. જો તે તીખા-શપર લાગે તો સાબુ તૈયાર થયો એમ સમજી તેમાંનું ધીણું નાશ થાય ત્યા સુધી તેનું ઉકાળવાનું શરૂ રાખવું. પરંતુ જો તે ક્રમ ઉમને જરા પણ તીખું ન લાગે તો ફરીથી બામ હાઇડ્રોમેટરના ૩૦ અંશ જેટલું તીવ્ર સોડાદ્રવ ૭૫૦ શેર લેઇ તેમાં મેળવવું અને ચાર પચ કલાક સુધી એક સરખી રીતે હલાવતા રહેવું. જેથી સાબુ કઠીણુ, સફેદ, અને દાણાદાર થશે, અને ચપટીમાં દાબતાં કરકરો લાગી તેનું પતરૂં થઇ જશે. એ પ્રમાણે થાય એટલે આંચ બંધ કરી તેને ચાર, પાંચ કલાક ઠરવા દેઇ નીચેનું પાણી કાઢી નાંખવું. એ પાણી સુમારે ૨૭ વા ૨૮ બામ હાયડ્રોમેટરના અંશ જેટલું તીવ્ર હોય છે. અને તેમાં ગ્લિસેરાઇન પણ હોઇ વજનમાં ૪૦૦ થી ૬૦૦ શેર જેટલું હોય છે. એ મુજબ પાણી જુદું પાડયા બાદ શેષ રહેલા સાબુમાં ૫૮૦ શેર પાણી ઘાલી ઉપરા છાપરી હલાવતા જઇ ઉકાળવું જેથી તે સાબુ ઓગળી જઇ તેના ચપટા દાણા બની પ્રવા-હીમાંથી જુદા પડશે. જે ઓળખવાની રીત એવી છે કે સાબુમાં કડછી બોળી ઉંચે ઉંચકાને તેની ધાર કઢાઇમાં કરતાં સાબુ કડ-છીએજ ચોંટી રહે છે. અને માત્ર એકલું પ્રવાહીજ પાછું પડે છે, એમ થાય એટલે અગ્નિ બંધ કરવો અને કઢાઇ ઉપર ઢાંકણું ઢાંકી કેટલોએક વખત સ્થિર રહેવા દેઇ પછી નીચેનું પાણી કાઢી નાંખવું. આ પ્રમાણે કરવાથી મગ્ન જાતનો સફેદ સાબુ તૈયાર થાય છે. પછી તેમાં જો રાળનું મિશ્રણ કરવું હોય ૩૫૫૦ શેર પાણી રહે એવડી મોટી કઢાઇ લેઇ તેમાં ૭૫૦ શેર બામ હાઇડ્રોમેટરના ૩૦ અંશ જેટલું તીવ્ર સોડાનું પ્રવાહી નાંખી મંદાગ્નિ દેઇ ઉકાળવાં જ્યારે તે બરોબર ઉકળવા લાગે ત્યારે તેમાં મોટાં છીદ્રોવાળી ચાયણીવડે ચાળી કાઢેલી રાળ દર પાંચ મિનિટે ૧૫ થી ૨૦ શેર જેટલી મેળ-વતા જવી. બધી મળીને રાળ ૧૨૦૦ શેર જેટલી મેળવવી અને તે વખતે સારી પેઠે હલાવતા જઇ તે મિશ્રણ એકત્ર કરવું જેથી તે રાળ કઢાઇને ચોંટશે નહિ. રાળ મેળવતાં વચ્ચે વચ્ચે અગ્નિ મંદ કરતા જવું. કારણ રાળનો સાબુ ઘણોજ ફુલે છે, અને તેથી ઉભરાઇ જવાનો ભય રહે છે. તોપણ મધ્યમપણે તો અગ્નિ હોવોજ જોઇએ, કારણ બીલકુલ ઓછા અગ્નિથી તો તેનો કાળા રંગનો ઘટ ગોળો બાઝી જાય છે. લગભગ ૨૧૨ ફેરનહેટ જેટલી ગરમી રાખી હોય તો તે રાળ સ્વચ્છ, અને લાલાશ પડતા પીળા રંગની

આવ છે. તેમ છતાં જો તે ઉભરાય જરીજ એવી આગ્ની લાગ તો અગ્નિ કમતી કરી તેમાં ધ્ય, પંદર તોલા જેટલું પાણી નાંખવું. વળી ના મિશ્રણ બરાબર હલાવતા રહેવું, નહીં તો રાળ એકદમ ઉભરાણે એકી થઈ બેઠી રહેશે તેથી પ્રવાહી તેને બેઠી શકશે નહીં. ૧૨૦૦ ટેક રાળનો સાબુ થવાને સુમારે બે કલાક લાગે છે. આ પ્રમાણે તૈયાર થયેલો રાળનો સાબુ જોવા જોઈએ તેવો પાનનો હોય તેમાં રાળનો ભીંજાયેલ ગાંઠ ગઠ્ઠો ન હોય એવી સ્થિતિમાં આવે એટલે મોટી છીદ્રવાળી ચાળણીમાંથી ગાળી કાઢી તેને ઉપર કહેલી રીતે તૈયાર કરેલા ચરબીના સોડા સાબુમાં મેળવવો. અને તે સર્વે મિશ્રણને ખુબ હલાવવું. જો સોડા સાબુ પટ હોય તો તેને ગરમીવડે પાતળો કરવો અને સર્વે મિશ્રણ એકરૂપ થતાં સુધી ખુબ હલાવવું. બાદ એક થયેલ મિશ્ર થયેલા સાબુને ખુબ ઉકાળવો, અને પછી બીબામાં નાંખવો.

બીબામાં નાંખ્યા પછી તેના પર તર જામે ત્યાં સુધી દરેક બીબામાં તેને સારી રીતે હલાવતા રહેવું, બાદ ઠરો પડવા દેવો. આ પ્રમાણે તૈયાર કરેલો સાબુ કાગળ પાતળા લપસણીઆ રંગનો અંબર પીળા રંગનો હોય છે.

સોડા સાબુમાંથી રાળનો સાબુ બનાવવાની રીત—૧૦૦ ગ્રામ સાધે સોડા સાબુ લેઈ તેમાં ૨૫ ગ્રામ રાળ બારીક કરીને મેળવી. બાદ તેમાં બેથી ચાર ગ્રામ પાણાખાર અને ૧ થી ૨ ગ્રામ બારીક કરેલી કઠાડી મેળવી. પછી તે બધું કડાઇમાં નાખી પાણી મેળવી સારી પેઠે મિશ્ર થતા સુધી ઉકાળવું. રાળ નરમ તેમ નહિ એટલા માટે તેમાં મસાલુ કેમિક ૧ ગ્રામ, અને પાણી ૧૦ ગ્રામ મિશ્ર કરીને મેળવ. સર્વે પાણી એકરસ થાય અને પાણી બાષ્પ રહે એટલે તે સાબુને બીબાંમાં નાખવો.

કોપરેલ તેલનો સાબુ—સાબુ બનાવવાના સિવાય ચરબીઓમાં ચરબી આદ કરતાં સઘળાં વનસ્પતિજન્ય તેલોમાં કોપરેલ એ એક મુખ્ય પદાર્થ છે. કારણ એમાંથી બનાવવામાં આવેલો સાબુ સારો સોડ અને કઠિણ થાય છે. અને તેથી સાબુ જોવા જેવા પારદર્શક અરેબીઆમાં તે વારંવાર વપરાય છે. આ તેલમાં કરાયેલ સાબુમાં પાણી પુષ્કળ પ્રમાણમાં રહે છે, છતાં પણ તે એકદમ ગરમ કઠિન બને છે. એનો કુદરતી ગંધ પણ આવતો તેમાં નથી. એનો સાબુ ખાસ

રવું. એટલું કરવા છતાં પણ જો તે સાબુ કઠીણ ન થાય તો તેમાં પુષ્કળ મીઠું મેળવેલું ગરમ પાણી થોડું થોડું મેળવી ખૂબ હલાવવું જેથી કઠીણ થવાના ગુણ આવશે. તેને એક રાત રહેવા દેઇ પછી બીજા દીવસે મંદાગ્નિથી પાતળો કરી સંચામાં નાંખવો. અને બરાબર કઠીણ થતા સુધી હલાવતા રહેવું અને મધ્યમસર ગરમ હોય તે વખતેજ હલાવવું બંધ કરવું, નહિ તો પ્રવાહીથી તે સાબુ અલગ પડી જશે. આ મુજબ બનેલો સાબુ અત્યંત સફેદ કઠીણ થાય છે.

કાળા રંગના તેમજ ખરાબ સાબુમાંથી સારો સાબુ તૈયાર કરવો.—રાળનો સાબુ તૈયાર કરતી વખતે તે થયા બાદ બે ત્રણ દિવસ ઠરવા દેવાથી સાબુનું ઉપલું પડ જે બંધાય છે તે સફેદ રંગનું હોય છે, પરંતુ નિચેનો થર કાળા રંગનો હોય છે. તેમજ કોઈ પણ જાતનો સફેદ સાબુ બનાવતી વખતે પણ નીચેની બાજુએ કાળા સાબુનો થર રહે છે તે ફેંકી ન દેતાં દશ વીશ વખતનો એવો કાળો સાબુ ભેગો કરી તેને સુધારી તેમાંથી હલકી જાતનો બીજો સાબુ તૈયાર કરવો. એ કરવાની રીત એવી છે કેઃ—

કાળા રંગનો સાબુ લેઇ તેને કડાઇમાં નાંખી પછી બામહાયડ્રોમેટરના ૫ થી ૬ અંશ જેટલું તીવ્ર સોડાનું પ્રવાહી તે સાબુના વજનથી લગભગ દોઢ વજનનું લેઇ સારી પેઠે હલાવતા જઇ ઉકાળવું. જેથી તેમાંનો મેલ, બીજા અશુદ્ધ દ્રવ્યો, તેમજ રંગવાળો પદાર્થ છુટો પડી તળીએ બેસે છે, અને સાબુનો જે સારો ભાગ હોય તે ઉપર રહે છે, તેને હળવેથી કાઢી લેઇ સંચામાં નાંખવો. જો એકજ વખત સોડાનું પ્રવાહી નાંખવાથી મેલ વિગેરે છુટું ન પડે તો પછી બીજી વખત જે પ્રવાહી નાંખવું પડે તે તેનાથી પણ ઓછું તીવ્ર નાંખવું. એટલે બીજી વખત જે નાંખવું પડે તે ૫ અંશ જેટલું તીવ્ર નાંખવું, ત્રીજી વખત નાંખવું પડે તો તે ૪ અંશ, ચોથી વખત ત્રણ અંશ, અને પાંચમી વખત નાંખવું પડે તો તે બે અંશ જેટલું જ તીવ્ર નાંખવું.

સાબુમાં બીજા પદાર્થો મેળવવા.—સાબુ સસ્તી કીંમતે પરવડે એટલા કાજે તેમાં રાળ, ઘઉંનો લોટ, માટી, બીજા ક્ષારો, બટાટાનો આરો વિગેરે ચીજો મેળવવામાં આવે છે. પરંતુ સાબુમાં મેળવવાના સર્વે પદાર્થોમાં સોડા સીલીકેટ જેટલો ઉપયોગી છે, તેટલો

બીજી એક પણ ચીજ નથી. કારણ એના મિશ્રણથી સાબુમાં પાણી-
નો ભાગ વધારે રહી શકે છે એટલુંજ નહિ, પરંતુ સાબુને સ્વચ્છ અને
કઠીણ કરવાની પણ તેનામાં વિશેષ શક્તિ છે. વળી સફેદ સાબુમાં તેના
વજન જેટલો તેમજ રાતા સાબુમાં તેના વજન કરતાં થોડોક
વધારે આ મેળવ્યો હોય તોપણ ચાલી શકે છે, સાબુ તૈયાર થયા
બાદ આ પદાર્થ મેળવી સારી પેઠે મિશ્ર કરી તે સાબુને સંચામાં
નાંખવો તેથી તે સારી રીતે કઠીણ થાય છે, પાણીનો ભાગ વધારે
રહેવાથી વજન પણ પડે છે. કપડાં સ્વચ્છ કરવાનો ગુણ પણ વધે
છે, અને કિંમતમાં સસ્તો પડે છે.

બામહાયડ્રોમિટર એ શું?–સાબુ બનાવવાને માટે તૈયાર કરેલા
પોટાશ કે સોડાના પાણીમાં કાસ્ટિક પોટાશ અગર સોડાનું પ્રમાણ કે-
ટલું છે તે તપાસવાને માટે જે યંત્ર વાપરવામાં આવે છે તે હાયડ્રો-
મેટરના નામે ઓળખાય છે. એ યંત્ર જુદા જુદા મનુષ્યોએ બનાવેલું
છે, તેમાં બામ સાહેબે જે બનાવ્યું છે તે વિશેષ સોઈવાર હોવાથી તે
બામ હાયડ્રોમેટરના નામે ઓળખાય છે. આ યંત્ર વળી પીવાના
દારૂનાં ગુણ તપાસવાને માટે પણ વપરાતું હોઇ મુંબઈમાં કેમ્પની કંપ-
નીમાં તેને વાપરવાની રીત સાથે લગભગ ચીરેક રૂ. ની કિંમતે વેચાય
છે. માટે જરૂર હોય તેણે ત્યાંથી મંગાવવું. આ યંત્રની સાધારણ
રચના એવી છે કે એક કાચનો ગ્લાસ હોય છે તેમાં ક્ષારનું પાણી
ભરી પછી તેમાં યંત્રની શેશ, જાડી બાજુ નીચેની તરફ જાય એમ
યંત્રને મૂકવાથી તેનો કેટલોએક ભાગ પાણીમાં ડુબે છે અને બાકીનો
ભાગ બહાર રહે છે. તેથી પાણીની સપાટી બરાબર ડુબેલા ભાગ પર
જે આંકડો હોય તેટલા અંશ જેટલું એ દ્રવ તીવ્ર છે એમ સમજાવ-
વું. જો કાસ્ટિક સોડા અથવા કાસ્ટિક પોટાશ ન વાપરતાં પાપડ
ખારમાંથીજ સાબુ બનાવવો હોય તો તે નીચે મુજબ બનાવવો.

પાપડખારમાંથી સાબુ બનાવવાની રીત–દશશેર પાણીમાં
અઢી શેર કળી ચુનો ઉમેરીને તેને ઠરવા દેઇ ચોખ્ખું પાણી નીતારી
લેવું. બાદ પાંચ શેર ચોખ્ખો પાપડખાર લેઇ તેને વીશશેર પાણીમાં
ઓગાળી તેમાં ચુનાનું પાણી મેળવી ચુલે મુકી ઉકાળવું જ્યારે ઉકળી
રહે ત્યારે તેમાં પીસ્તાલીશ શેર મહુડાનું તેલ અથવા બીજું કોઇ
પણ જાતનું તેલ ઉમેરીને ઉપર કહેલી રીત મુજબ સાબુ બનાવવો.

એ પ્રમાણે અગ્નિની આંચથી બનાવવાના સાબુઓની મુખ્ય રીતો કહી. પરંતુ તેવી કડાકુટ ન કરતાં જો ઠંડી રીતે સાબુ બનાવવો હોય તો તે નીચે મુજબ બનાવવો.

ફક્ત વીશ મિનિટમાં તૈયાર થાય એવો સાબુ—લોઢાનું એક સ્વચ્છ વાસણ લેઇ તેમાં ૪૫ શેર ચોખ્ખું પાણી નાંખી ડગલ ગ્રિડાઇન્ડ એટલે એ વખત શુદ્ધ કરેલો સેંકડે ૯૮ ભાગ જેટલા પ્રમાણવાળો શુદ્ધ કાસ્ટિક સોડા દશ શેર મેળવી ખુબ હલાવવું એટલે તે પાણી ગરમ થાય છે. જે ઠંડુ થતા સુધી જેમને તેમ રાખવું. બાદ ૬૮ શેર પાણી સમાય તેવડી લોઢાની અથવા લાકડાની કડાઇ લેઇ તેમાં શુદ્ધ કરેલી પાતળી ચરબી અથવા વનસ્પતિનાં બીજમાંથી કાઢેલું તેલ જેવું કે એરંડીયું, ડોળીયું, કોપરેલ, તલનું તેલ વિગેરેમાંથી એકાદ લેઇ ૭૫ શેર નાંખવું. જો ચરબી હોય તો મંદાગ્નિ ઉપર પાતળી કરીને નાંખવી. તેલ હોય તો ગરમ કરવાની જરૂર નથી. પછી તે તેલમા સોડાનું પ્રવાહી પાતળી ધારથી એક સરખી રીતે રેડવું. ધાર વચ્ચે બંધ ન પાડતાં એક સરખી રીતેજ કર્યા જવી. અને ત્રણ ઇંચ પહોળાઇના લાકડાના કડછાથી તેને ધીમે ધીમે હલાવતા જવું. બન્ને ચીજો બરાબર રીતે મધની માફક મિશ્ર થાય એટલે હલાવવાનું કામ બંધ કરવું, નહિ તો તેલ અને પાણી છુટાં પડવા લાગશે. હલાવવાનું કામ તેલની જાત અને હવા પાણીને લેઇને વધારે ઓછી વાર કરવું પડે છે. તો પણ ઘણું કરીને ૧૫ થી ૨૦ મિનિટમાં પુરૂં થાય છે. એ પ્રમાણે મિશ્રણ તૈયાર થયા બાદ તેમાં સુગંધીના માટે જે જાતનું અત્તર વિગેરે મેળવવું હોય તે મેળવી મિશ્રણને લાકડાના સંચામાં ઢારવું જેથી તેમાં ચોરસાં બંધાશે. આ સંચાને પ્રથમ અંદરની બાજુએ પાણી ચોપડી ભીનો કરી પછી તેમાં આ મિશ્રણ રેડવું જેથી સાબુ અંદર ચોંટશે નહિ. જો રંગીન સાબુ બનાવવો હોય તો પોટાસ બાયક્રોમેટ ૧ા તોલો લેઇ તેને કાસ્ટિક સોડાના થોડાએક પાણીમાં ઓગાળી પ્રથમથીજ તેલમાં મિશ્ર કરવો જેથી સરસ લીલા રંગનો સાબુ તૈયાર થશે. જો પીળો રંગ જોઇતો હોય તો એક શેર તાડનું તેલ ગરમ કરી તેલ અથવા ચરબી જે ઉપયોગમાં લેવાનું હોય તેમાં મિશ્ર કરી પછી સોડાનું પાણી ઉમેરવું તેથી પીળા રંગનો સાબુ થશે. જો તપખીરીઆ રંગનો સાબુ કરવો હોય તો અધોશેર સાકર લેઇ તેને બંધ ઢાંકણાના વાસણમાં નાંખી તે કાળી થઇ જાય નહિ ત્યાં સુધી બાળવી બાદ તેને સવા શેર પાણીમાં ઓ-

આગી તે પાણી પ્રથમ તેલમાં મેળવી પછી તેમાં સોડાનું પાણી ઉમેરવું તેથી વીન્ડસર સોપ જેવો સરસ તપખીરીઆ રંગનો સાબુ થશે. એ પ્રમાણે મન પસંદ રંગ ઉમેરેલા તે સાબુને લાકડાના સંચામાં નાંખ્યા બાદ તે સંચાપર અનુક્રમ ગુંડાળી ગરમ હવા વાળી ઓરડીમાં તેને ચોવીસ કલાક સુધી જેમને તેમ બંધ રહેવા દેઇ પછી સંચો ખોલીને જોતાં તેમાંથી ૧૩૦ શેર વજનનો સાબુનો ગોળ તૈયાર થયેલો માલુમ પડશે. જે તારવડે કાપી તેનાં જોઇતા આકાર કદના ચોરસાં બનાવી સંચામાં દાબી જોઇતા અક્ષર નાખી વિગેરે કાઢવી.

આ રીતે સાબુ તૈયાર કરવામાં મુખ્ય બાબતનો એ ધ્યાનમાં રાખવાની છે કે તેલમાં મેળવવા પહેલાં સોડાનું પાણી બરાબર ઠંડું થવા દેવું.

ચરબી હોય તો તે વધારે ગરમ ન હોતાં પાતળી રહે એટલીજ સાધારણ ગરમ હોવી જોઇએ.

બંને ચીજોનું વજન વધારે ઓછું ન હોતાં ઉપર કહ્યા મુજબ બરાબર હોવું જોઇએ. સોડાનું પાણી તેલમા રેડવું, પરંતુ તેલ કે ચરબી સોડાના પાણીમાં રેડવાની ભૂલ કરવી નહીં.

ચરબી તેમજ તેલ બરાબર ચોખ્ખું હોવું જોઇએ. જો ગમ્બોના ખોરાના જેમનો વહેમ આવતો હોય તો તેને ઉના પાણીમાં નાંખી ઉકાળી સાફ કરી લેવા છ પછી ઉપયોગમાં લેવી.

એટલી સંભાળ લેઇ સાબુ તૈયાર કર્યા છતાં પણ જો તે કર્યા બાદ ખામીઓ અને ચિકાશ માલુમ પડે તો સમજવું કે મિશ્રણ ક-લાવવાનું કામ બરાબર થયું નથી. જો તે સાબુ ચાખીને ચમકદાર ઝેર દાહની અસર કરવાવાળો સમજાય તો જાણવું કે તેમાં સોડા વધારે પડ્યો છે. જો કદાચ તે સાબુ નરમ અને તેલકટ જણાય તો તેલ વધારે પડ્યાનું સમજવું. અને પછી તે સાબુને દુરસ્ત કરવાને માટે એવા ઉપાયો કરવા કે સાબુને કડાઇમાં નાંખી તેમાં થોડુંક પાણી નાંખી સારી રીતે હલાવતા જઇ અગ્નિવડે પકાવવો તેથી સારી રીતે મિશ્ર થઇ હલાવવાની કસરથી બગડેલો સાબુ સારો થશે. કદાચ સોડા વધારે પડવાથી તે સાબુ દાહક અસર કરવાવાળો બન્યો હોય તો તેમાં થોડું એક વધારે સોડાનું કળ્ય મેળવી સીઝવવું-તેથી બગડી ગયેલો સાબુ પણ સારો થશે. પરંતુ પ્રથમથી જ જો બરાબર કાળજી રાખી

[illegible] મટી તેમા પાણી, ખાડો, કે વાગમાં [illegible] નથી.

[illegible] ગીત એવી છે કે કોઇ પણ જ- [illegible] ફરી તેમા વાકડામાથી કાઢેલો ડામર [illegible] નામના ઔષધમાં ઓગાળીને મેળ- [illegible] આપણે હારશે.

[illegible] ૨૫ થી ૩૦ ભાગ જેટલો [illegible] છે.

[illegible] **બનાવવાની રીત**—[illegible] ચરબીમાંથી [illegible] તેલ [illegible] સાબુ [illegible] સાબુ [illegible] પછી અગ્નિ [illegible] તેમાં ગુલાબનું તેલ તોલા [illegible] આ [illegible] અને તેનો ગુલાબના જેવો [illegible] પણ સારી હોય છે.

[illegible] ચૂર્ણ ૨૫ [illegible] તેલ ૧૨ાા તોલા, તે- [illegible] તેલ ૧૨ાા [illegible] ચૂર્ણ મેળવી [illegible]

[illegible] કોપરેલ તેલ ૫૦૦ [illegible] તેલ ૫૦ [illegible], ગ્લિસેરાઇન [illegible] અસનું [illegible] નાખી ગરમ [illegible] અને હલાવતા જવું [illegible] એ તૈયાર થયેલો સાબુ [illegible] ૧૦૦ પાઉન્ડ ઉમેરવો, [illegible] હલાવવું બાદ તેમા સાકરની

ખાસખી ૧૫૦ શેર મેળવવી બાદ મન પસંદ સુગંધિ મેળવી સંચામાં નાંખવો.

લેમન સોપ—સફેદ સાબુ ૫૦ શેર, ખડુ અથવા ચોખાનો આટો ભરેલ, લીંબુનું તેલ ૧૦ તોલા, બરગેમાટ તેલ ૫ તોલા, રોઝમ ૫ તોલા, લવિંગનું તેલ ૨॥ તોલા, લેઈ પ્રથમ સાબુને કડાયમાં નાંખી પાતળો કરી પછી તેમાં હળવે હળવે હલાવતા જઈ આટો મેળવવો. બાદ તેમાં કેસરી રંગ મેળવી સાબુને ઠંડો પડવા દેઈ સુગંધિ મેળવી સંચામાં નાંખવો.

ઓરેન્જ સોપ—સફેદ સાબુ ૫૦ શેર, ખડુ અથવા ચોખાનો આટો ભરેલ, એ પ્રમાણે ચીજો લેઈ પ્રથમ સાબુને અંગારિવડે પાતળો કરી પછી તેમાં લોટ નાંખી હલાવી મિશ્ર કરવો. બાદ નારંગી રંગ નાંખી થોડી એક વાર ઉકાળવું. અને ઠંડુ પડતાં તેમાં નારંગીની છાલનું તેલ ૨૦ તોલા, તજનું તેલ ૧। તોલો, થાઇમ તેલ પાંચ તોલા મેળવી સંચામાં નાંખવો.

હની સોપ—પીળો સાબુ ૭ શેર, તાડના તેલનો સાબુ ૧ શેર લેઈ એકત્ર કરી પછી તેમાં સાકર અને લીંબુનું તેલ ૧॥ તોલા, રોઝમ ૮ માસા, અને કપારીવાનું તેલ ૪ માસા મેળવવું.

હીનાનો સાબુ—સફેદ સાબુ ૧૦ શેર લેઈ તેને પાતળો કરી તેમાં લાલ, કેસરી અથવા ગુલાબી રંગ મેળવી સાબુ ઠંડો થયા બાદ તેમાં હીનાનું અત્તર બેથી પાંચ તોલા જેટલું મેળવવું.

મોતીઓ સાબુ—સફેદ સાબુ ૧૦ શેર લેઈ ગરમ કરી તેમાં બેથી પાંચ તોલા જેટલું મોતીઆનું અત્તર મેળવવું. પછી સંચામાં ઢાળવો.

કેવડાનો સાબુ—સફેદ સાબુ પાંચ શેર, તથા પીળો સાબુ પાંચ શેર, લેઈ ગરમ કરી એકઠા કરવા. અને જો તેને કેવડાના જેવો રંગ ન આવે તો થોડોએક પીળો રંગ મેળવી ઠંડો પડવા દેવો. બાદ તેમાં બેથી પાંચ તોલા કેવડાનું તાજું અત્તર મેળવી સંચામાં નાંખવો.

પાચનો સાબુ—તાડના તેલનો સાબુ ૧૦ શેર લેઈ તેમાં દોઢથી ચાર તોલા જેટલું પાચનું અત્તર મેળવી સંચામાં નાંખવું.

મરકે સોપ—સફેદ સાબુ ૧૦ શેર, તાડના તેલનો સાબુ ૪૦ શેર લેઈ એકઠા કરી અંગારિ ઉપર મુકી પાતળા કરવા, બાદ જોઈતી સાકર મેળવી તેથી તપખીરીઓ રંગ પકડશે. ઠંડા થયા બાદ તેમાં

કસ્તુરીનું તેલ તોલા ૧૦॥, બરગેમાટ તેલ તોલા ૧૦॥, અને લવિંગ ગુલાબ કળી તથા જુલ્ફી ફ્લૉવરની ભુકી તોલા ૨૦॥ મેળવી સંચામાં નાંખવો.

ઔષધીય સાબુ—ખસ, દાદર, ખુજલી, ખરજવાં વિગેરેના માટે આજકાલ ઔષધોના મિશ્રણવાળો પણ પુષ્કળ સાબુ વપરાય છે. તેમાં નીચેના સાબુઓ મુખ્ય છે.

કાર્બોલિક સોપ—પ્રથમ સફેદ સાબુ લેઇ ગરમ કરી પાતળો કરવો. અને તે ઠંડો થાય પરંતુ પાતળો હોય તે વખતે તેમાં દર સો ભાગ સાબુમાં બે, પાંચ, દશ અગર વીશ ભાગ જેટલો કાર્બોલિક એસિડ મેળવી પછી સંચામાં નાંખવો. સુકાયાબાદ તેની જોઈતા કદની ગોટીઓ પાડી તેના ઉપર કાર્બોલિક સોપ એવું નામ અને તે ઔષધ જેટલા ટકા હોય તેનું પ્રમાણ છાપવું. જે સાબુમાં કાર્બોલિક એસિડ વધારે પ્રમાણમાં હોય તે મોટા માણસના અને થોડા પ્રમાણમાં હોય તે બચ્ચાંના શરીરે ચોળવામાં વપરાય છે.

સલ્ફર સોપ—સફેદ સાબુ બશેર અને ગંધકનાં ફુલ (સલ્ફર સબ્લાઇમ્ડ) ૦॥ શેર લેઇ બન્ને પદાર્થોને ખાંડણી દસ્તાથી કુટી એકત્ર કરી પછી તેમાં ૨॥ થી પાંચ તોલા જેટલો રેક્ટિફાઇડ સ્પિરિટ મેળવવો. એ સ્પિરિટમાં પ્રથમ આલ્કાનેટ નામનો રંગ મેળવી પછી સાબુમાં મેળવવો. ત્યાર બાદ તેમાં સુગંધિ લાવવા માટે થોડું ગુલાબી અત્તર મેળવવું. આલ્કાનેટ રંગ ન મળે તો તેના બદલે સુરંગીના મૂળનું ચૂર્ણ મેળવવું.

ટાર સોપ—કોપરેલ તેલ ૨૦ શેર, ચરબી ૧૦ શેર, ડામર પાંચ શેર, બામડાયડ્રોમેટરના ૪૦ અંશ જેટલું તીવ્ર સોડા દ્રવ ૧૫ શેર લેઇ પ્રથમ કોપરેલ, ચરબી અને સોડાનો ઠંડી રીત પ્રમાણે સાબુ કરી પછી તેમાં ડામર મેળવી સંચામાં નાંખવો. આ સાબુમાં રંગ સુગંધિ વગેરે નાંખવામાં આવતા નથી.

ટેનિન સોપ—પ્રથમ સફેદ સાબુ લેઇ ગરમ કરી પાતળો કરવો. અને પછી તેને ઠંડો પડવા દેઇ જ્યારે તે પાતળો હોય તે વખતે તેમાં સાબુના દર સો ભાગમાં ત્રણ ભાગ જેટલો ટેનિક એસિડ મેળવી સંચામાં નાંખવો.

ડીસઈન્ફેક્ટન્ટ સોપ—ઉપર મુજબજ બનાવવો. ફરક માત્ર એટલોજ છે કે ટેનિક એસિડના બદલે કાર્બોલિક એસિડ દર સો ભાગે બેથી ચાર ભાગ જેટલો ઉમેરવો.

થાયમલ સોપ—ઉપર મુજબ સાબુને ગરમ કરી તે ઠંડો પડ્યા બાદ તેમાં સેંકડે બેથી પાંચ ભાગ થાયમલ ઉમેરવું. દાદર માટે આ સાબુ અતિ ઉત્તમ છે.

આયોડીન સોપ—આ સાબુ પણ સફેદ સાબુને પાતળો કરીને તેમાં દર સો ભાગે બે ભાગ આયોડીન ઉમેરીને બનાવવામાં આવે છે.

એ સિવાય બીજાં અનેક ઔષધો ઉમેરીને વિધવિધ જાતના સાબુઓ બનાવવામાં આવે છે. તે સર્વે બનાવવાની રીત એક સરખીજ છે. એટલે પ્રથમ સારી જાતનો સફેદ સાબુ લેઈ તેની સારી પેઠે કાપી ગરમ કરી પાતળો કરવામાં આવે છે, અને તેમાં નાંખવામાં આવતા ઔષધનો કસ બળી જાય નહિ એટલા માટે તેને ઠંડો પડવા દેઈ પાતળો હોય તે વખતે જે જાતનું ઔષધ ઉમેરવાનું હોય તે નાંખી મિશ્ર કરવામાં આવે છે. જુદાં જુદાં ઔષધોનું માપ જુદું જુદું છે. જેમકે:—કાટને ઓઇલ ઉમેરવું હોય તો દર સેંકડે બે ભાગ, બેનઝોઇક એસિડ ઉમેરવો હોય તો તે પણ બે ભાગ, એરંડીયું કે આસલેટ ઉમેરવું હોય તો દર સેંકડે ૧૦ ભાગ ઉમેરાય છે. વળી જો ટરપેનટાઇન ઉમેરવું હોય તો દર સેંકડે પાંચ ભાગ, ક્રીયોસોટ હોય તો બે ભાગ, મીણ હોય તો તે ૧૦ ભાગ, કંકુખાર હોય તો તે દર સેંકડે ૧૦ ભાગ. અને પારો હોય તો તેનો પ્રથમ દર સો ભાગ સાબુમાં ૭ ભાગ જેટલો ઉમેરવામાં આવે છે.

આ પ્રમાણે પ્રથમ સફેદ સાબુને ગરમીવડે પાતળો કરી તેમાં જોઇતો રંગ સુગંધિ વિગેરે મેળવીને શરીરે લગાડવાના સાબુઓ જોકે બનાવવામાં આવે છે; પરંતુ તે ગરમ ન કરતાં સફેદ સાબુને જો દળીને કુટીને અથવા યંત્રમાં દાબીને જોઇએ તેવો નરમ કરીને પછી તેમાં રંગ વિગેરે મેળવવામાં આવે તો એ રીતે બનાવેલો સાબુ વધારે સાફ-દાર બને છે. અને તેથી વિલાયત અમેરિકા વિગેરે દેશોમાં એ મુજબ કરવાને મોટાં મોટાં યંત્રો પણ તૈયાર કરવામાં આવ્યાં છે. પરંતુ આ દેશમાં નાના પાયા ઉપર કામ કરનારે મુગર, કીજુ જાતના પથ્થરની શીલા ઉપર સફેદ જાતનો સાબુ નાંખી જેમ પાપડનો લોટ કુટીએ છીએ તેમ કુટી કુટીને એકરસ કરવો. અને પછી તેમાં રંગ સુગંધિ વિગેરે નાંખી તે પણ કુટતા જઇને મિશ્ર કરવાં.

જો સારા પાયા પર કામ ચાલતું હોય અને એમ કુદરતનું ન ફાવતું હોય તો કાચા પથ્થરના બે રૂલ તૈયાર કરી તેમને શેરડી પીલવાના સંચા જેવા લોખંડના સંચામાં બેસાડવા. (એ સંચો શેરડીના સંચા જેવો ઉભો નહિ, પરંતુ આડો હોવો જોઇએ.) પછી તેમના નીચે એક ચોખ્ખું લોખંડનું તગારૂં મૂકી રૂલો ઉપર કાતરેલા સાબુની પતરીઓ મૂકી એક રૂલનો ડાંડો હાથ વડે ફેરવવો. એટલે તે સાબુ પીસાઇ માખણ જેવો થઇ નીચેની રકાબીમાં પડશે. પછી તેમાં રંગ સુગંધિ વિગેરે મેળવી લાકડાના સંચામાં ખૂબ દાબી દાબીને ભરવો. અથવા લાકડાના હથોડા વડે ઠોકી ઠોકીને ગચ્ચ બેસાડવો. અગરજો એમ કરવું ન ફાવે તો ૫ા થી એક મણ સાબુ રહે એવડી પીતળની એક નળી તોપના આકારની તૈયાર કરી તેના મ્હોડા નજીક અંદરની બાજુએ બીજી ચોરસ નળી ઉભી બેસાડવી; બાદ તે તોપ જેવી નળીનું મ્હોડું નીચેની તરફ રહે તેમ લાકડાના પાટડામાં ઉભી મજબુત બેસાડવી. જમીનથી તેનું મ્હોડું સુમારે ચાર ફુટ ઉચું રહેવું જોઇએ. બાદ તે નળીમાં રંગ વિગેરે મેળવેલો સાબુ ભરી પીચકારીના દાટા જેવા આકારના લાંબા મગીઆવડે તે સાબુને ખૂબ જોરથી દાબવો જેથી મ્હોડા વાટે ચોરસ આકારનો લાંબો લાટો નિકળશે તે કાપી લેતા જવો.

એ પ્રમાણે નિકળેલા લાટા સુકાયા બાદ તેમાંથી જોઇતા આકારની ગોટીઓ તારવડે કાપી લેઇ પછી તેને ફ્રેમમાં દાબી સિક્કા અક્ષર વિગેરે ઉઠાડવા.

એ મુજબ જુદા જુદા ઉપયોગમાં વપરાતા જુદી જુદી તરેહના કઠીન સાબુઓનું વર્ણન કર્યું. એ સિવાય વળી હાલના જમાનામાં "સાબુનો અર્ક" એવા નામથી અનેક જાતના પાતળા અને સુગંધિદાર સાબુઓ તૈયાર કરવામાં આવે છે. પરંતુ તેમાં વિશેષ હકિકત ન હોતાં એટલું છે કે રેક્ટિફાઇડ સ્પિરિટમાં સફેદ સાબુને પીગળાવી પછી તેમાં ગ્લીસરીન પોટાશ મેળવી તૈયાર કરે છે. આ કામ માટે વપરાતો સફેદ સાબુ વનસ્પતિ જન્ય તેલોમાંથી તૈયાર કરેલો હોવો જોઇએ, કારણ પ્રાણીજમાંથી તૈયાર કરેલ સાબુ ઠંડો થવા બાદ ઘટ થઇ જાય છે. પરંતુ સાબુનો અર્ક તો પારદર્શક રહેવો જોઇએ. અને તેથી પ્રાણીજથી બનાવેલા સાબુ આ કામમાં વાપરવા નથી.

સાબુનો અર્ક બનાવવાની રીત—સફેદ સાબુ તોલા ૧૨ા, રેક્ટિફાઇડ સ્પીરીટ તોલા ૧૦૦, અને પોટાસ કાર્બોનેટ તોલા બે લેઇ સાબુની બારીક છોલ કરી ૧૦ શેર પાણી સમાય એવડા બાટલામાં ભરી તેમાં સ્પીરીટ અને પોટાસ મેળવી પછી તે બાટલાને ગરમ રેતી ઉપર મૂકી મંદાગ્નિથી ગરમ કરવી, જેથી સઘળો સાબુ ઓગળી જશે. સાબુ બરોબર ઓગળે એટલે ઉભરાતા બંધ કરી પછી તેમાં જીરેનમ તેલ તોલો ૦ા, અને હારલેના તેલ તોલો ૧ મેળવી પછી સુમારે ૦ાા તોલો કેસર મેળવવું તેથી પીળો રંગ આવે છે. બાદ બાટલીમાં ભરી રાખવો.

બીજી રીત—સફેદ સાબુ તોલા ૭ા, પોટાસ કાર્બોનેટ માસા ૪, આલ્કોહોલ તોલા ૮૫, લવન્ડર વોટર તોલા ૧૫ લેઇ ઉપરની રીત પ્રમાણે અર્ક તૈયાર કરી ગાળી લેઇ પછી બાટલીમાં ભરી રાખવો.

આ પ્રમાણે તૈયાર કરેલા અર્કો હજામત કરવામાં ઘણા વપરાય છે. અને તે વાપરવાની રીત એવી છે કે એક ઔંસ અર્ક લેય તેને પાંચથી દશ તોલા પાણી સાથે મેળવીને વાપરવો.

સાબુની પરીક્ષા—સાબુ આપણને શા બારે પડે છે, અને તેમાં કીયા કીયા પદાર્થો શું શું પ્રમાણમાં મિશ્ર થયા તે સમજવાને માટે તેનું પૃથક્કરણ કરવું પડે છે. અને તે કરવાની રીત એવી છે કે સાબુના એક ટુકડાનું વજન કરી તેને ગરમ પાણીમાં ઓગાળવો અને પછી તેમાં થોડે થોડે સલ્ફ્યુરિક એસિડ નાંખવો. એસિડ નાંખવાથી પ્રવાહી ખદખદવા માંડશે, પરંતુ જ્યારે ક્ષાર સાવ ઓગળી જાય એટલે તેજાબ નંખાશે એટલે ખદખદતું બંધ થશે અને તે પ્રવાહીની સપાટી ઉપર તેલનો ભાગ તરતો દેખાશે. જે કેટલોએક વખત તે મિશ્રણને સ્થિર રાખી મૂકવાથી ઘટ્ટ થાય એટલે ઠરાવે રહીને કાઢી લેઇ તેનું વજન કરવું. જો એ તેલ જલદી ઘટ્ટ ન થાય તો તેમાં સફેદ મીણ પાતળું કરીને તે સાબુના વજનથી બે તૃતીયાંશ જેટલું ઉમેરવું. જેથી તે મીણ ઘટ્ટ થતાં તેની સાથે સ્નિગ્ધ પદાર્થ પણ ઘટ્ટ થશે. બાદ તે ગોળો બહાર કાઢી તોલ કરવો અને તેમાંથી મીણનું વજન બાદ કરતાં બાકી જે રહે તેટલું વજન એ સાબુમાં તેલનું છે એમ સમજવું. જો કદાચ સુગંધિવાળા સાબુની પરિક્ષા કરવામાં આવી હોય તો તે સાબુમાં જેટલું સુગંધિ દ્રવ્ય નાંખવામાં આવ્યું હોય તે બાદ કરતાં બાકી રહે તેટલું તેલનું વજન સમજવું.

રીતે ઠારવામાં આવે તો તે સાબુ જેવો ચીકણું થઈ જાય છે. તેની
ભૂકી કરીને એ કાગળ ઉપર ઘસવામાં આવે તો તેનાથી તેમનો
ડાઘ પડતો નથી. કાગળી વડે [illegible] બહારથી ધાર કરવામાં આવે
તો તેના બારીક, ઝીણા, અને પારદર્શક તાર થાય છે. તેમજ એ
ચિકણું કાચ જેવું પારદર્શક દેખાય છે. અને ઉપર કહ્યા મુજબ તેની
પરીક્ષા કરી જોતાં તેમાં [illegible] ભાગ કરતાં વધારે પ્રમાણમાં [illegible]
ભાગ (સાબુના સ્વરૂપમાં આવ્યા સિવાયનો છૂટો તેલનો ભાગ)
રહેલો જણાય નહીં.

સાબુના સ્વરૂપમાં આવ્યા સિવાય એમને એમ રહેલા ભાગ અને
તેથી સાબુને છૂટો પાડવાને જે બીજું નાંખવાની ક્રિયા કરવામાં
આવે છે. તેની બારીકી આપવા [illegible] આવ્યું છે કે આ પ્ર
માણે ક્રિયા કરવાથી જે સાબુ છૂટો પડે છે તે દાણાદાર હોય છે.
એ દાણાદાર સ્થિતિ સમજવી એ પૂરા અનુભવનું કામ છે. તેમજ
સાધારણ [illegible] એવી છે કે જ્યારે સાબુ છૂટો પડી જાય છે.
ત્યારે તે જેમ દાણા ઉપર આવતું જાય તેમ ઉપર તરે છે, અને
પાણી નીચે રહે છે. પાણી [illegible] સાબુ ઉપર તરતું નથી, અને
[illegible]
સાબુ અને પાણી છૂટું પડી ગયું છે કે નહિ તે સમજવી [illegible]
[illegible]
[illegible]
અને સાબુ ન [illegible] રહે છે, [illegible]
[illegible]
[illegible]
[illegible] ક્રિયા પૂર્ણ થઈ.

એ રીતે સાબુ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

સ્થિર રહેવા દેઇ નીચેનું પાણી કાઢી નાંખવું, અને બીજું વધારે ક્ષારના મિશ્રણવાળું પાણી ઉમેરવું. આ વખતે મીઠું નાંખવું નહિ. એ પાણી માંહેલો ક્ષારનો ભાગ પણ જે સાબુ ચુસી લે તો તેને પણ કાઢી નાંખી બીજું પાણી ઉમેરવું. એમ કરતાં કરતાં જ્યારે નાંખેલા પાણીની તીખાશ ન જતાં એમની એમ કાયમ રહે ત્યારે સમજવું કે હવે સાબુમાં રહેલા સ્નિગ્ધ પદાર્થને જોઇતું ક્ષાર દ્રવ્ય મળી ચુક્યું. માટે હવે વધારે ક્ષાર તે શોષશે નહિ એમ સમજી અગ્નિ બંધ કરી તે કઢાઇને સ્થિર રહેવા દેવી. જેથી સાબુ ઉપર તરશે અને બીજું પ્રવાહી નીચે બેસશે. એટલે તે પાણીને કાઢી નાંખી સાબુ લેઇ લેવો. આ પ્રમાણે કરવાથી જ્યારે સાબુ તૈયાર થાય છે ત્યારે તેનો સાબુ જેવોજ વાસ આવે છે, અને ચપટીમાં દાબવાથી નરમ પતરૂં થઇ જાય છે. પરંતુ આંગળીઓને ચોંટતો નથી. માટે જ્યારે એમ સમજાય ત્યારેજ બરાબર સાબુ થયો છે એમ સમજવું. જે મીઠાવડે સાબુને કાપીને દાણાદાર કરવાની ક્રિયા વખતે જ આવો જાતનો સાબુ તૈયાર થઇ જાય તો તેને ધોઇ સાફ કરવાને માટે ક્ષાર મિશ્રિત પાણીની જરૂર નથી. માટે તે ન વાપરતા માત્ર સાદા પાણીવડેજ સાબુને ધોવો. તે પાણી માત્ર સાબુ એક જીવ થાય તેટલુંજ ઉમેરવું. કેમકે વધારે પાણી ઉમેરવાથી સાબુમાં પાણીનો ભાગ વધારે રહે છે.

કોપરેલ તેલ સિવાય બીજા કોઇ પણ જાતના તેલનો સાબુ કરતી વખતે શરૂઆતમાં હાઇડ્રોમેટરના ૮ થી ૧૦ અંશ કરતાં વધારે તીવ્ર સોડાનું પ્રવાહી વાપરવું નહિ. પણ જો કોપરેલ તેલનો બનાવવો હોય તો શરૂઆતમાંજ ૨૦ અંશ પ્રમાણનું તીવ્ર દ્રવ વાપરવું. પરંતુ જો કોપરેલ તેલ સાથે બીજા તેલોનું મિશ્રણ હોય તો તેનો સાબુ બનાવવાને માટે પ્રથમ હલકા પ્રકારનુંજ ક્ષાર દ્રવ્ય વાપરવું.

તૈયાર થયેલા સાબુમાં જો સાબુના સ્વરૂપમાં આવ્યા સિવાયનો ક્ષારનો ભાગ વિશેષ હોય તો તેનો શરીરે ચોળવાનો સાબુ બનાવવાથી તે દાહક અસર કરનારો થાય છે. માટે તેની પ્રથમ ઉપર કહ્યા મુજબ પરીક્ષા કરવી. વળી બીજી સાધારણ પરીક્ષા એવી છે કે તે સાબુને લેઇ પાણી સાથે હાથ ઉપર ઘસતાં જો જલદી ફીણ ન આવે તો તેમાં છૂટાં ક્ષાર દ્રવ્ય વિશેષ છે એમ ધારી તે સાબુને ફરી પાણી સાથે ઉકાળી ફરીથી મીઠું નાંખી સાબુ કાપવાની ક્રિયા કરવી જેથી ક્ષાર દ્રવ્ય જુદું પડી પાણી સાથે મળી જશે જે નીતારી લેવું.

અગર તે સાબુમાં થોડુંક કોપરેલ મેળવી ફેરવવું અને તેમાં થોડુંક મીઠું નાખી હલેરવું.

જો સાબુનો બાંધ ખરાબ આવ્યો હોય તો તેના નાના નાના ટુકડા કરી ખુલ્લી હવામાં અગર થોડીક વખત તડકામાં મૂકી રાખવા.

જો સાબુ ઘસતાં તેમાંથી જોઇએ તેવું ફીણ ન આવતું હોય તો તેમાં થોડુંક કોપરેલ તેમજ સાબુ ફરીથી અથવા તો સાબુ બનાવવામાં જે જાતનું તેલ વપરાતું હોય તેમાં થોડુંક કોપરેલ તેલનો ભેગ કરવો.

સાબુકરે પીપમાં ભરેલા હાથ, પગ, વગેરે ધોવાના કામ જો આપણી કરતી (ખુણી) માલુમ પડે તો તેમાં વધારે ખારી-ક્ષાર છે એમ સમજવું. અને જો આપણી ચીકણી માલમ પડે તો તેમાં સાબુના રસાયણમાં આવ્યા સિવાયનો તેલ છે એમ સમજી તે સાબુને દુરસ્ત કરવો.

ધોવાના કામ માટે તૈયાર કરેલો સાબુ જો નરમ રહેતો હોય તો તેના થોડા પ્રમાણમાં નાંખેલ ચરબીને બદલે કોપરેલ વાપરીને થોડી વધારે ખારીમાં આવે છે, એવી ફરીથી વાત છે.

કડી રીત પ્રમાણે તૈયાર કરવામાં આવેલ સાબુમાં પુરી ખારાશ રહી રહે છે; અને તેથી તે સાબુને જે પોતે ગાળી તેના ઉપર કાર્બોલિક એસિડ ભેળવીએ તેથી સાબુમાં રહેલ ખારાશ કાર્બોલિક એસિડ સાથે મળી જઇને તે સાબુ વાપરે નુકશાન થતું નથી.

સાબુ તૈયાર કરનાર માણસે હાથે સિવાયના બીજાં, અને ઉતારામાં આવી કરવી જોઇએ. અને જે હાથે નોકરને સાબુ બનાવવો હોય તો જે તેલ વપરાતું હોય તે શુદ્ધ કરીને જ વાપરવું જોઇએ.

સાબુ તૈયાર કરતી વખતે કાઢી લીધેલા ગ્લીસરીન કાઢી લેવું—સાબુ તૈયાર કરતી વખતે ગ્લીસરીન કાઢી લીધેલ હોય છે, માટે સાબુ ... તેલમાં ... અને ગ્લીસરીન એ ઘણી કિંમતી છે ... ગ્લીસરીન એ ઘણો ઉપયોગી અને ... જોવામાં આવે છે. અને તે કાઢી લેવાની રીત આ પ્રમાણે છે

સાબુ કરતી વખતે નિરૂપયોગી ગણી કાઢી લીધેલું પ્રવાહી ખૂબ ઉકાળવું જેથી જેમ જેમ તેમાંથી પાણી ઓછું થતું જશે તેમ તેમ મીઠું તેમજ કેટલીએક જાતના ખારો નીચે નીચે બેસતા જશે. માટે સારી પેઠે ઉકાળ્યા બાદ તેને ઠરવા દેઇ ઉપર ઉપરનું પાણી નિતારી લેવું. અને તેમાં ચરબી અથવા કોઇ પણ જાતનું તેલ ઉમેરી પકાવવું, તેથી પાણીમાં રહેલો ક્ષારનો ભાગ તેલ સાથે મળી જઇ તેની સાબુની ખેળ તૈયાર થશે. બાદ બ્લૉટિંગ પેપરવડે તે મિશ્રણને ગાળી લેવું જેથી કાગળ ઉપર તે સાબુની ખેળ તેમજ બીજા ક્ષારો રહી નીચે મળેલા પાણીમાં ગ્લિસેરાઇન જશે. એ પાણીને પછી ચુલે ચડાવી નળિકાયંત્ર વડે અર્ક ખેંચી કાઢવો જેથી ગ્લિસેરાઇન નિકળી આવશે. તે જો અશુદ્ધ હોય તો તેમાં પાણી અને કોલસાનું ચૂર્ણ મેળવી ફરીથી નળિકાયંત્રવડે ખેંચી કાઢવું જેથી શુદ્ધ થશે.



પ્રકરણ ૪.

જુદી જુદી જાતના વાર્નિશો બનાવવા વિષે.

ચિતારાઓ પોતાના ધંધામાં જે જે વાર્નિશ વાપરે છે તેમાં વાર્નિશ પહેલો અગત્યનો પદાર્થ છે. સઘળી જાતના વાર્નિશો બે પ્રકારની હોય છે. પરંતુ જ્યારે તે કોઈ ચીજને લગાડવામાં આવે છે ત્યારે બહારની ગરમીથી સુકાઈ જાય છે જે જગાએ તેને ચોપડવામાં આવ્યો હોય તે જગાએ પાતળું પડ [illegible] અને [illegible] બંધાય છે તેથી જે ચીજને તે લગાડવામાં આવ્યો હોય તેનો ચળકાટ અને શોભા વધે છે, એટલુંજ નહિ પરંતુ હવામાં [illegible] જ્યાં પણ તે ચીજનું સારું રક્ષણ થાય છે. એ કારણને લેઈનેજ તેનો ઉપયોગ હાલમાં અત્યંત વધી પડ્યો છે

વાર્નિશો બનાવવામાં વપરાતી ચીજોના મુખ્ય છ વર્ગ પાડી શકાય—૧ લા વર્ગમાં સઘળી જાતના સુકાઈ જનારા તેલોને ગણી શકાય, બીજામાં સર્વ પ્રકારના [illegible] [illegible] કે જે [illegible] નામે ઓળખાય છે તે, ત્રીજામાં સર્વ પ્રકારના [illegible] [illegible], ચોથામાં સુંદર અને [illegible] [illegible] [illegible], [illegible] [illegible] જલદી સુકાય [illegible] માટે [illegible] [illegible] [illegible] અને છઠ્ઠા વર્ગમાં વાર્નિશને [illegible] આપવાને માટે વપરાતાં [illegible] ગણી શકાય. એ છએ વર્ગના જુદા જુદા પદાર્થો વિચાર કરીએ

૧ સુકાઈ જનારા તેલો—જો કે [illegible] તેલ તે [illegible] છે, પરંતુ હવામાં [illegible] રહેવાથી સુકાઈ જાય [illegible] [illegible] તેલો તેલોમાં [illegible] [illegible], [illegible], [illegible], [illegible] અને [illegible] તેલોજ [illegible] છે. તેમાં પણ [illegible] [illegible] [illegible] તેલ છે. [illegible] [illegible] માટે [illegible] [illegible] [illegible] એક તેલ નથી, અને વળી તે સસ્તું [illegible] [illegible] [illegible] છે. [illegible] તેલો પણ વપરાય છે તેનું [illegible] કે [illegible] [illegible] તેલ [illegible] [illegible] છે પણ [illegible] આવે છે એમ નથી, પરંતુ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હોય છે. અને તેથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. તે.

પણ તેઓ મોંઘાં મળતાં હોવાથી ઘણાં થોડાં એટલે ખાસ કામ સારૂં જ વપરાય છે. અળસીનું તેલ કાચું વાપરવા કરતાં જો તે ગરમ કરીને વાપર્યું હોય તો જલદી સુકાઇ જાય છે. એ કારણને લઇનેજ ઉકાળેલું તેલ વપરાય છે. અને તે *બેલતેલના નામે બજારમાં વેચાય છે.

૨ રેઝિન્સ—વાર્નિશના કામમાં રેઝિનો ઘણીજ અગત્યની છે. કારણ તેમના ઉપરજ વાર્નિશના ચળકાટ અને ટકાઉપણાનો આધાર રહેલો છે. રેઝિનો ઘણી જાતની આવે છે, તેમાંથી કેટલીએક તેલમાં, કેટલીએક ઇથરમાં અને કેટલીએક માત્ર દારૂના અર્કમાંજ ગળી શકે છે. અંબર, કોપાલ (ચંદરસ), એનિમિ, સેન્ડારક, શીલાજીત વિગેરે રેઝીનો એવી છે કે તેઓને માત્ર તેલ સાથે મેળવીને તપાવવામાં આવે તોજ સારી રીતે ઓગળી શકે છે. સ્પીરીટ વિગેરે બીજાં દ્રવ્યોમાં જોઇએ તેવી ઓગળતી નથી. ડામર, માસ્ટિચ સેન્ડારક, રાળ, મનિલાકોપલ વિગેરે ઘણી ખરી રેઝીનો ઇથર, ટરપેન્ટાઇન વિગેરેમાં ઓગળે છે, અને લાખ, એલિમિ, લોબાન વિગેરે રેકટીફાઇડ સ્પીરીટમાં સારી રીતે ઓગળી જાય છે.

ત્રીજા વર્ગ-ગુંદરો—બાવળનો ગુંદર, ગમટ્રેગેકેન્થ, જીલેટાઇન અથવા સરેશ, વિગેરે આ વર્ગમાં ગણી શકાય છે. અને એવા ગુંદરો માત્ર પાણી સાથે જે રંગને વાપરવો હોય તેમાં ચીકાશ લાવવાને અર્થેજ વપરાય છે.

ચોથો વર્ગ—જુદા જુદા ગુંદરો અને રેઝીનો ઓગાળનારા પદાર્થોમાં તેલ, ઇથર, ટરપેનટાઇન, અને દારૂનો અર્ક એ મુખ્ય છે.

પાંચમો વર્ગ—વાર્નિશને જલદી સુકાવનારા પદાર્થોમાં સિંદૂર, ઓદારશીંગ, જસતની ભસ્મ, મેન્ગેનીઝ વિગેરે પદાર્થો મુખ્ય છે, એઓનો ઉપયોગ માપસર થાય છે. કારણ વધારે પડવાથી તેઓ વાર્નિશને બરડ અને ચળકાટ કરે છે.

રંગવાના પદાર્થો—વાર્નિશમાં રંગ મેળવવાને માટે જે જે પદાર્થો વપરાય છે, તેમાં હળદર, રેવંચીનો સીરો, ડ્રેગનસબ્લડ, એળીઆનો ગુંદર વિગેરે મુખ્ય છે, પરંતુ હાલમાં કોલતારમાંથી બનાવવામાં આવેલા રંગોએ આ રંગનું માન ઉતારી નાંખ્યું છે.

એ મુજબ ચીજોવડે જે વાર્નિશો બનાવી શકાય છે. તેના મુખ્ય

---

* ખરૂં નામ બૉઇલ્ડ ઑઇલ છે. બૉઇલ્ડ એટલે ઉકાળેલું ઑઇલ એટલે તેલ.

મ વગેરે પાડી શકાય. જેવા કે અનેક પ્રકારની રેઝીનોને તેલમાં તેલમાંથી બનાવવામાં આવતા વાર્નિશો. ૨ ટરપેન્ટાઈન, સ્પીરીટ વગેરે વિગેરે અનેક જાતના ઉડી જાય એવા અર્કોમાં રેઝિનોને ઓગાળીને બનાવવામાં આવતા વાર્નિશો. ૩ રેઝીન અને ગુંદરોને પાણીમાં ઓગાળીને બનાવવામાં આવતા વાર્નિશો.

આ ત્રણ પ્રકારોમાં ગુંદરથી બનાવવામાં આવતા વાર્નિશોની સંખ્યા બહુ નથી, અને તે ફક્ત અમુક કામકાજ વપરાય છે. તેથી તેઓનું વર્ણન અત્રે આપવામાં આવ્યું નથી તેમ જોકે બનાવવામાં આવતા વાર્નિશો ઘણીજ અગત્યના છે, અને તે બધાનો [illegible] લોકો એકસરખી રીતે સમાડી શકાય છે પરંતુ તેઓને બનાવવામાં વધારે અનુભવની જરૂર છે. સ્પીરીટ જોકે બનાવવાના વાર્નિશોનો [illegible] કારણ કોઈ વખતે બની જાય છે, તેથી આ [illegible] બનાવવાના સબંધમાં [illegible] વિવેચન થવા [illegible] વાર્નિશ સંબંધી કેટલીક સમજ આપવા માટે સ્પીરીટ [illegible] વાર્નિશોના ગુંદરની માહિતી આપવામાં આવશે.

તેલીઆ વાર્નિશ બનાવવાની ક્રિયા — [illegible] રેઝિન [illegible] આ જાતના વાર્નિશ બનાવવાના હોય તે રેઝિનને [illegible] વાર્નિશ સારો બની શકશે નહિ, માટે [illegible] રેઝિન [illegible] જ્યારે રેઝિન [illegible] ત્યારે તેમાં [illegible] રેઝિનના [illegible] રીતે પાણી [illegible] હોય છે, તે [illegible] અને [illegible] રેઝિનનો [illegible] અને તેલ [illegible] રેઝિનને [illegible] અને [illegible] છે અને [illegible]

તૈયાર થાય છે ત્યારે કડછીવડે ઉચેથી ધાર કરતાં તેના તાર બંધાય છે. આ ગુણ બરાબર ઉકાળવાથીજ વાર્નિશમાં આવે છે. બરાબર ઉકાળતા પહેલાં એ પ્રમાણે જોવામાં આવતું નથી. રેઝિન અને તેલની મેળવણી પ્રથમ ડહોળાએલી જણાય છે, પરંતુ જેમ જેમ તે ઉકળતી જાય છે, તેમ તેમ નિર્મળ થતી જાય છે. કેટલીએક વખતે વાર્નિશ વધારે તપી જવાથી તેમાંથી આગ સળગી ઉઠે છે, આવા અકસ્માત વખતે પાણી રેડી આગ બુઝાવવા જતાં તે ઉલટી વધે છે. માટે તેમ ન કરતાં એક છાછરા ઢાંકણામાં રેતી ભરી તેને એક સાંકળે બાંધી તે સાંકળને ઉંચે લટકાવેલી એક ગરગડી ઉપર ચઢાવી તેનો બીજો છેડો એવી રીતે લટકતો રાખવો કે જેથી નજરમાં આવે તે વખતે એ ઢાંકણું ઢાંકી શકાય તેમજ ઉપાડી લેઇ શકાય.

એ પ્રમાણે ઉકાળવાની ક્રિયા થઇ રહ્યા બાદ તે વાસણને હેઠે ઉતારી અગ્નિથી દુર લેઇ જઇ તેમાં ટરપેન્ટાઇન ઉમેરી વાર્નિશને પાતળો બનાવવામાં આવે છે. જો ટરપેન્ટાઇન એકદમ બધું નાંખી દીધું હોય તો તેની બાફ થઇ વીશ ફુટ છેટે અગ્નિ હોય ત્યાં સુધી આ બાફ જઇ સળગી શકે છે, અને બધું એક સરખા ભડકા જેવું થઇ જાય છે, માટે વાસણને અગ્નિથી વધારે દુર રાખી વાર્નિશને થોડો ઠંડો પડવા દેઇ તેમાં થોડે થોડે ઉમેરવું જોઇએ. પ્રથમ ઉમેરેલો ભાગ બરોબર રીતે વાર્નિશમાં ભળી જાય ત્યાર બાદ બીજો ભાગ ઉમેરવો. એમ કરવાથી નુકશાન થશે નહિ.

તાજો બનાવેલો વાર્નિશ વાપરતાં સંતોષકારક નિવડતો નથી. તેને મોટી ટાંકીઓમાં ભરી હવાનો સ્પર્શ ન થાય તેમ મજબુત ઢાંકી ૭ મહીનાથી બે વર્ષ સુધી રહેવા દેવામાં આવે છે. એટલા સમયમાં વાર્નિશમાં ઓગળ્યા સિવાય રહેલા પદાર્થોનાં રજકણો તળીએ જઇને બેસે છે, અને બીજા મસાલા એક બીજા સાથે સારી રીતે મિશ્ર થાય છે, જેથી વાર્નિશ વધારે સ્વચ્છ, પારદર્શક, અને ચળકાટવાળો થાય છે. એ પ્રમાણે તેલીઆ વાર્નિશો બનાવવા સંબંધી જોઇતી ઉપયોગી માહિતી આપી. હવે જુદી જુદી જાતના વાર્નિશો બનાવવામાં જોઇતા મસાલાનાં પ્રમાણ કહીએ.

ગાડીઓના માટે ઉંચી જાતનું કોપાલ વાર્નિશ—સારી જાતનો મેઘ વગરનો ચોખ્ખો ચંદરસ આઠ રતલ લેઇ પ્રથમ તેને ઓગાળનાં ઉપર મુજબ જ્યારે બરાબર ઓગાળ્યાની ખાત્રી થાય ત્યારે

માં વીસ રતલ અળસીનું ઉકાળેલું તેલ મેળવી ફેર મુજબ મેળ(વો)
ઉકળતું નીચે ઉતારવું, ત્યારે અગ્નિમાં રાખી જોવાથી જ્યારે
ત્યારે અને અગ્નિ ઉપરથી ઉતારવાથી ત વખત અભાવ ત્યારે ઉતારી દૂર કરો
અને તેમાં ધીરે ધીરે પાંત્રીસ રતલ ટરપેન્ટાઈન (મેળવું) પછી પાંચ
કે દિવસ સ્થિર રાખવા દેવું ઉપયોગમાં લેવાથી તે ખડખ થાય
સેરાઇ, પાલખી, ગાડાગાડા, વગેરે અથવા ટી તેનું અને ઘણ
મજાનું બને.

ગાડીઓ માટે બીજી જાતનું વાર્નિશ—આ રતલ એ
નિમિ નામની રેઝિન કે ગીમાણી તેમ જ આ રતલ પેપર બુગ અળ-
સીનું તેલ મેળવી મુકે ઘરતી તેમાં વા રતલ લીથાજ (મુરદાર
શીંગ), વા રતલ ઠીંગરસી, અને વા રતલ સૂકા ગૂંદ કે મેળવી
તેને આકના સુધી ઉકાળવું પછી તેને ઉતારી પેહુર ૧૪ ઘંટે તેમ
જ ઓળખ રતલ ટરપેન્ટાઈન ધીરે ધીરે ઉમેરો કરવા ઉપયોગમાં
લેવું. ઉનાળામાં ચાર અને શિયાળામાં પાંચ કલાકમાં તે સુકાય છે,
અને સારા રંગની ગાડીઓ ઉપર, તેમજ લોઢાના કામ ઉપર
તે વપરાય છે.

લોઢાના સામાન સારૂ ઇમ્પ્રિયલ જાતનું વાર્નિશ—૨૮
રતલ ફેલ્ફાશની રાળ તથા ગ્લુસીલ રતલ ઓરિજન ભેળવી ગરમ તેને
જેટલું કલાક ઉકાળી મૈદ ગાળ આ મેળવ્યાનું રહેવા દે પછી
તેને વળી મુકે ગરમી તેમ એસી રતલ ઉકાળેલું અળસીનું તેલ,
દશ રતલ લીથાજ (મુરદાર શીંગ), દશ રતલ મિડુર ધીરે ધીરે
મેળવી, આ સુધી એ વાર્નિશ અગ્નિમાં લેવા અને અગ્નિમાં મેળવ
લેતાં કરી કરીનું થાય નહિ ત્યાં સુધી ઉકાળવું. પછી ભાજ ૮.૨.
પેહુર ૧૬ થાય. તેમાં ભરો રતલ ટરપેન્ટાઈન મેળવવું આ વાર્નિશ
મોડી બે કલાકના સુકાઇ જાય છે, અને લોઢાના સઘળા જાતના
સામાન ઉપર લગાડવાને ઘણું ઉત્તમ મનાય છે.

સામાનના સામાન માટે કાળો વાર્નિશ—ચાર રતલ મુર-
દાસંગીને પાંચ કલાક સુધી દશ રતલ અળસીના તેલમાં ઉકાળતાં
વાર્નિશ તૈયાર થાય ત્યારે તેમાં કાળજીનો કાંઈક રંગ ઉમેરવો.

છબીઓ ઉપર દેવાનો વાર્નિશ—આઠ રતલ સારામાં સારા
કોપલને કેકને દેવાની બરણીમાં પીગળતાં ઓગળ થાય ત્યારે તેમાં

ત્રીશ રતલ અળશીનું તેલ મેળવી વાર્નિશ તૈયાર થતા સુધી ઉકાળવું. બાદ તેમાં વીશ રતલ ટરપેનટાઇન મેળવી વાપરવું.

સ્પીરીટ એટલે ઉડી જનારા અર્કોથી બનતા વાર્નિશો— આ વાર્નિશો બનાવવાની રીત ઘણીજ સહેલી છે. જે જાતની રેઝિનનો વાર્નિશ બનાવવો હોય તે રેઝિનને ઓગાળનાર સ્પીરીટ સાથે એક શીશામાં ભરી દાટો ઘાલી મોઢું બંધ કરી શીશાને વારંવાર હલાવતા રહેવું, એટલે રેઝિન ગળી એકરસ થઇ જઇ વાર્નિશ તૈયાર થાય છે, અને તેથી કોઇ પણ જાતની કડાકુટ સિવાય સાધારણ મનુષ્યો પણ તેને તાત્કાલીક સમયે બનાવી ઉપયોગ કરી શકતા હોવાથી આજકાલ ઘણાં ત્યાં આ જાતનાજ વાર્નિશો વિશેષ બનાવવામાં આવે છે. આ કામ માટે જે જાતની રેઝિનો સ્પિરિટમાં ઓગળી જાય છે તેજ જાતની વાપરવામાં આવે છે. કેટલીએક જાતની રેઝિનો એકલા સ્પિરિટમાં ન ઓગળતાં તેમને થોડાક તાપની જરૂર પડે છે. એ કામ માટે ઘણેજ થોડો અગ્નિ કરવામાં આવે છે. કારણ કે વધારે તાપ લગાડવાથી સ્પિરિટ ઉડી જાય છે, અગર પાણી સળગી ઉઠે છે. આમ ન બને માટે અગ્નિની આંચ ન આપતાં કેવળ ઉકળતા પાણીની વરાળવડેજ આ કામ કરવું જોઇએ. કેટલીએક વખતે સ્પીરીટથી બનતા વાર્નિશોમાં તેલ પણ ઉમેરવામાં આવે છે, જ્યારે એમ કરવાનું હોય છે ત્યારે તેવીઆ વાર્નિશની બાબતમાં પ્રથમ રેઝિન ઓગાળી તેમાં તેલ મેળવી તાર બંધાતા સુધી ઉકાળી વાર્નિશ તૈયાર થયે એને ઉતારી ઠંડો પડવા દેઇ પછી તેમાં સ્પીરીટ ઉમેરી ઉપયોગમાં લેવામાં આવે છે. સ્પિરિટવડે બનતા વાર્નિશો પૈકી અતિ ઉપયોગી વાર્નિશો નીચે મુજબ છે.

કેબ પૉલીશ અથવા ફરનીચરને લગાડવાનો વાર્નિશ— ચંદરસ ૪ ઔંસ, બારાગીનો ગુંદર ૪ ઔંસ, પતરા લાખ ૧ ઔંસ, મેથીલેટેડ સ્પીરીટ ૧ા ગેલન લેવું, પ્રથમ ચંદરસ, લાખ, અને ગુંદરને બારીક વાટવાં, પછી કાચના તે બધાંને ગાળી સ્પીરીટ સાથે કોઇ એક શીશામાં ભરી તેને મજબુત બુચ મારવો. એ શીશાને પછી મંદ સુવાની નજદીક મૂકી થોડા થોડા અંતરે હલાવતા જવો, અને બે, ત્રણ દિવસમાં જ્યારે સઘળી ચીજો એક રસ થઇ ગએલી જણાય ત્યારે ઝીણા કપડાવડે તે મેળવણીને ગાળી લેવી, જેથી વધારે સ્વચ્છ ભાગ વાસણમાં ઉતરી જશે. બાદ તેને શીશામાં ભરી તેને મજબુત બુચ મારવો. અને જ્યારે ખપ પડે ઉપયોગમાં લેવો.

પટીયા અને નકશી કામ સારૂ ઇંગ્રેજી લાખનો વાર્નિશ—દાણીવા લાખ ૧૧ા ઔંસ, સેન્ડારક ૪ા ઔંસ, એલિમિરેઝીન ૪ા ઔંસ, વારેમો કાચ ૮ા ઔંસ, ૯૦ ટકાવાળો દારૂનો અર્ક ૩ા રતલ, ગરમ ટર્પેનટાઇન ૪ા ઔંસ, પ્રથમ રેઝીનની જુદી કરી કાચની ભુકી ભેગી મેળવી દેવો. પછી ગરમ પાણી ઉપર તેને મુકી આ મેળવણીમાં દારૂનો અર્ક નાંખી પાણીના તાપથી તેને ઓગાળવો. પછી તેનું જેટલું ઉષ્ણતામાન હોય એટલાજ ઉષ્ણતામાનવાળું ટર્પેનટાઇન તેમાં ઉમેરવું. પછી મેળવણીને ઢસાવી ગાળી નાંખવી, વાટેલો કાચ નાંખવાથી રેઝિન ચોંટી ન રહેતાં એકદમ સહેલથી ઓગળી જાય છે.

ચામડા સારૂ સસ્તો અને ચળકતો વાર્નિશ બનાવવાની રીત—કાળી લાખ ૧ ભાગ, બેન્ઝોલ ૪ ભાગ, આ બેને તાપથી ઓગાળવાં. આ વાર્નિશ તુરત સુકાઇ જાય છે, માટે તે ચામડાના જોડા ઉપર લગાડવાને સારૂ ઘણોજ સરસ ગણાય છે. આ વાર્નિશ વળી બરડ નથી છતાં ઘણો નરમ રહે છે. અને તેથી વધારે નરમ તેને કરવું હોય તો તેમાં થોડુંક ટર્પેનટાઇન ઉમેરવું.

ઘોડાના સામાન ચામડાના બનાવનારાને ઉપયોગનું વાર્નિશ બનાવવાની રીત—રેઝિન ૨ા ઔંસ, કાજળ ૦ા ઔંસ, માસ્ટિક ૧ ઔંસ, સેન્ડારક ૨ા ઔંસ, શેલાક ૧૦ ઔંસ, વિનિશિયન ટર્પેનટાઇન ૨ા ઔંસ, દારૂનો અર્ક ૫૦ ઔંસ, પ્રથમ ટર્પેન્ટાઇનમાં કાળો રંગ ઘુંટવો, અને પછી તેને દારૂના અર્કમાં ઓગાળેલી રેઝિનના રસમાં નાંખી દેવું.

ચામડા ઉપર લગાડવાનો વાર્નિશ બનાવવાની રીત બીજી—શેલાક ૧ રતલ તથા એનિલાઇન વાદળી કિંવા લાલરંગનો ૨ રતલ, દારૂનો અર્ક જોઇએ તેટલો લઇ પ્રથમ પાણીની અંદર રંગને પલાળી ઓગાળવો. આ મેળવણીમાં શેલાકને અને દારૂના અર્કને નાંખી ઉકાળવું.

ચામડા સારૂ સોંઘો વાર્નિશ—કાળી રાળ ૨૩ ભાગ, બેન્ઝોલ ૬૯ ભાગ, ટર્પેનટાઇન ૮ ભાગ લઇ પહેલી બે ચીજોને ઓગાળી તેમાં ત્રીજી ચીજ નાંખવી.

વોટર પ્રુફ બનાવવાનો વાર્નિશ બનાવવાની રીત—ઉકાળેલું અળસીનું તેલ ૧૦૦ ભાગ, ખૂબ વાટેલું બારીક લિથાર્જ ૬ ભાગ, ખરૂં મધમાખીનું મીણ ૫ ભાગ આ બધી ચીજોને એકી

રહે છે, લોઢાની ચીજો સારૂ આથી વધારે સસ્તો વાર્નિશ બીજો નથી. વળી આ વાર્નિશ લોઢાનું ઘણું રક્ષણ કરે છે.

લોઢા માટે બીજો વાર્નિશ—એસ્ફાલ્ટમ ૧૦ ઔંસ, રેઝિન ૨॥ ઔંસ, દીવાની મેંશ ૧ ઔંસ, પેટ્રોલીયમ ૨૫ ઔંસ; આ બધાને એકઠાં કરી ઓગાળવાં.

ધાતુનાં વાસણો સારૂ સોનેરી વાર્નિશ—ઘોળી લાખ, દારૂનો અર્ક, પિકરિક એસિડનું પાણી (આ પાણીમાં એસિડ સેંકડે એક ટકા જેટલો નાંખવો.) અને બોરેસિક એસિડ ગાંગડા (એટલે ટંકણખારના તેજાબના ગાંગડા) એ રીતના મસાલામાંથી પ્રથમ દારૂના અર્કમાં ઘોળી લાખ પલાળી તેનો એક રસ કરવો, અને સોનેરી રંગ બેસતા સુધી પિકરિક એસિડનુ પાણી તેમાં ઉમેરવું; અને જ્યારે આ મેળવણી પાતળી લગાડતાં સોનેરી પડ તેવું માલમ પડે ત્યારે તેમાં બોરેસિક એસિડ ઉમેરવો.

લાઈનાં પત્રાં સારૂ સોનેરી વાર્નિશ—કલાઇનાં પતરાંને સારી રીતે કૂટથી નાખી નીચેની મેળવણી કુચડાથી તેમની ઉપર ચોપડવી. સુકી કોવાલનો વાર્નિશ ૩ ભાગ, અળશીનું તેલ ૧॥ ભાગ; આ વાર્નિશ લગાવી સુકાયા પછી તે પતરાંને વાળવાથી અગર હથોડાથી ટીપવાથી વાર્નિશમાં ચીરા પડતા નથી તેમ ખપેડી બાઝતી નથી, અને તેનું તેજ કમી થતું નથી.

દરેક જાતની ધાતુ અને લાકડાના સામાનપર કામે લાગે તેવો જાપાનિઝ વાર્નિશ—એસ્ફાલ્ટમ ૧૨॥ રતલ, કાળી એનિમીરેઝિન ૨ રતલ, અળશીનું તેલ ૩૦ રતલ, કાળી એમ્બરરેઝિન ૨॥ રતલ, અળશીનું તેલ ૫ રતલ, લીથાર્જ ૧૧ રતલ, જસતનું સફેદ ૭॥ રતલ લઇ પ્રથમ એસ્ફાલ્ટમ અને એનિમીરેઝિનોને તાપથી ઓગાળવાં, પછી તેમાં પહેલું કહેલું અળસીનું તેલ નાંખવું, પછી ઉકાળવું અને એમ્બરેઝિન તેમાં નાંખવું. આ રેઝિનને ઉમેરતા પહેલા તેને તાપથી ઓગાળી તેમા ૫ રતલ અળશીનું તેલ ઉપર કહ્યા મુજબનું નાખવું. પછી સઘળી મેળવણીમાં સુકાવનાર દ્રવ્યો એટલે લીથાર્જ અને જસત ઉપરના માપનાં ઉમેરી બે કલાક ઉકાળતાં તૈયાર થાય એટલે ઉતારી ઠંડો પાડવો. આ વાર્નિશ લાકડાં તથા ધાતુ બન્ને ઉપર કામ આવે છે.

છબીઓનાં ચોકઠાં સારૂ સોનેરી ચળકાટવાળો રંગીત

ર્નિશ તે ઉપર લગાડવો, જ્યારે તે સુકાય ત્યારે તેનું પડ ઘણુંજ સુંદર કાચના પડ જેવું જણાશે.

પાણીની મદદથી લાખનો વાર્નિશ બનાવવાની કૃતિ—પતરા લાખ ૫ ઔંસ, ટંકણખાર ૧ ઔંસ, પાણી ૧ પાંઇન્ટ; આ બધી ચીજોને એક અનુકૂળ પડતા વાસણમાં નાંખી તેમને ઉકળતા સુધી તપાવવી. ઉકળ્યાથી પતરા લાખ તેટલામાં ઓગળી જશે. પછી તે મેળવણીને ગાળી નાંખવી.

આ વાર્નિશ વોટર કલર્સમાં ઘણો વપરાય છે, તેમજ શાહી વગેરેમાં પણ ઉમેરાય છે; જ્યારે આ વાર્નિશ સુકાય છે ત્યારે તે પારદર્શક જણાય છે. અને તેને પાણીની કંઇ અસર થતી નથી.

નકશા તથા ફોટોગ્રાફને સારૂ રંગ વગરનો વાર્નિશ બનાવવાની રીત—લોદ રતલ પતરાલાખ લેઇ કાર્બોનેટ ઑફ સોડાના ગાંગડા બે ઔંસ અને પાણી પોણો ગેલન લેવું. આ બધી ચીજોને એકઠી કરી તેમનાથી બમણું માય એવડા ત્રાંબાના અગર બીજા ચોખ્ખા વાસણમાં ભરવી. અને ધીમા તાપ ઉપર તેમને વારંવાર હલાવીને મુકવી. આથી પતરા લાખ ઓગળી જશે અને જો તેનો રંગ વગરનો ફ્રેન્ચ વાર્નિશ કરવો હોય તો આ મેળવણીને ફ્લનનાં કપડાથી ગાળી નાંખવી. મેળવણીને વધુ તાપ આપવો. પરંતુ તેને તપાવતાં ઉકાળવી ન જોઇએ. ફક્ત તેમાંથી તાપને લીધે સણસણાટ સંભળાય એટલે બસ છે. પછી તેને ઘણીજ ધીમી રીતે ઠંડી કરવી, પરંતુ ઠંડી કરતાં હલાવવી નહીં. બહેતર છે કે તેને એક રાત્રી રહેવા દેવી; અને પછી અગ્નિને તેની નીચેથી મુકવી નાંખવો. સવારમાં મીણ જેવો પદાર્થ આ મેળવણીની સપાટી ઉપર જણાશે, અને પતરાલાખનો બીજો મેલ વાસણને તળીએ પડી રહેલો માલુમ પડશે.

બુટ વગેરે ચામડાઓને લાયક વાર્નિશ—મધમાખીનું મીણ ૧૦ ભાગ, સ્પરમેસેટિ ૬ ભાગ, ટર્પેનટાઇન તેલ ૬૬ ભાગ, એસ્ફાલ્ટમ ૫ ભાગ, વાટેલો ટંકણખાર ૧ ભાગ, બળેલાં હાડકાંની કાળી રાખ ૫ ભાગ, નાઇટ્રો બેન્ઝોલ ૧ ભાગ, પ્રસીયન બ્લુરંગ ૨ ભાગ એ રીતે ચીજો પૈકી પહેલાં મીણને ઓગાળવું. તેમાં ટંકણખાર ઉમેરવો અને જ્યાં સુધી તે મલાઇ જેવું થાય ત્યાં સુધી તેને હલાવવું.

બીજા વાસણમાં સ્પરમેસેટિ ઓગાળવું, અને ટર્પેનટાઇન તેલ

ઇન્ટ બધી ચીજોને એકઠી કરી એક પથ્થરના વાસણમાં મુકવી; તે વાસણને સારી રીતે સજ્જડ ઢાંકવું, અગર તે ઉપર દાટો દેવો અને ચાર કલાક સુધી તેને ગબડાવવું. પછી જ્યારે બધો સુંદર ઓગળી જાય ત્યારે વાર્નિશને નિનારી નાંખી, છોટથી ગળી લેઇ બીજા વાસણમાં કે શીશામાં ભરી દેવો. આ વાર્નિશને બનાવ્યા પછી ૭ કે નવ મહીના પછી વાપરવો, કારણ કે તેટલી મુદત વીત્યા બાદ તે ઘણો ચીકણો અને ઘણો સ્વચ્છ થાય છે.

સતાર ઉપર લગાવવા માટેનો વાર્નિશ—સેન્ડારક ૧૨ ઔંસ, પતરા લાખ ૬ ઔંસ, માસ્ટિક ૬ ઔંસ, એલીમી ૩ ઔંસ ઘણો શુદ્ધ કરેલો દારૂનો અર્ક ૧૫ ઔંસ, વિનિસ્યન ટર્પેનટાઇન ૬ ઔંસ–ટર્પેનટાઇન સિવાયની બીજી બધી ચીજોને ધણીવાર ઉકાળી પછી જ્યારે તે ઠંડી થાય ત્યારે વીનીસ્યન ટર્પેનટાઇન તેમાં ઉમેરવું.

બીજી રીત—શુદ્ધ કરેલો દારુનો અર્ક ના ગ્યાલન, સેન્ડારક સુંદર ૬ ઔંસ, માસ્ટીક સુંદર ૩ ઔંસ, ટર્પેનટાઇન વાર્નિશ ના પોઇન્ટ—આ સઘળી ચીજોને ચુલા પાસે મુકેલા કલાઇના પતરાના વાસણમાં ભરવી, અને બધી સારી રીતે ઓગળી જાય ત્યાં સુધી તેમને સારી રીતે હલાવવી. આખરે તેમને ગાળી નાંખી ઉપયોગમાં લેવી. આ વાર્નિશ લગાડતાં વધારે જાડો માલુમ પડે તો ટર્પેન્ટાઇન વાર્નિશ વધારે ઉમેરી તેને પાતળો કરવો. આ વાર્નિશ લગાડતા પહેલાં લાકડા ઉપર રંગ લગાવવો જોઇએ. લાલ રંગ સારૂ કામવુડ અગર એનિલાઇન રંગ વાપરવો.

માટીનાં વાસણો માટેનો વાર્નિશ—વાટેલો કાચ અને સોડા સમભાગે લઇ મેળવી સારા તાપ ઉપર ને મેળવણીને તપાવી કોરી કરી, માટીના વાસણો ભાજવા મુકયાં હોય ત્યાં તે ગરમ હોય તે વખતે તેના ઉપર આ ભુકી છાંટવી.

પંખા ઉપર લગાવવાનો વાર્નિશ—માસ્ટિક ૭ા ઔંસ, સન્ડારક ૨૦ ઔંસ, દારૂનો અર્ક ૧ાાા ઔંસ, વેનીસ ટર્પેનટાઇન ૧૦ ઔંસ, આ ચીજોને દારૂના અર્કમાં ઓગાળી તેમાં ટર્પેનટાઇન મેળવવું.

બીજી રીત—પીળી પતરા લાખ ૧૨ ભાગ, ૯૫ ટકાવાળો દારૂનો અર્ક ૫૮ ભાગ, આ બે ચીજોને ઓગાળી તેમાં થોડાંક ટીપાં લેવેન્ડર તેલ ઉમેરવું.

પીગળાવવાં, પછી આ મેળવણીને ઠંડી પાડી તેનો ભૂકો બનાવવો. આ ભૂકો હાથે ચોંટી જાય તેવો બારીક બનાવવો જોઇએ. હવે જે વાસણ ઉપર કોડીનું પડ ચડાવવું હોય તેને હાઇડ્રોક્લોરીક એસિડના નરમ (ડીલ્યુટ) કરેલા પાણીમાં બોળી તેની ઉપરનો સઘળો કાટ કાઢી નાંખવો. જ્યારે સઘળો કાટ નિકળી ગએલો જણાય ત્યારે તેને રેતીથી ઘસીને તેની સપાટી સાફ કરવી. એવી રીતે સાફ થએલી સપાટી ઉપર ગુંદરનું પાણી લગાવવું. અને તેની ઉપર પ્રમાણે બારીક કરેલો ભૂકો ભભરાવવો, ત્યાર પછી ધીમે ધીમે આ વાસણને ગરમી આપી તેને લાલચોળ તપાવવું. જ્યારે ભૂકો પીગળેલો જણાય ત્યારે તે વાસણને બહુ સંભાળથી રફતે રફતે ઠંડુ પડવા દેઇ બનતા સુધી તે ગરમ હોય તેટલામાં હવા લાગવા દેવી નહિ.

લોખંડના વાસણ ઉપર શુધ્ધ સફેદ રંગની કોડી જેવું પડ ચડાવવાનો વાર્નિશ—ભાગેલા કાચના ટુકડા ૧૧ રતલ, બોરીક એસિડ ૭ રતલ, સોડા બાય કાર્બોનેટ ૪ રતલ, ફોસફેટ ઓફ લાઇમ ૩ા રતલ, ઓક્સાઇડ ઓફ એન્ટીમની ૨ ઔંસ, આની બનાવટ ઉપર પ્રમાણે કરવી.



પ્રકરણ ૫.

જુદી જુદી જાતની સીમેન્ટો બનાવવા વિષે.

સીમેન્ટ એ શબ્દનો એવો અર્થ થાય છે કે જે પદાર્થ વડે બે જુદી જુદી ચીજોને સાંધવાથી તેઓ વિખુટી ન પડી જતાં એક બીજા સાથે વળગેલી રહે, એટલુંજ નહિ; પરંતુ તેઓને જોડવામાં આવેલો એ સાંધાવાળો ભાગ એવો ટકાઉ, અને કઠણ થઈ જાય કે તેના ઉપર હવા, ભેજ, પાણી વિગેરેની પણ કંઈ અસર ન થઈ શકે. જો કે સીમેન્ટો બનાવવામાં મુખ્ય પદાર્થ તરીકે ચુનો વપરાય છે. ચુનામાં કુદરતી રીતે એવો ગુણ રહેલો છે કે જ્યારે તેને પાણીનો સ્પર્શ લાગે છે, ત્યારે તે વિકાશને પામી ફુલવા લાગે છે, અને પછી તેના અણુઓ આજુબાજુ તરફ વેરાઈ જાય છે પરંતુ એજ ચુનામાંથી જ્યારે સીમેન્ટ બનાવવામાં આવે છે ત્યારે તે એવા ગુણ ધરાવે છે કે પાણીના સંબંધમાં આવવાથી વેરાઈ ન જતાં ઉલટો કઠણ થાય છે; અર્થાત્ પાણી તેને કોઈ પણ પ્રકારનો બાધ કરી શકતું નથી. જેમ ચુનો વધારે સ્વચ્છ હોય તેમ તેના ઉપર પાણીની અસર વિશેષ થાય છે. પરંતુ તેમાં રેતી, ઈંટોનો ચુરો, માટી વિગેરે પદાર્થ મળેલા હોય તો તેના ઉપર પાણીની અસર થઈ શકતી નથી. એજ કારણને લઈને ઘર, કુવા વિગેરે બંધાવાને વપરાતા ચુનાના કોલમાં રેતી વિગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. એવી રીતે તૈયાર કરેલો કોલ પણ એક હલકી જાતનો સીમેન્ટ કહી શકાય.

ચુનામાં બીજા વિવિધ પદાર્થોને ઉમેરી રસાયણિક સંયોગ ઉપજ કરી જેમ વધારે પાણી નિરોધક કરી શકાય, તેમ તે વધારે સારી સીમેન્ટ બની શકાય છે.

ઘર બાંધવાના કામમાં હાલમાં જે જે જાતની સીમેન્ટ વપરાય છે તેના કરતાં પ્રાચિનકાળના લોકો તેને ઘણી સારી બનાવી જાણતા હતા; અને તેથી પ્રાચિનકાળનાં કેટલાંએક મકાનો આજે પણ જેવીને તેવી હાલતમાં જોઈએ છીએ, ત્યારે હાલમાં બાંધવામાં આવતાં મકાનો કરતાં ઉત્કૃષ્ટ થતાં નજરે આવે છે.

પીગળાવવાં, પછી આ મેળવણીને ઠંડી પાડી તેનો ભૂકો બનાવવો. આ ભૂકો હાથે ચોંટી જાય તેવો બારીક બનાવવો જોઇએ. હવે જે વાસણ ઉપર કોઈનું પડ ચઢાવવું હોય તેને હાઇડ્રોક્લોરીક એસિડના નરમ (ડીલ્યુટ) કરેલા પાણીમાં બોળી તેની ઉપરનો સઘળો કાટ કાઢી નાંખવો. જ્યારે સઘળો કાટ નિકળી ગએલો જણાય ત્યારે તેને રેતીથી ઘસીને તેની સપાટી સાફ કરવી. એવી રીતે સાફ થએલી સપાટી ઉપર ગુંદરનું પાણી લગાવવું. અને તેની ઉપર પ્રમાણે બારીક કરેલો ભૂકો ભભરાવવો, ત્યાર પછી ધીમે ધીમે આ વાસણને ગરમી આપી તેને લાલચોળ તપાવવું. જ્યારે ભૂકો પીગળેલો જણાય ત્યારે તે વાસણને બહુ સંભાળથી રફતે રફતે ઠંડુ પડવા દેઇ બનતા સુધી તે ગરમ હોય તેટલામાં હવા લાગવા દેવી નહિ.

લોખંડના વાસણ ઉપર શુદ્ધ સફેદ રંગની કોઈ જેવું પડ ચઢાવવાનો વાર્નિશ—ભાંગેલા કાચના ટુકડા ૧૧ રતલ, બોરીક એસિડ ૭ રતલ, સોડા બાય કાર્બોનેટ ૪ રતલ, ફોસ્ફેટ ઓફ લાઇમ ૩૫ રતલ, ઓક્સાઇડ ઓફ એન્ટીમની ૨ ઔંસ, આની બનાવટ ઉપર પ્રમાણે કરવી.



પ્રકરણ ૫.

જુદી જુદી જાતની સીમેન્ટો બનાવવા વિષે

સીમેન્ટ એ શબ્દનો એવો અર્થ થાય છે કે જે પદાર્થ વડે બે જુદી જુદી ચીજોને સાંધવાથી તેઓ વિખુટી ન પડતાં એક બીજા સાથે વળગેલી રહે, એટલુંજ નહિ; પરંતુ તેઓનો જોડવામાં આવેલો એ સાંધાવાળો ભાગ એવો ટકાઉ, અને કઠણ થઇ જાય કે તેના ઉપર હવા, ભેજ, પાણી વિગેરેની પણ કંઇ અસર ન થઇ શકે. જો કે સીમેન્ટો બનાવવામાં મુખ્ય પદાર્થ તરીકે ચુનો વપરાય છે. ચુનામાં કુદરતી રીતે એવો ગુણ રહેલો છે કે જ્યારે તેને પાણીનો સ્પર્શ લાગે છે, ત્યારે તે વિકાસને પામી ફુલવા લાગે છે. અને પછી તેના અણુઓ આજુબાજુ તરફ ફેલાઇ જાય છે. પરંતુ એજ ચુનામાંથી જ્યારે સીમેન્ટ બનાવવામાં આવે છે ત્યારે તે એવા ગુણ૨ો બને છે કે પાણીના સંબંધમાં આવવાથી ફેલાઇ ન જતાં ઉલટો કઠણ થાય છે; અર્થાત્ પાણી તેને કોઇ પણ પ્રકારનો બાધ કરી શકતું નથી. જેમ ચુનો વધારે સ્વચ્છ હોય તેમ તેના ઉપર પાણીની અસર વિશેષ થાય છે. પરંતુ તેમાં રેતી, ઇંટોનો ચુરો, માટી વિગેરે પદાર્થ ભેળેલા હોય તો તેના ઉપર પાણીની અસર થઇ શકતી નથી. એમ કારખાને કેટલે ઘર, કુવા વિગેરે બાંધવાને વપરાતા ચુનાના કોલમ રેતી વિગેરેનો ભેળ કરવામાં આવે છે. એવી રીતે તૈયાર કરેલો કોલ પણ એક હલકી જાતનો સીમેન્ટ કહી શકાય.

ચુનામાં બીજા વિવિધ પદાર્થોને ઉમેરી રસાયનિક સંયોગ ઉપજાવી જેમ વધારે પાણી નિરોધક કરી શકાય, તેમ તે વધારે સારી સીમેન્ટ બની શકાય છે.

ઘર બાંધવાના કામમાં હાલમાં જે જે જાતની સીમેન્ટ વપરાય છે તેના કરતાં પ્રાચિનકાળના લોકો તેને ઘણી સારી બનાવી જાણતા હતા; અને તેથી પ્રાચિનકાળનાં કેટલાંએક મકાનો આજે પણ સારી તેવી હાલતમાં જોઇએ છીએ, ત્યારે હાલમાં બાંધવામાં આવતાં મકાનો જલદી જીર્ણ થતાં નજરે આવે છે.

પીગળાવવાં, પછી આ મેળવણીને ઠંડી પાડી તેનો ભૂકો બનાવવો. આ ભૂકો હાથે ચોંટી જાય તેવો બારીક બનાવવો જોઇએ. હવે જે વાસણ ઉપર કોડીનું પડ ચડાવવું હોય તેને હાઇડ્રોકલોરીક એસિડના નરમ (ડીલ્યુટ) કરેલા પાણીમાં બોળી તેની ઉપરનો સઘળો કાટ કાઢી નાંખવો. જ્યારે સઘળો કાટ નિકળી ગએલો જણાય ત્યારે તેને રેતીથી ઘસીને તેની સપાટી સાફ કરવી. એવી રીતે સાફ થએલી સપાટી ઉપર ગુંદરનું પાણી લગાવવું. અને તેની ઉપર પ્રમાણે બારીક કરેલો ભૂકો ભભરાવવો, ત્યાર પછી ધીમે ધીમે આ વાસણને ગરમી આપી તેને લાલચોળ તપાવવું. જ્યારે ભૂકો પીગળેલો જણાય ત્યારે તે વાસણને બહુ સંભાળથી રહતે રહતે ઠંડુ પડવા દેઇ બનતા સુધી તે ગરમ હોય તેટલામાં હવા લાગવા દેવી નહિ.

સોખંડના વાસણ ઉપર શુદ્ધ સફેદ રંગની કોડી જેવું પડ ચડાવવાનો વાર્નિશ—ભાગેલા કાચના ટુકડા ૧૧ રતલ, બોરીક એસિડ ૭ રતલ, સોડા બાય કાર્બોનેટ ૪ રતલ, ફોસ્ફેટ ઓફ લાઇમ ૩॥ રતલ, ઓક્સાઇડ ઓફ એન્ટીમની ૨ ઔંસ, આની બનાવટ ઉપર પ્રમાણે કરવી.

મા સીમેન્ટ વાપરવાની હોય ત્યારે શીશાને ગરમ પાણીમાં મૂકી તપા-
વો, જેથી સીમેન્ટ ઓગળી વાપરવા લાયક નરમ બનશે. વળી જે
ભાંગેલા ટુકડાઓને સાંધવા હોય તેમને પણ સાંધતા પહેલાં ગરમ કરવા
જોઈએ. અને સાંધવાની સપાટીને સાફ કરવી જોઈએ. કાચ, ચીનાઈ
વાસણો, તેમજ માટીનાં વાસણો આ સીમેન્ટથી સાંધવાથી તેઓ
ગમે તે જાતની સ્થિતિમાં હોય તેવાં થઈ શકે છે. એટલુંજ નહિ
પરંતુ તેઓ કઈ જગ્યાએથી સાંધ્યાં છે. તેનો બીલકુલ સાંધો પણ
માલુમ પડતો નથી.

લોઢા અને પથ્થર સારૂ સીમેન્ટ—લિથાર્જ, અને લાલ
સિંદુર સરખા ભાગે લેઇ એકઠા કરી તેમને ગ્લિસેરાઇન સાથે મેળવી
નરમ પુટી જેવું કરી પછી લોઢા અને પથ્થરની ચીજો સાંધવાથી તે
ચીજો ભાગે પરંતુ સાંધો વછૂટતો નથી. કદાચ ચીજના જુદા જુદા
ભાગો પણ એનાથી સાંધી શકાય છે.

ઓજારોને હાથા સાથે સાંધવાની સીમેન્ટ—રાળ ૧
રતલ, ગંધક ના રતલ લેઇ એકઠાં કરી રાખવાં. પછી એ ભૂકી-
માંથી થોડો એક ભાગ લેઇ તેમાં તેના વજનથી અડધા ભાગ જેટલો
લોઢાનો ઝીણો ભૂકો, અને ઝીણી રેતી મેળવવી. પછી હાથના પોલા-
ણમાં આ મેળવણી ભરીને જે ઓજારને તેમાં બેસતું કરવું હોય
તેના દાંડાને તાપ આગળ ધરીને તપાવતાં લાલચોળ થાય ત્યારે તે
હાથના પોલાણમાં પેસી દેવો. જ્યારે તે ઠંડો પડશે ત્યારે મજબુત
ચોંટી ગયેલો જણાશે.

ચુનાં છાપરાં માટે સીમેન્ટ—રાળ ૪ રતલ, લાલ સિંદુર ૫
તોલા, અળસીનું તેલ સવા રતલ, આ બધાં એકઠાં કરી તેમાં સારી
રકાબ આવે એટલી રેતી મેળવવી. પછી તે મેળવણીને ગરમ
કરી લગાડવી.

પાણીના નળ કાણા થાય તે સાંધવાની સીમેન્ટ—કાળી
રાળ ૧ રતલ, ઈંટની ભૂકી એકપી ૨ રતલ લેઇ પ્રથમ રાળને ઓ-
ગાળી તેમાં ·· ભૂકી નાંખી હલાવી મેળવી લેઇ ઉપયોગ કરવો. કોઇ
કોઇ . ...ણુબીમાં ઉમર સરખી મેળવવામાં આવે છે.

... માટે ઉપયોગી સીમેન્ટ—મધમાખીનું મીણ
૧ ઔં ... ...ઔંસ રાજન ના ઔંસ લેઇ આ બધે ચી-

બીજી રીત—બે દ્રામ આઇસિંગ્લાસ લેઇ તેને બે ઔંસ પાણીમાં ચોવીસ કલાક સુધી પલાળી રાખવો. પછી તેને ઉકાળી બે ઔંસ જેટલું રાખી તેમાં એક ઔંસ રિપરિટ ઓફ વાઇન ઉમેરવો અને તે સર્વેને ઝીણા કપડાથી ગાળી નાંખવું. પછી એક ઔંસ રેક્ટિફાઇડ સ્પિરિટમાં એક દ્રામ માસ્ટિક ઓગાળી તે તેમાં ઉમેરી દેવું. ઉમેરતી વખતે રૂપલી મેળવણી ગરમ હોવી જોઇએ. છેવટ એમોન્યાકમ ગુંદર ના દ્રામ લેઇ તેને ઝીણો વાટી તેના સાથે રૂપલી મેળવણીને એકમેક કરી દેવી.

કાચ, ચીનાઇ માટી અને માટીનાં વાસણો સાંધવાની સીમેન્ટ—આ જાતના વાસણોને વગર તપાવ્યે સાંધવાની રીત એવી છે કે પતંગલાખને રેક્ટિફાઇડ સ્પિરિટમાં ઓગાળવાં તે જ્યારે સેળ જેવી નરમ થાય ત્યારે ભાંગેલા વાસણના સાંધા ઉપર તેને લાકડાની ચીપ વડે લગાડવી જે થોડાજ વખતમાં કઠીણ થઇ જશે. અને તેને જ્યાં સુધી ગરમી નહિ આપવામાં આવે ત્યાં સુધી એમને એમ રહેશે.

ન્યાસલેટ ભરવાનાં પીપો માટે સીમેન્ટ—સ્લિમેગલન અને જ્યેટલન સરખા ભાગે લઇ ઓગાળવાં એકરસ થાય ત્યારે લાકડાના પીપની અંદર લગાડવાથી તે પીપમાં ભરવામાં આવતું ન્યાસલેટ આ પડ ફોડીને બહાર નિકળી શકતું નથી.

પાણીની અસર જેના ઉપર ન થાય તેવી સીમેન્ટ—ભુરી માટી ૪ ભાગ, બ્લેક ઓક્સાઇડ ઓફ મેન્ગેનીઝ ૪ ભાગ, ચુનાના પત્થરના ચુરો ૯૦ ભાગ લેઇ એકઠાં કરી ઢેફાં બનાવી ભઠીમાં પકાવી ઠંડાં થયા પછી તેમાંથી વધારે બળેલો ભાગ કાઢી નાંખી બાકીનાનું ચુરું કરી તેમાં ૬૦ ભાગ પીસેલી રેતી નાખી પરવારે ઈંટ એકત્ર કરતાં.

કાચની પીચકારીને સાંધવાની સીમેન્ટ—ગાર બે ભાગ, મટાપર્ચા ૧ ભાગ લેઇ બન્નેને ધીમા તાપે ઓગાળવાં. પછી તેમને નરમ મજન લગાડી વધારાનો ભાગ ગપ્પુતી ઝીણી કાઢવો.

કાચનાં વાસણો, બાટલીઓ, ચીનાઇ વાસણો સાંધવા-ની સીમેન્ટ—બે ઔંસ માસ્ટિક લેઇ તેને રેક્ટિફાઇડ સ્પિરિટમાં ઓગાળવો. પછી બે ઔંસ આઇસિંગ્લાસ લેઇ તેને પાણી સાથે ચોવીસ કલાક સુધી પલાળી રાખી પછી રેક્ટિફાઇડ સ્પિરિટ સાથે ઓગાળી એકરસ કરી તેમાં એક ઔંસ એમોન્યાકમ ઉમેરવો. પછી બન્ને મેળવણીને ભેળી કરી ધીમા તાપે તપાવવી. અને જ્યારે તેઓ એકરસ થાય ત્યારે શીશામાં ભરી મજબુત બુચ મારવો. જ્યારે

…ા સીમેન્ટ વાપરવાની હોય ત્યારે શીશાને ગરમ પાણીમાં મૂકી તપા-
વો, જેથી સીમેન્ટ ઓગળી વાપરવા લાયક નરમ બનશે. વળી જે
…ાંગેલા ટુકડાઓને સાંધવા હોય તેમને પણ સાંધતા પહેલાં ગરમ કરવા
જોઈએ. અને સાંધવાની સપાટીને સાફ કરી લેવી જોઈએ. કાચ, ચીનાઈ
…ાસણો, તેમજ માટીનાં વાસણો આ સીમેન્ટથી સાંધવાથી તેઓ
…ાંગ્યા વગરની સ્થિતિમાં હોય તેવાં થઈ રહે છે. એટલુંજ નહિ
…રંતુ તેઓ કેમ જગ્યાઓથી સાંધ્યાં છે. તેનો બીલકુલ સાંધો પણ
…ાલુમ પડતો નથી.

લોઢા અને પત્થરને સારૂ સીમેન્ટ—લિથાર્જ, અને સાફ
…કોરી રાખવા લાગે એમ ભેળા કરી તેમને ગ્લિસેરાઈન સાથે મેળવી
…ડમ પરી જેવું કરી પછી લોઢા અને પત્થરની ચીજો સાંધવાથી તે
…ીજે ભાગે પરંતુ સાંધો વછૂટતો નથી. …ઈ …ીસના જુદા જુદા
…ાગો પણ એનાથી સાંધી શકાય છે.

ઓજારોને હાથા સાથે સાંધવાની સીમેન્ટ—રાળ ૧
…લ, મીણ ના તોલ એમ ભેગાં કરી રાખવું. પછી એ ઘૂટી-
…ને રીતે કોઈ એક ભાગ લેઈ તેમાં તેના વજનથી અડધો ભાગ જેટલો
…ાકનો ઝીણો ભૂકો, અને ભૂકી રેતી મેળવવી. પછી હાથના પોલા-
ણમાં આ મેળવણી ભરીને જે ઓજારને તેમાં બેસાડવું કરવું હોય
તેના છેડાને તાપ આગળ ધરીને તપાવવા લાયક થાય ત્યારે તે
હાથના પોલાણમાં ખોસી દેવા. જ્યારે તે ઠરી જશે ત્યારે મજબૂત
…ેઠી ગયેલો જણાશે.

ચુનાં છાપરાં માટે સીમેન્ટ—રાળ ૪ તોલ, લાલ સિંદુર ૫
તોલા, અળશીનું તેલ અડધ તોલ, આ બધું ભેગાં કરી તેમ. સાથે
…ઝીણી ૩ ભાગે ઝીણી રેતી મેળવવી. પછી તે મેળવણીને ગરમ
કરી લગાડવી.

પાણીના નળ કાણા થાય તે સાંધવાની સીમેન્ટ—ચાક
…ગ ૧ તોલ, ઈંટની ભૂકી ઓછામાં ૨ તોલ લેઈ પ્રથમ ગરને ઓ-
…ગળી તેમાં ઈંટની ભૂકી નાંખી હલાવી મેળવીને ઉપયોગ કરવો. કેટ-
લીક વખત આ મેળવણીમાં થોડું ચાક મેળવવામાં આવે છે.

અગાસીના કામ માટે ઉપયોગી સીમેન્ટ—અલ્યુમીનિયમનું ભૂકું
૨ ઔંસ, રાળ ના ઔંસ … ઔંસ લેઈ બધું ઓ-

જેને એકઠી કરી તાપથી ઓગાળવી, પછી તેમાં થોડીક ઇંટની ભૂકી નાંખી ઠંડી થયે ટીકડીઓ બનાવી ઉપયોગમાં લેવી. જો તે વધારે કડણ થઇ હોય તો તેમાં થોડુંક વધારે મીણ ઉમેરવું અને જો નરમ થઇ હોય તો રાજન ઉમેરવી.

હવામાં ઉડી જાય એવા પદાર્થો ભરેલી બાટલીઓ માટે સીમેન્ટ—ઇથર, ક્લોરોફોર્મ, એમોન્યા વિગેરે ભરેલી બાટલીઓમાંથી તે પદાર્થ ઉડી જતો અટકે એટલા માટે લીથાર્જ અને ગ્લિસેરાઇનને એકઠાં કરી બુચની આસપાસ રંગની માફક ચોપડવાં. આ મેળવણી સકાતાની સાથે કઠીણ થઇ જાય છે, પરંતુ શીશાને ખોલવો હોય ત્યારે ચપ્પુવડે સહેલથી ઉખેડી શકાય છે.

શીશા ઉપરના બુચને સખ્જડ બેસાડવાની સીમેન્ટ—સીલ કરવાનું મીણ ૨ ભાગ, મધમાખીનું મીણ ૧ ભાગ, લેઇ બધાને સાથે મેળવી એક વાસણમાં ભરી અગ્નિ ઉપર મુકી તપાવતાં ઓગળવા માંડી ફીણ આવે એટલે મીણબતીવડે હલાવતા રહેવું. બરાબર ઓગળી રહે એટલે તેમાં બુચ મારેલા શીશાની ગર્દનો બોળી કાઢવી.

ગમે તે રંગના લાકડામાં પડેલી ફાટો સાંધવાની સીમેન્ટ—જે જાતનું લાકડું સુધારવાનું હોય તે જાતના લાકડાનો વ્હેર લેઇ એક માટીના વાસણમાં નાંખી તેના ઉપર ઉકળતું પાણી રેડવું. પછી તેને ખૂબ હલાવી દશ દિવસ સુધી એમને એમ રહેવા દેવું. વચમાં દર ત્રીજા દિવસે તેને હલાવતા રહેવું, બાદ તેને ઉકાળવાથી વ્હેર માવા જેવો થઇ જશે. બરાબર પછી તેને એક જાડા કપડામાં નાંખી પાણીનો ભાગ નીચોવી કાઢી રાખી મૂકવો. ખપ હોય ત્યારે તેમાં થોડુંક સરેસનું પાતળું પાણી મેળવી લુગદી બનાવી જ્યાં ફાટ વિગેરે હોય ત્યાં ભરી દઇ તે જ્યારે તદન સુકાઇ જાય ત્યારે લાકડાને તે જગ્યાએથી પાલીશ વડે સાફ કરી લેવું.

ચામડાના પર સારૂ સીમેન્ટ—સરેસ અને આઇસિંગ્લાસને સરખા ભાગે લેઇ તેમના ઉપર ડુબતા સુધી પાણી રેડવું, અને દશ કલાક સુધી એમને એમ રહેવા દેઇ પછી તેને ઉકાળવું. બરાબર ઉકળી એકરસ થઇ જાય ત્યારે તેમાં ચોખ્ખો ટેનિન તે ઇંડાંના ધોળા ભાગ જેવું થાય તેટલો ઉમેરવો. ચામડાને જે જગ્યાએથી સાંધવાનું હોય ત્યાંથી સાફ કરી આ સીમેન્ટ લગાડવાથી તેને ટાંકા બાંકા દે-

ની કે ખીલાઓ તેને જડવાની કંઈ પણ જરૂર પડતી નહિ. કારણ આ સીમેન્ટ સાક્ષાત ચામડા જેવોજ છે.

હાથી દાંતની ચીજોને સાંધવાની સીમેન્ટ—સાદી રાળ ૨ ભાગ, ગટાપર્ચા ૧ ભાગ લેઈ લોઢાના પેણામાં નાંખી અગ્નિવડે ઓગાળવાં. અને તેઓ એક બીજા સાથે ભળી જાય એટલા માટે ખુબ હલાવવાં, પછી આ મિશ્રણને ઠંડા પાણીમાં નાંખી ઠારવાથી તે નક્કર અને કાળા રંગની થઈ જશે. જ્યારે તેને ઉપયોગમાં લેવી હોય ત્યારે ગરમ કરવાથી પ્રવાહી રૂપે થઈ જશે. ધાતુ, કાચ, ચીનાઈ વાસણો તેમજ હાથી દાંતની ચીજો સાંધવામાં આ સીમેન્ટ ઉપયોગી મનાય છે. બારીઓના કાચ જડતી વખતે પડેલી જગોએ પણ આ વાપરી શકાય છે.

ક્યાસલેટ તેલ ભરવાના ડબા, બરણીઆ વિગેરે સાંધવાની સીમેન્ટ—રેઝિન ત્રણ ભાગ, કાસ્ટિક સોડા એક ભાગ, પાણી પાંચ ભાગ લેઈ આ ત્રણે ચીજોને સાથે ઉકાળવી. અને પછી આ મિશ્રણમાં તેનાથી અડધા વજન જેટલું પ્લાસ્ટર ઓફ પેરિસ ઉમેરવું. આ સીમેન્ટ અડધા કલાકથી તે પોણા કલાક સુધીમાં સખ્ત થઈ જાય છે, અને તેમાં થઈને તેલ બહાર જઈ શકતું નથી.

ધાતુઓ ઓગાળવાની કુલડીઓને સાંધવાની સીમેન્ટ—ચાકને વાટીને બારીક ભૂકો અને ઈંડાની બાદ ઓગાળી કરીને કામળ ઉપર ચોપડી લગાવવી, અથવા રાખની માટી અને ઈંટની ભૂકી ઓગાળી કરી ટકોને કુંભારના પાણીમાં મિશ્ર કરી લગાડવી.

અર્ક ઉતારવાનાં પાત્રો સાંધવા માટે સીમેન્ટ—ગોળ ૧ ઔંસ, ચીરો ચૂનો ૧ ઔંસ, કુંભારની માટી ના ઔંસ લેઈ તેમાં ઈંડાની સફેદી મેળવી ઘટ્ટ પાણી ઉમેરી ખુબ ખાંડ કરી ઉપયોગમાં લેવી.

કાચના વાસણોનું અત્યંત તાપથી રક્ષણ કરનાર સીમેન્ટ—સ્ટૌરબ્રિજ ચીનાઈ વાસણોના ટુકડાઓને બારીક ભૂકો કરી ચાળી તેને તેમાં તેટલોજ ભાગ બાળેલી માટી મેળવવી. (આ માટી ઈંગ્લાંડ દેશમાં ક્રુસિબલ ઓફ કેટલાક પાત્રો તેને બનાવે છે. કેમકે તે નરમ કરવામાં આવે છે.) પછી આ મિશ્રણનું કાચના વાસણ ઉપર એક જાડું પડ કરી ત્યારે પછી ગરમી ઉપયોગમાં લેવાથી અત્યંત તાપ પણ તેમને કંઈ કરતો નથી.

તેજાબની જેની ઉપર કંઇ પણ અસર ન થાય તેવી સીમેન્ટ—ચીનાઇ માટી અથવા કજીયુનામાં અળસીનું તેલ મેળવવાથી જે સીમેન્ટ બને છે તેના ઉપર અગ્નિ ગરમી કે તેજાબની કંઇ પણ અસર થઇ શકતી નથી.

પાણીના કુવા, ટાંકીઓ, પીપો વીગેરેને હવા કે પાણી વિકાર ન કરી શકે એવી સીમેન્ટ—સરેશ ૧૦ ભાગ, અળસીનું તેલ ૫ ભાગ, લેઇ તેઓને સાથે ઉકાળી એકરસ થાય ત્યારે તેમાં લીથાર્જ ચાર ભાગ ઉમેરી ઉપયોગમાં લેવાથી બે દિવસમાં સુકાઇ જાય છે અને તેનો જ્યાં લેપ કરવામાં આવ્યો હોય ત્યાં થઇને હવા કે પાણી જા આવ કરી શકતું નથી.

શીલ્પશાસ્ત્રીઓને ઉપયોગી સીમેન્ટ—સારા સરેસને પાણીમાં પલાળી તપાવી એકરસ કરવો. પછી તે વાર્નિશ જેટલો જાડો થાય તેટલી સારી જાતની લાકડાંની ચાળેલી રાખ નાંખવી, અને આ સીમેન્ટ ગરમ હોય તેવી હાલતમાંજ સાંધવાની ચીજો ઉપર લગાવી પછી તે બન્ને ટુકડાઓને સજ્જડ દબાવી દેવા. આ સીમેન્ટથી દગવાના પત્થરો લાકડા સાથે અને રંગ, ઔષધો વિગેરે ઘુંટવાના પત્થરોને હાથા ૧ાકડ ચોડી શકાય છે.

બાઇસીકલનાં પૈડાં માટે સીમેન્ટ—રાળ બે ભાગ, ગટાપર્ચા ૧ ભાગ લેઇ બેને ભેગાં ઉકાળી ગરમ ગરમ લગાડવી.

લેબલો ચોડવાની સીમેન્ટ—બાવળીઓ ગુંદર બે ઔંસ ઘઉંનુ સત્વ (સ્ટાર્ચ) ૧ા ઔંસ, ખાંડ ાા ઔંસ લેઇ પાણી જોડે એકઠાં કરવાં.

કેઝીન સીમેન્ટ—દુધને ગરમ કરી જ્યાં સુધી તેના ઉપર તર આવ્યાં કરે ત્યાંસુધી લીધાં કરવી, અને તે જામી જાય ત્યાં સુધી ગરમ જગ્યાએ તેને રાખવું. પછી તેને કાગળની ફીલ્ટર (ગળણી) માં નાંખી ગાળી લેતાં પાણીનો ભાગ નિતરી જઇ કાગળ ઉપર જે કેઝીન ચોંટી રહે તેને વરાદના પાણીથી ધોઇ નાંખી તેમાંથી ખટાશનો ભાગ કાઢી નાંખવો. પછી એ કેઝીનને કપડામાં બાંધી તેમાંથી ચિકાશનો ભાગ કાઢી નાંખવા માટે પાણી સાથે ઉકાળવું, પછી બ્લોટિંગ પેપર ઉપર કાઢી નાંખી મધ્યમસરની ગરમીવાળી જગ્યોએ લેઇ જઇ તેને સુકવી નાંખવું. એમ કરવાથી તે શેકેલા પાપડની માફક તૈયાર થઇ જશે. તેને રાખી મુકી જરૂર પડે ત્યારે તેનો ભુકો.

ઉપયોગ કરવો, તે એવી રીતે કે ત્ન્તેના જોડે કરીયુનો મેળવી ઓગાળવાથી, અથવા ટંકણખાર જોડે પાણીમાં મેળવવાથી કાચ અને માટીનાં વાસણોને સાંધવાની અતિ ઉત્તમ સીમેન્ટ થશે.

મીનાકુ સીમેન્ટ—ખરા લાખનું ચૂર્ણ ૪ ઔંસ, રેક્ટિફાઇડ [illegible] ઔંસની સાથે મેળવી એક શીશામાં ભરી બુચ મારી બરાબર તે શીશાને રાખી જ.બને ઓગળવા દેવી. આ મેળવણ ગુંદરના જેવી થાય ત્યારે તેને કાચ, હાથીદાંત, લાકડાં, [illegible] વિગેરે તમામ જાતના ઝીણાં કામોમાં વાપરવી.

અગ્નિ જેને બાદ ન કરે એવો સીમેન્ટ બનાવવાની —લોઢાનો ઝીણો ભૂકો ૧૮૦ ભાગ, ચુનો ૪૫ ભાગ, ખારનું ૮ ભાગ આ ત્રણે ચીજોમાં સરકો નાંખી તેમને ઘુંટવી. આ [illegible] તપાવવા પહેલાં સુકવવી જોઇએ. તેને તપાવ્યાથી તે પથ્થર [illegible] થઈ જાય છે.

ઘરનાં કામોમાં ઉપયોગી સીમેન્ટ—ખરડી અને પ્લાસ્ટર [illegible] પાણીમાં મેળવી ઘરાકીને આ મેળવણને વાપરવી. મેળવણી ઘણીજ ઝડપથી પકડે છે અને તે સીમેન્ટ તરીકે ઘણી ઉપયોગી માલુમ છે.

લોઢાની ચીજોને પથ્થરમાં મજબુત કરવાની સિમેન્ટ— [illegible] ઓફ પેરીસ ૧૪ ભાગ, લોઢાનો ઝીણો ભૂકો ૨ ભાગ આ [illegible] ભેગાં કરી તેમાં પાણી નાંખી કામ કરવું. આ સીમેન્ટ ઘણી ઝડ-પથી કઠણ થઈ જાય છે.

લોઢાની નળીઓના સાંધા પૂરવાની લોઢાની સીમેન્ટ— [illegible] લોઢાનો ભુકો ૪ રતલ, બારીક ચાળેલ [illegible] ૨ [illegible] ૧ ઔંસ, પછી બધાને ભેગાં કરી [illegible] તેવું ખેલ તૈયાર કરવું. આ મેળવણી ઝડપથી કઠણ થઈ જાય છે પરંતુ વખત થશે [illegible] સારી હોય તો, [illegible] વખત [illegible] [illegible] થઈ જાય છે.

લોઢાના પૈડા અને વાસણોને જોડવાની સીમેન્ટ— [illegible] ૨ ભાગ, [illegible] ૧ ભાગ, બધાને [illegible] [illegible] રાખી તાપે ધરવામાં આવે છે, પછી [illegible] આવે છે અને પછી [illegible]

તે સારૂ તેને હલાવવામાં આવે છે, પછી તેને એક લોઢાના પતરા ઉપર અગર પથ્થરની છાટ ઉપર કહાડી નાંખવામાં આવે છે, અને ઠંડો થાય ત્યારે ભાગી નાખવામાં આવે છે. આ સીમેન્ટનો ઉપયોગ રેણ દેવાના મસાલાને રેંણ દેવાના હથીઆરથી જેમ લગાવવામાં આવે છે તેમ કરવામાં આવે છે.

કલાઇનાં પતરાં ઉપર ટીકીટો ચ્હોડવાની સીમેન્ટ—શીલાક ૪ ભાગ, ટંકણખાર ૨ ભાગ, પાણી ૩૦ ભાગ, આ બધી ચીજોને એકઠી કરી ને ઓગળી જાય ત્યાંસુધી તેમને ઉકાળવી, એટલે સીમેન્ટ તૈયાર થશે.

ચામડા સાથે ધાતુ જોડવાનો સીમેન્ટ—કચરેલાં માથાં ૧ ભાગ, શુદ્ધ જગ ૧ ભાગ, આ બેને છ કલાક સુધી પલળવા દેઇ ચોળી ગાળી નાંખવું. સરેશને પાણીમાં ચોવીસ કલાક સુધી પલાળી રાખી નરમ થઇ એકરસ થાય એટલે માથાનું ગરમ પાણી ચામડા ઉપર રેડવું, અને ધાતુની ખડબચડી સપાટી ઉપર સરેશનું પાણી રેડવુ. પછી બન્ને સપાટીયો ભેગી દાબી દેવી. બાદ સીમેન્ટને સુકાવા દેવી આ ચામડુ ધાતુને એટલી મજબુતાઇથી ચોંટી રહેશે કે કાઢે પણ તે ઉખડી શકે નહિ.

પાણીની ગટરો સાંધવા સારૂ સીમેન્ટ—તાર (ડામર) ૧ ભાગ, ચરબી ૧ ભાગ, ઝીણી ઇંટોની ભૂકી ૧ ભાગ, પ્રથમ ઇંટોની ભૂકીને ધીમા તાપ ઉપર સુકી ગરમ કરવી. પછી તેમાં ચરબી ઉમેરવી, પછી બાકીનો ડામર (તાર) મેળવી ગરમ ગરમ આ મસાલો વાપરવો

લાકડાનાં વાસણ સાંધવાની સીમેન્ટ—ચુનો, માટી, ઓકસાઇડ ઓફ આયર્ન સરખા ભાગે લેઇ દરેકને જુદે જુદે તાપે પકવામા આવે છે પછી દરેકનો બારીક ભૂકો કરી, એકઠો કરી બંધ કરેલા વાસણમા રાખી મુકવામાં આવે છે, અને જોઇએ ત્યારે તેમાં પાણી નાખી યોગ્ય સ્થીતિમાં લાવવામાં આવે છે.

માર્બલ સીમેન્ટ (આરસપહાણ જેવો ચળકાટવાળો)—"પ્લાસ્ટર ઓફ પેરીસ" લેઇ તેમાં ફટકડીનું પાણી મેળવવું. પછી આ મેળવણને ચુલા ઉપર મુકી શેકવી. પછી તેનો ખુબ બારીક ભૂકો કરવો. પછી આ મેળવણી જેમ જેમ જોઇએ તેમ તેમ લેઇ તેમાં પાણી ભેળવી લગાવવામાં આવે છે. તે ઠરે છે ત્યારે એવી કઠ-

થઇ જાય છે કે તેના ઉપર ઘસી ઘસી ચળકાટ લાવી શકાય છે, ને માર્બલના રંગને મળતો રંગ કરવા સારૂ અનેક રંગો તેમાં નાખવામાં આવે છે.

પડતા દાંત બંધ કરવાની તેમજ લાકડાની સાથે કાચ, ધાતુ, અને ચીનાઇ માટીની બનાવેલી ચીજ ચ્હોડવામાં વપરાતી સીમેન્ટ—બારીક વાટેલું ત્રાંબુ ૨૦ થી ૩૦ ભાગ, ગંધકનો તેજાબ કરમાવવા જોઇએ તેટલો, પારો ૭૦ ભાગ, આમાંથી ગંધકના તેજાબમાં ત્રાંબાની ભૂકીને કરમાવી તેમાં પારો રેડી હલાવીને ખુબ ઘુંટવી. પારો તદન ભળી જાય ત્યારે ગરમ પાણીથી આ મેળવણીને ધોઇ ગંધકનો તેજાબ છુટો પાડવામાં આવે છે. પછી આ મેળવણીને ઠંડી પડવા દેઇ તેનો ઉપયોગ કરવામાં આવે છે. કરવામાં આ સીમેન્ટ એવી કઠણ થઇ જાય છે કે તેને ઘસી ઉપર ચળકાટ લાવી શકાય છે. અને તે કલાઇ તેમજ સોનાની સપાટી પણ ચોંટી રહે છે. તેને અગ્નિના તાપ આગળ ધરવાથી તે મીણ જેવી નરમ થઇ જાય છે. અને ઠંડી થયા પછી તેનું કદ સંકોચાતું નથી, તેથી રસાયણશાસ્ત્રીઓ તેમજ દાંતના વૈદ્યો દાંતને પડતા અટકાવવા આ સીમેન્ટનો ઉપયોગ કરે છે.

કોઠીઓ, કોઠા, છાપા વિગેરે ચ્હોડવાની સીમેન્ટ—અરબી ગુંદર ૫ ભાગ, સાકર ૨ ભાગ; સોહો રંગ આપવા જોઇએ તો બે ચમચા પાણી સાથે મેળવી ઉપયોગમાં લેવી.

[illegible] સીમેન્ટ—રાળ ૪ રતલ, અળશીનું તેલ ૨૦ ઔંસ, લાલ સિંદુર ૩ ઔંસ. આ બધાની મેળવણીમાં તે ઘટ્ટ થતા સુધી ઝીણી રેતી ઉમેરવી. અને જો સીમેન્ટ બને તે ગરમ, ગરમ વાપરવી. આ સીમેન્ટ કઠણ થાય છે અને તેમાં સ્થીતિસ્થાપકતાનો ગુણ ઘણો રહેલો છે. ઉપરાંત તે ટકાઉ છે અને [illegible] છે.

પોરસેલીન ઠીકરા [illegible] વિગેરે [illegible] સીમેન્ટ—[illegible] ૧૦ રતલ, પાણી ૧૧ રતલ, [illegible] ૦।। રતલ, [illegible] પાણી ને ઉપર [illegible] અને [illegible] રેડવું, પછી આ મેળવણીને [illegible] સુધી ગરમ [illegible] રહેવા દેવી. તે [illegible] ત્યારે તેને [illegible] પછી તેને [illegible] અને [illegible] [illegible] [illegible] લેવી. [illegible] તો તેને [illegible] રેડવું, અને તેને [illegible].

આરબી ગુંદર ૧૦ રતલ, ખાંડ ૨ રતલ, પાણી ૧૦ રતલ, ગુંદર અને ખાંડને પાણીમાં ઓગાળી નાંખવાં. પછી તેમાં ૧॥ ઔંસ "નાઇટ્રીક એસિડ" નાંખવો. આ પછી તે મેળવણીને ઉકાળતા સુધી તપાવવી. આ પછી ઉપલી મેળવણી અને આ મેળવણીને ભેગી કરવી. આ બન્ને મેળવણી પ્રવાહી રહે છે, તેની ઉપર ફુગ વળતી નથી અને કાગળ ઉપર તેને ચોપડવાથી તેનું પડ ચળકતું અને પારદર્શક જણાય છે. ચોપડીઓ બાંધનારા પણ આવી મેળવણી યુરોપ, અમેરિકાના દેશોમાં વાપરે છે.

પાણી લગાડયા છતાં નહિ ઉખડે એવી ટીકીટ, લીફાફા ચોડવાની સીમેન્ટ—આ બાબતની બે પ્રકારની બનાવટ થાય છે, પહેલી બનાવટ તમામ ભાગ ચહોડવા માટેની લાહી બનાવવાની છે અને તે નીચે પ્રમાણેની ચીજોથી બનાવવામાં આવે છે. ક્રોમિક એસિડ ૨૦૫ ભાગ, કોસ્ટીક એમોનીયા ૧૫ ભાગ, પાણી ૧૫ ભાગ, સલફયુરીક એસિડ ૦॥ ભાગ, કયુપ્રો–એમોન્યમ સોલ્યુશન ૩૦ ભાગ, ઝીણો ધોળો કાગળ ૮ ભાગ, સ્ટેમ્પ અગર કવરની કોર ઉપર ચહોડવાની મેળવણી–આઇસિંગ્લાસ અગર સરેસ ૧ ભાગ, પાણી ૭ ભાગ, એસેટીક એસીડ ૧ ભાગ. પાણી અને એસિડ ભેગાં કરી તેમાં આઇસિંગ્લાસ અગર સરેસ નાંખી તેને પીગળવા દેઇ એક રસ થવા દેવો. સરેશની સાથે "ક્રોમિક એસિડ" ભળવાથી એવું સંયુક્ત દ્રવ્ય બને છે કે તેમાં પાણીને લીધે કાંઇ પણ વિકાર થતો નથી અને તે પાણીથી ધોવાઇ જતું નથી. જ્યારે કાગળ ઉપર ટીકીટ વિગેરે દબાવી દેવામાં આવે છે ત્યારે તેમનો સંબંધ એવો તો મજબુત થાય છે કે પછી તે ગમે તે પ્રકારે પણ વછુટી શકતા નથી. વળી તે તેજાબને આલ્કેલીના સોડા, પોટાશ વગેરે ક્ષારોને, તેમજ ઉંડા પાણીને કે વરાળને પણ પત કરતી નથી.

આ પ્રમાણે બનાવેલી બે સામેન્ટો એક ભાગને લગાવી દાબી દીધા અને સુકાયા પછી તે એકને જુદી કરવી હોય તો ઉપરના ભાગને ફાડે કીંવા કાપે તોજ જુદો થાય છે.

નકશા ચહોડવાની, કપડા ઉપર ખેળ ઘાલવાની અને દીવાલ ઉપર કાગળો ચહોડવાની સીમેન્ટ—અનાજની સ્ટાર્ચ ૪ ઔંસ, ટાઢું પાણી ૮ ઔંસ, ઉકળતું પાણી ૫ રતલ–સ્ટાર્ચને પાણીમાં ચાટવા વડે હલાવી હલાવીને દુધ જેવી કરી નાંખવી. પછી આ મેળવણી ઉકળતા પાણીમાં રેડી દેવી અને જ્યાં સુધી ઘાટો

અર્ધ ચારઈંચ પ્રવાહી પદાર્થ થાય ત્યાં સુધી પાણીની મેળવ-
ણી કરાવતા જવું. આ પ્રમાણે ન થાય તો તેને તાપ ઉપર સુધી
થાય ત્યાં સુધી ઉકાળતાં હલાવ્યા કરવું.

સીમેન્ટની બનાવટ અને વાપરવાની રીતના સંબંધમાં કેટલાક ઉપયોગી સૂચનાઓ—સીમેન્ટ બનાવવામાં મુખ્ય લક્ષમાં રાખવાની હકીકત એ છે કે તેમાં કશા બહાર [illegible] સમજે ન [illegible]. સીમેન્ટ શી રીતે બનાવવી તેના પ્રકાર ઉપર તેમજ [illegible] બનાવટ ઉપર સીમેન્ટના કામનો આધાર રહે છે.

સીમેન્ટ [illegible] સારી રીત [illegible] તેને [illegible] રીતે બનાવવામાં [illegible] નહીં, તો [illegible] પણ જાય છે. માટે તેને બનાવવાની [illegible] સંબંધમાં જે જે સુચના કરવામાં આવી છે તે તે ઉપર, [illegible] તેને વાપરવાની રીતના સંબંધમાં કેટલી સુચનાઓ ઉપર લક્ષ આપવાની જરૂર છે.

પ્રથમ લક્ષમાં રાખવાની બાબત એ છે કે જે વસ્તુને [illegible] હોય, તે વસ્તુ [illegible] સીમેન્ટનો [illegible] [illegible].

[illegible]

[illegible]

[illegible]

[illegible]

માટીનાં વાસણો સાંધવામાં વપરાતી સીમેન્ટોના વેચનારાઓ આ વાત સારી રીતે જાણે છે. બે માટીનાં વાસણના કકડાઓ આ રીતે સાંધવામાં આવે છે, ત્યારે આવા સાંધેલા કકડાઓ સાંધણ સીવાયના ભાગો આગળથી ભાગી જતાં માલુમ પડે છે પરંતુ સાંધા આગળથી ભાગતા જણાતા નથી.

લોકો આ ક્રિયા થતાં વારંવાર જુએ છે, તોપણ તેમજ સીમેન્ટનો ઉપયોગ કરે છે, તોપણ દશ કેસોમાંના નવમાં એવું બને છે કે તેમના હાથે વપરાયલી સીમેન્ટ તદન નકામા જેવી થઇ પડે છે, કારણ કે તેઓ તેને વાપરવાની રીત જાણતા નથી.

કાચના વાસણના અગર ચીનાઇ વાસણના કકડા સાંધતાં તેઓ તેમને જોઇએ તેટલા તપાવતાં ડરે છે. એટલુંજ નહી પણ જોઇએ તે કરતાં વધારે સીમેન્ટ ચોપડીને પરિણામને સારૂ આવવા ન દેતાં નિષ્ફળ થાય છે. આવી વખતે પોતાનો જ દોષ કાઢતાં સઘળો ઠપકો તેઓ સીમેન્ટને તેમજ સીમેન્ટ બનાવનારને દે છે. બે સપાટીઓને મળવામાં મુખ્ય અંતરાય કરનાર હવા અને કચરો છે. હવા સર્વત્ર હાજર હોય છે, અને કચરો તો અકસ્માતથી અગર ગાફલતથી આવી જાય છે. સઘળી સપાટીઓ ઉપર હવાનું એવું પાતળું પડ લાગી રહે છે કે સાધારણ ઉપયોગથી તેને ખસેડવું ઘણું મુશ્કેલ છે; અને જ્યાં સુધી આ હવાનું પડ ખસેડવામાં ન આવ્યું હોય ત્યાં સુધી ગમે તેવી 'સીમેન્ટ' ચોંટી શકતી નથી. કારણ કે હવાના વચમાં પડતા પડના ખાતને લીધે લગાવવાની સપાટી સાથે તેનો સાક્ષાત સંબંધ થઇ શકતો નથી. આ હવાનું પાતળું પડ ખસેડનાર સૌથી જબરજસ્ત ઉપાય તાપ છે. ધાતુઓને ૨૦૦ ડીગ્રી ઉપરાંત તાપે તપાવવામાં આવતાં પાણીમાં બોળવાથી તેમની સપાટીનો દરેક ભાગ ભીનો થાય છે. માટે જો "સીમેન્ટ" નો ઉપયોગ નરમ અગર પીગળેલી સ્થિતિમાં કરવાનો છે, તે જો સપાટીઓને લગાડવાની હોય તે સપાટીઓને તપાવવામાં આવે તોજ પોતાનું કામ સારી રીતે બજાવી શકે.

એમ લગાવવાનો હોય તો જો ઉપર લગાવવાનો હોય તો સપાટીઓને પ્રથમ ઘસી પછી સીમેન્ટ લગાવી, દબાવવાથી પોતાનું કાર્ય કરે છે.

પ્રકરણ ૬.

નવા કુવા ખોદતી વખતે કેટલી ઊંડાઇએ પાણી થશે તે વિષે—હાલમાં કેટલાએક ઠેકાણે બીલકુલ અભણ ગામડીઆ લોકો પૈકી કોઇ કોઇ ચમત્કારીક શોધ કરનાર મળી આવે છે કે તેની કરેલ શોધથી મોટા વિદ્વાનો પણ આશ્ચર્ય પામે છે. કપડાં વણવાના સંચાની યુક્તિ એક વાણીએ શોધી કાઢી હતી, તથા મકાનની કળા એક ચિ-ભીએ શોધી કાઢી હતી, તેમજ આકાશના ગ્રહોની ગતિ પ્રથમ કોઇ ભરવાડ જેવા લોકે શોધી હતી. આપણા દેશમાં હજુ ગએલા અ-થવા નવા કુવા શોધી કાઢનાર લોકો કોઇ કોઇ ઠેકાણે હાલમાં છે. તેઓની વાતો નહિ માની શકાય તેવી અચંબીક ચાલે છે. તે એવી કે અમુક ગામમાં કોઇ કોળી ભરવાડ ગમે તે જાતનો નાજુમ કુવા જોનાર પંકાએલો છે, માટે તેને બોલાવો કે તે બરોબર કુવો આંકી આપશે. તેને બોલાવેથી આવે છે, અને તેને ફક્ત કંઇ જુજ મહે-નતાણુંજ આપવું પડે છે. તે આવીને જે ખેતરમાં કુવો કરવો હોય તે ખેતરમાં જઇ ચારે બાજુ ફરે છે, અને જમીન તપાસે છે, ખાડા ખોદે છે તેમજ કંઇ નિશાનો પણ જુવે છે. અને કહે છે કે આ ઠેકાણે અમુક હાથે ઊંડું પાણી થશે, અને આ ઠેકાણે નહિ થાય. તેમ અહીં પથ્થર આવશે, અને અહીં નહીં આવે. અહીં માટી લાલ પાંચ હાથે અને તે પછી સફેદ આઠ હાથે અને પછી કાળી પાંચ હાથે આવશે, પછી પાણી થશે. વગેરે કેટલીક અચંબા પમાડનારી હકીકત કહે છે અને ઘણું કરી તે વાત ખરી પણ પડે છે. આ કળા આપણા દેશમાંથી થોડે થોડે નાશ પામતી જાય છે, જે બાબતને આપણે નજરી ગણતા હોઇએ તેમાંથી શોધ કરતાં મોટી ઉપયોગી બાબત મળી આવે છે. માટે સર્વે બાબતોનો સારી પેઠે શોધ થવો જોઇએ. તે શોધ નાણાંથી અને હોંશીઆરીથી થઇ શકે, પણ આ-પણા દેશમાં જેની પાસે નાણાં છે તેની પાસે ઘણું કરી અક્કલની ખામી છે, અને જેઓમાં અક્કલ છે તેઓની પાસે નાણાંની ખામી છે. તેથી દરેક બાબતનો શોધ થઇ શકતો નથી; અને નાણું અને અક્કલ એક ઠેકાણે મળી આવે એવો વખત આવશે, એટલામાં જુની કળાઓ નાશ પામશે એવો સંભવ છે. માટે હાલના વિદ્વા-નોએ અને શ્રીમંતોએ એ વિષે પુર્ણ વિચાર કરવો જોઇએ. અને

... આવો જોઈએ કે જેથી ... થાય.

... દરબારમાં નવરં... છે, તેઓ પૈકીના વ-... બૃહત્સં-... માટે તેમજ ...

... એ નેતરનું ઝાડ ... ખોદવાથી દોઢ ... અને તે પાણીની ... ઉંચો ... આગળની ... છે. ... પુરૂષ એ-

... છે કે ... ખોદતાં ... માટી ... પથ-

... ઉત્તરમાં ... દિશા ... નેતરના ... છે.

... ખોદતાં ... ખોદતાં ... તે સ્થળે ... અને ...

૪. જે સ્થળે પાણી થવાની બીલકુલ આશા ન લાગતી હોય
તે સ્થળે ઉમરાનું ઝાડ હોય તો તેનાથી પશ્ચિમમાં ત્રણ હાથ
ખોદવાથી અઢી પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. વળી
સ્થળે એક પુરૂષ જેટલું ઉંડુ ખોદતાં ધોળો સાપ નિકળે છે.
સુરમાના જેવા અત્યંત કાળા રંગના પત્થર નિકળે છે, અને
પાર બાદ પાણી થાય છે.

૫. જો સાદડ અથવા ઝેંઝીના ઝાડથી ત્રણ હાથ દુર ઉત્તમ
દિશામાં સાપનો રાફડો હોય તો તે ઝાડથી પશ્ચિમ દિશામાં ત્રણ હાથ
દૂર ખોદવાથી સાડા ત્રણ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.
અને આધા પુરૂષ જેટલું ઉંડું ખોદવાથી ધોળા રંગની ઘો અથવા
ગરોળી નિકળે છે. એક પુરૂષ જેટલી ઉંડાઇએ ધુમ્રા રંગની માટી
નિકળે છે. બાદ પીળી અને ધોળા રંગની માટી રેતી તથા પત્થર નિકળે
છે, અને છેવટ રેતીના વગામાં અવિછિન્ન જળ થાય છે.

૬. જો નગોડનું ઝાડ રાફડાયુક્ત હોય તો તેનાથી દક્ષિણ
દીશામાં ત્રણ હાથના છેટે ખોદવાથી સવા બે પુરૂષ જેટલી ઉંડાઇએ
કોઇ દીવસ ન ખુટે એવું મીઠું જળ મળી આવે છે. એ સ્થળે
આધા પુરૂષ જેટલી ઉંડાઇએ ખોદવાથી માછલું નિકળે છે. બાદ
કપોત આવ જેવા રંગની અને પીળું રંગની માટી નિકળી છેવટે
રેતુ અને ઘણી પત્થરોની ઝીણી કાંકરીઓવાળું વગુ આવી તેમાં
અખુટ જળ થાય છે.

૭. જો બોરના ઝાડથી પૂર્વ દિશાએ રાફડો હોય તો તે ઝાડથી
પશ્ચિમ દીશાએ ત્રણ હાથના છેટે ખોદવાથી ત્રણ પુરૂષ જેટલી એટલે
પંદર હાથની ઉંડાઇએ પાણી થાય છે. એ સ્થળે આધા પુરૂષ જેટલું
ખોદવાથી સફેદ રંગની ગરોળી નિકળે છે.

૮. જો પાણી વગરની જગ્યાએ ખાખરો અને બોરનું ઝાડ
ભેગું હોય તો તેનાથી પશ્ચિમમાં ત્રણ હાથ જેટલે છેટે ખોદવાથી
સવા ત્રણ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે આ સ્થળે ખોદ-
વાથી એક પુરૂષ જેટલી ઉંડાઇએ ઝેર વગરનો એક પ્રકારનો
સાપ નિકળે છે.

૯. જો બીલી અને ઉમરાનું ઝાડ એ બે ભેગાં એક સ્થળે
ઉગેલાં હોય તો તેનાથી દક્ષિણ દિશામાં ત્રણ હાથના છેટે

ખોદવાથી ત્રણ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે, અને આઠ્ઠા પુરૂષ જેટલી ઉંડાઇએ કાળા રંગનું દેડકું મળી આવે છે.

૧૦. જો દેડ ઉંબરીની નજીકમાં રાફડો હોય તો તે રાફડાની નીચેજ સવા ત્રણ પુરૂષ જેટલી ઉંડાઇએ ખોદવાથી પશ્ચિમ દિશા તરફ વહેનારી પાણીની આવ મળી આવે છે. વળી આ સ્થળે ખોદતાં પાંડુ અને પીળા રંગની મરડીયા જેવી માટી નિકળે છે. ગારની જેવા સફેદ રંગના પથરો નિકળે છે. અને અડધા પુરૂષ જેટલી ઉંડાઇએ જતાં પોયણાના જેવા રંગનો ઉંદર મળી આવે છે.

૧૧. પાણી સિવાયની જગ્યામાં જો કપિલાનું ઝાડ હોય તો તે ઝાડથી પૂર્વ દીશાએ ત્રણ હાથના છેટે ખોદવાથી સવા ત્રણ પુરૂષની ઉંડાઇએ દક્ષિણ દીશા તરફ વહેતી પાણીની આવ મળી આવે છે. આ સ્થળે ખોદતાં પ્રથમ આસમાની રંગના કમલ જેવી અથવા તો ગળીના જેવા રંગની માટી મળી આવે છે. બાદ કબુતરના જેવી માટી નજરે પડે છે. એક હાથની ઉંડાઇએ જતાં બકરાના જેવા ગંધવાળી માછલી નિકળે છે. આ સ્થળે જે પાણી થાય છે તે થોડું અને સ્વાદે ખારૂં હોય છે.

૧૨. પાણી સિવાયની જમીનમાં જો અરડુસાનું ઝાડ મળી આવે તો તેનાથી વાયવ્ય કોણમાં બે હાથ છેટે ખોદવાથી ત્રણ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૧૩. જો બહેડાના ઝાડની નજીકમાં દક્ષીણ દીશાએ સાપનો રાફડો હોય તો તે ઝાડથી બે હાથ છેટે પૂર્વ દીશામાં ખોદવાથી દોઢ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. પ્રથમ એ ઠેકાણે ખોદતાં એક પુરૂષ જેટલી ઉંડાઇએ શંકરનું સફેદ રંગનું બાણ નીકળે છે, તેથી નીચે ખોદતાં કેશરી રંગનો પથર આવેલો દેખાશે, તેના નીચે પશ્ચિમ દીશા તરફથી પાણીની આવ મળી આવે છે. પણ ત્રણ વર્ષથી તે વધુ ચાલતી નથી પણ બીલકુલ કમી થઇ જાય છે, એટલે પાણી સુકાઇ જાય છે.

૧૪. સમ પર્ણી વૃક્ષ (સાત પાનનો છોડ) થી ઇશાન ખુણા તરફ ડાભની વીંટાએલો ધોળી માટી વાળો સાપનો રાફડો હોય તો ઝાડ અને રાફડા વચ્ચે ખોદતાં ચાર પુરૂષ જેટલી ઉંડાઇએ ઘણુંજ જળ હોય છે. તે ઠેકાણે ખોદવાથી એક પુરૂષ જેટલી ઉંડા-

એ પાંચ હાથમાંથી ભુરા રંગનો સાપ નિકળે છે, અને રાતા રંગની ...રી નીકળે છે અને તેના નીચે ડુંકો એવો પથ્થર નીકળે છે.

૧૫. પાણી સીવાયની જમીનમાં સમજવું (આ પાનનો દી-...સો) તું જ્યાં હોય અને તેના નીચે સાપનો રાફડો હોય તો તેનાથી ઉત્તરદીશા તરફ એક હાથ ઉપર ખોદવાથી પંચ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. ત્યાં આગળ ખોદવાથી અડધા પુરૂષ જેટલી ઉંડાઇએ એક દેડકો નીકળે છે, પછી હરતાલના રંગ જેવી માટી નીકળે છે, પછી પરભાતના રંગ જેવો શામવર્ણનો પથ્થર નીકળે છે, તેથી નિચે મીઠા પાણીની આવ ઉત્તર દીશામાંથી આવે છે.

૧૬. જાંબુ ને ... ઝાડ નજીક દેડકો બોલતો માલુમ પડે તો તે ઝાડ-...થી ઉત્તર દીશા તરફ એક હાથ ઉપર ખોદતાં સાડાચાર પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. ત્યાં આગળ ખોદવાથી એક પુરૂષ જેટલી ઉંડાઇએ નોળીઓ નીકળે છે. તેના નીચે ખોદતાં પ્રથમ કાળી, પછી પીળી, પછી ધોળી એમ ત્રણ જાતની માટી અનુક્રમે નીકળતાં તેના નીચે દેડકાના શરીરના રંગનો પથ્થર આવે છે.

૧૭. કરૂજના ઝાડની દક્ષિણ બાજુએ સાપનો રાફડો હોય તો તે ઝાડથી બે હાથ દક્ષિણ દીશા તરફ ખોદતાં સાડા ત્રણ પુરૂષ જે-...ટલી ઉંડાઇએ પાણી થાય છે. તે ઠેકાણે ખોદવાથી અડધા પુરૂષ જેટલી ઉંડાઇએ કાચબો નીકળે છે. એક પુરૂષ જેટલી ઉંડાઇએ પુર્વ તરફથી આવેલા પાણી દેખાવ દે છે, અને બીજી જગ્યાથી ભરપુર એવી ઉત્તર દીશામાંથી આવ આવે છે, પ્રથમ લીલા રંગનો પથ્થર આવતાં તેના નીચે પાણી થાય છે.

૧૮. મહુડાના ઝાડથી ઉત્તર દીશામાં સાપનો રાફડો હોય તો તે ઝાડથી પશ્ચિમ દીશા તરફ પંચ હાથ મુકીને ખોદવાથી સાત પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. ત્યાં આગળ ખોદવાથી એક પુરૂષ જેટલી ઉંડાઇએથી મોટો સાપ નિકળે છે અને ધુમાડાના રંગ જેવી માટી નીકળે છે. પછી કળથીના રંગનો પથ્થર નીકળે છે. બાદ પુર્વ તરફથી આવ આવે છે, જેમાં હમેશાં તેજદાર પાણી વધારે રહે છે.

૧૯. તીલક વૃક્ષની દક્ષિણ દીશામાં ધરો અને ડાભથી વીંટા-એલો સાપનો રાફડો હોય તો તે ઝાડથી પશ્ચિમ દીશા તરફ ખો-દતાં પાંચ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે, અને પુર્વ તરફની આવ આવે છે.

૨૦. કદમના ઝાડથી પશ્ચિમ દીશા તરફ જો સાપનો રાફડો હોય તો તે ઝાડથી ત્રણ હાથ દક્ષિણ દીશા તરફ ખોદતાં છ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે, અને ઉત્તર તરફથી આવ આવે છે અને પાણી કદી ખુટે નહીં તેટલું થાય છે. પરંતુ તે પાણીમાં ખોટની ગંધ આવે છે. એક પુરૂષ જેટલી ઉંડાઇએથી સોનાના રંગનો દેડકો અને પછી પીળી માટી નીકળે છે.

[illegible] [illegible] અથવા નાળીએરીના ઝાડને ફરતો સાપનો રાફડો હોય તો તે ઝાડથી પશ્ચિમ દીશા તરફ છ હાથ ઉપર ખોદતાં બાર પુરૂષ જેટલી ઉંડાઇએ દક્ષિણ દીશા તરફથી આવ આવી પાણી થાય છે.

[illegible] [illegible]ના ઝાડથી દક્ષિણ દીશા તરફ રાફડો હોય તો તે ઝાડથી ઉત્તર દીશા તરફ સાત હાથ ઉપર ખોદતાં પાંચ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે, ત્યાં આગળ ખોદવાથી એક પુરૂષ જેટલી ઉંડાઇએ ચીત્રા નામનો સાપ નીકળે છે, પછી કાળી માટી નીકળે છે, [illegible] નીચે પતરીઆળો પથ્થર, અને પછી તે નીચે ધોળી માટી [illegible] [illegible] [illegible] તરફની આવોથી પુષ્કળ પાણી થાય છે.

[illegible] [illegible]ના ઝાડની ડાબી બાજુએ બોરનું ઝાડ હોય અથવા [illegible] [illegible] હોય તો તેના ખુણાથી છ હાથ ઉત્તર દીશામાં ખોદતાં સાડાત્રણ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. પહેલા પુરૂષ જેટલું ખોદતાં કાચબો નીકળે છે. પછી ધુમાડીયા રંગનો પથ્થર નીકળે છે [illegible] રેતીવાળી માટી નીકળે છે. પહેલી દક્ષિણ દીશાની આવ આવે છે. અને ત્યાર પછી ઇશાનકોણ તરફથી આવ આવે છે.

[illegible] [illegible] નામના ઝાડની ડાબી બાજુએ સાપનો રાફડો હોય તો તે ઝાડથી પુર્વ દીશા તરફ ત્રણ હાથ ઉપર ખોદતાં પાંચ પુરૂષ જેટલી ઉંડાઇએ કાચબો આવ નીકળે છે, અને પછી પીળી માટી [illegible], તેના નીચે લીલા રંગનો પથ્થર નીકળે છે. તેના નીચે કાળી માટી નીકળે છે [illegible] પહેલી આવ પશ્ચિમ તરફથી આવે છે, અને [illegible] [illegible] તરફથી આવે છે.

૨૪. [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] માટી [illegible] [illegible], અને [illegible] ઘણી હોય, અને તે [illegible] [illegible] હોય તો તે ઠેકાણે એક પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૨૬. આરંભી, નસોતર, ત્રિવો, લક્ષ્મણા, માલતી એ વનસ્પતિ જ્યાં થતી હોય ત્યાંથી દક્ષિણ દીશા તરફ બે હાથ ઉપર ત્રણ પુરુષ જેટલી ઉંડાઇએ ખોદવાથી પાણી થાય છે.

૨૭. જ્યાં આગળ લીસાં અને કસવાળાં અને ધરાદાર ડુંગી શાખાવાળાં ઝાડો હોય ત્યાં આગળ પાણી થાતું નથી એટલે ઉપર હોય છે, અને જ્યાં આગળ કાણાં કાણાંવાળાં પાનાં અને સુકાં જેવાં ઝીણ પાનાંવાળાં ડાંખળાં મોટાં હોય તેવાં ઝાડોવાળી જગ્યામાં પાણી થતું નથી.

૨૮. જ્યાં આગળ તિલક, બોંડી, વાસણો, ભીલામો, બીલી, ટેંબરવો, આંકડો, કાંકચ (કરંજ) સરસડો, આરીપાલવ, કાંમડી, એ વૃક્ષ ઘણાંજ લીલાં રહેતાં હોય તેવી જગ્યાની એટલે તે પૈકી કોઇ પણ ઝાડથી ઉત્તર દીશા તરફ ત્રણ હાથ ઉપર ખોદતાં સાડાચાર પુરુષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૨૯. જે જગ્યામાં ફરતુ ઘાસ ન હોય અને વચમાં થોડીક જમીન ગોળ આકારે લીલા ઘાસવાળી થતી હોય, અગર ફરતો ઘાસવાળો ભાગ હોય અને વચમાં થોડીક ગોળા આકારે કોઈ ઘાસ સીવાયની થોડીક જગ્યા હોય ત્યાં ખોદતાં સાડાચાર પુરુષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે, અગર તો તે ઠેકાણેથી દાટેલું ધન હાથ આવે છે.

૩૦. જે જગ્યામાં કાંટાવાળાં ઝાડો વચ્ચે ફક્ત એકજ કાંટા સિવાયનું ઝાડ હોય, અથવા ઘણાં કાંટા સીવાયનાં ઝાડ વચ્ચે એકજ કાંટાવાળું ઝાડ હોય તો તે ઝાડની પશ્ચિમદીશા તરફ ત્રણ હાથ ઉપર સત્તર હાથ ઉંડાઇએ પાણી થાય છે અગર ધન દાટેલું નિકળે છે.

૩૧. જે જમીન ઉપર તાડન (ઠોકવાથી) કરવાથી ગંભીર શબ્દ થાય છે ત્યાં આગળ ખોદવાથી સાડાત્રણ જેટલી ઉંડાઇએ ઉત્તર દીશા તરફ વહેનારી આપ આવે છે.

૩૨. કોઇ ઝાડની ફક્ત એકજ ડાળી જમીન તરફ ઝુકી રહી હોય અથવા પીળી પડી ગઇ હોય તો તે ડાળી નીચે ખોદતાં ત્રણ પુરુષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૩૩. જે ઝાડનાં ફળ અને ફુલ વિચિત્ર જાતનાં થતાં હોય તે ઝાડથી પુર્વ દીશામાં ત્રણ હાથ છેટે ખોદવાથી ચાર પુરુષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. પ્રથમ પીળા રંગની માટી (મરડ) આવે છે, તે પછી તેના નીચે પથ્થરનું વર્ણું આવે છે.

ઘરોથી વીંટાએલો હોય તો તે કદમના ઝાડથી બે હાથ છેટે દક્ષિણ દીશા તરફ ખોદતાં પચીસ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૫૦. એવા જોડ ત્રણ રાફડા અને તે દરેકની પાસે એક એક ક્રમે તે જાતના ઝાડ જોડે રોહીડાનું ઝાડ હોય તો જ્યાં રોહીડાનું ઝાડ હોય ત્યાંથી ચાર હાથ અને સોળ આંગળ જેટલું દૂર ઉત્તર દીશા તરફ ખોદવાથી બાવીસ પુરૂષ જેટલી ઉંડાઇએ પથ્થર નિકળે છે અને તેના નીચે પાણી થાય છે

૫૧. જ્યાં ઘણી કાંટાવાળું સમળી (સેંમરી) નું ઝાડ હોય અને તેની ઉત્તરમાં રાફડો હોય તો તે ઝાડથી પશ્ચિમ દીશા તરફ પાંચ હાથના છેટે ખોદવાથી પચાસ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૫૨. એકજ જગ્યાએ પાંચ રાફડા હોય અને તેમાંનો વચલો રાફડો સફેદ રંગનો હોય તો એ સફેદ રાફડા નીચે ખોદવાથી (૨૧) પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૫૩ જ્યાં ખાખરો અને સમળી(સેંમરી) બેમાં હોય એ ઝાડોથી પાંચ હાથ છેટે પશ્ચિમ દીશામાં ખોદવાથી (૬૦) પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. પ્રથમ અડધા પુરૂષ જેટલું ખોદવાથી સાપ અને પછી રેતી મીશ્રીત પીળી માટી નિકળે છે.

૫૪. જ્યાં આગળ ગાંઠવાળી વીંટાએલું પીળા રોહીડાનું ઝાડ હોય તો એ ઝાડથી એક હાથ છેટે પૂર્વ દીશામાં ખોદતાં (૭૦) પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૫૫. જ્યાં ઘણું કાંટાવાળું પીળા બીજડીનું ઝાડ હોય એ ઝાડથી એક હાથ દક્ષિણ તરફ ખોદવાથી (૭૫) પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે. તેમાં અડધા પુરૂષ જેટલું ખોદતાં સાપ નિકળે છે.

મારવાડ દેશમાં પાણીની આવ જાણવા માટે જે આ ચિન્હો કહ્યાં તે પ્રમાણે જળવા કે અનુપ દેશમાં જોવું નહિ. કેમકે મારવાડ દેશમાં પાણીની આવ એક સરખી રીતે હોતી નહિ, વહેતાં ઉદક ઝરાની માફક કોઇ ઠેકાણે ઉપર તો કોઇ ઠેકાણે નિચી વહે છે, અને તેથી ત્યાં ઘણુંજ ઉંડુ ખોદવાથી પાણી આવે છે. તેમજ વળી હંમેશાં પાણીને અસ્તીત્વની રીત મુંદીનાં ચક્રનો જાગ્રત દેશ માટે છે. તે કારણથી અનુપદેશના માટે જુદી પાણીની આવ કહેલી નથી.

જે દેશમાં અતિશય પાણી ભરાઇ રહેતું હોય તે અનુપ દેશ કહે-વાય છે, ઘણું વધારે નહીં અને ઘણું ઓછું પણ નહીં તે જાંગલ દેશ કહેવાય છે. અને જ્યાં આગળ પાણી ઘણું ઓછું હોય તેને મરૂ (મારવાડ) દેશ કહે છે. અનુપ દેશમાં સ્વાભાવિક રીતે પુષ્કળ પાણી થાય છે તેથી તેનાં લક્ષણો કહ્યાં નથી, માટે ઉપર પ્રમાણે કહેલાં ચિન્હો પૈકી ગમે પણ ચિન્હો જોવાની જરૂર નથી. પણ મારવાડના માટે જે ખાસ ચિન્હો કહ્યાં છે તે સીવાય જાંગલ દેશના માટે કહેલાં ચિન્હો પૈકીનું કોઇ પણ ચિન્હ (જેવાં કે નેતરના ઝાડ, જાં-બાનાં ઝાડ પાસે રાફડો વિગેરે ૧ થી ૩૮ સુધીના) જોવામાં આવે તે. તેના માટે જે ફળ બતાવ્યું છે તેના કરતાં બમણી ઉંડાઇએ પાણી નિકળવાનું કહેવું.

૫૨ જાંબુનો, નસોતર, દેમકંદ, શીશમ, કુપલેટ, પીંપળ, વા-રાહીકંદ, વેત, એ પૈકીનું ગમે તે ઝાડ રાફડા ઉપર હોય તો ત્યાંથી ઉત્તર દીશા તરફ ત્રણ હાથ છેટે ત્રણ પુરૂષ નીચે પાણી થાય છે. આ પ્રમાણે અનુપદેશમાં થાય છે. અને એ ચિન્હ જાંગલ દેશમાં જ-ણાય તો પાંચ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થવાનું કહેવું, અને મરૂ (મારવાડ) દેશમાં આ ચીન્હ જણાય તો સાત પુરૂષ જેટલી ઉંડા-ઇએ પાણી થાય એમ કહેવું.

૫૩ એકજ રંગની માટીવાળી જમીનમાં જ્યાં ખડ, ઝાડ, રાફડા વિગેરે ન હોય ત્યાં કોઇ પણ જાતની ફેરફાર સિવાયની એકજ રંગની ફક્ત માટી આવીને પાંચ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે, અથવા વડ, પીંપળ એ બે ઝાડ ભેગાં ઉગેલાં જે જગોએ માલુમ પડે તે જગોને તે ઝાડ તળે પણ ત્રણ હાથ ઉંડાઇએ ખોદ-વાથી પાણી આવે છે, અને ઉત્તર દીશા તરફ વહેનારી પાણીની પુષ્કળ આવ આવે છે.

૫૪ જ્યાં આગળ સુંવાળી અને નરમ વેણુ (રેતી) વાળી જમો હોય, અને તે જમીનમાં ચાલતાં પગવડે પોલાણનો શબ્દ નીકળતો જણાય તેવી જમીમાં ત્યાંથી પાંચ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૫૫ જ્યાં આગળ ઘણાં સુંવાળાં અને ઘટાવાળાં વૃક્ષોની કુંડી હોય, તે કુંડીથી દક્ષિણ દીશા તરફ ચાર પુરૂષ જેટલી ઉંડાઇએ ચક્કસ પાણી થાય છે. અને તે કુંડીમાં એક વૃક્ષ વીષમ એટલે

જુદીજ તરેહનું ફળ ફુલવાળું હોય. (કુદરતની વિરૂદ્ધ) તે ઝાડની દક્ષિણ તરફ ચાર પુરૂષ જેટલી ઉંડાઇએ પુષ્કળ પાણી થાય છે.

૬૦ જે જંગલ, અથવા અનુપદેશની જમીન ઉપર ચાલતાં પગ તળે દબી જાય ત્યાં દોઢ પુરૂષની ઉંડાઇએ પાણી થાય છે, તેમજ ઘણા ભાગે કીડા જેવાં જંતુઓ રહેઠાણ વીનાનાં નજરે પડે એવી જગોમાં પણ દોઢ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૬૧ જ્યા આગળ સઘળી જગ્યા ગરમ અથવા થોડી ટાઢી અને થોડી ગરમ, વળી ટાઢી એ પ્રમાણેની જમીન હોય ત્યાં સાડા ત્રણ પુરૂષ નીચે પાણી થાય છે.

૬૨ જે જમીનમા એટલે જંગલ અથવા અનુપદેશમાં ઘણાં ભાગે રાફડાઓની ઝુડી હોય અથવા હાર હોય અને તેમાં વચ્ચેનો રાફડો સૌથી ઉંચો હોય, તો તે રાફડાની તળે ખોદવાથી ફક્ત ચાર હાથ ઉંડાઇએ પાણી થાય છે, તેમજ જ્યાં આગળ ખેતી અંધાચ પાણી તૈયાર થતા સુકાઇ જાય અને પુર્ણ રીતે પાકે નહી એવી જગોએ પણ ચાર હાથ ખોદતાં પાણી થાય છે.

૬૩ વડ, પીંપળ, ઉંબરો એ ત્રણ ઝાડ જ્યાં આગળ ભેગાં ઉગેલા હોય ત્યા આગળ એ ઝાડોની તળે ત્રણ હાથ ખોદવાથી પાણી નિકળે છે અથવા વડ, પીંપળ એ બે ઝાડ ભેગાં ઉગેલાં જે જગોએ માલમ પડે તે જગોએ તે ઝાડ તળે પણ ત્રણ હાથ ઉંડાઇએ ખોદવાથી પાણી આવે છે, અને ઉત્તર દીશા તરફ વહેનારી પાણીની પુષ્કળ આવ આવે છે.

કુવો ખોદવાના નૈરૂત્ય અને વાવ્ય ખુણ તરફની દીશા તજવી જોઇએ, કેમકે એ બે દીશાએ કુવો ખોદવાથી પુત્ર અને સ્ત્રીનો નાશ થાય છે. માટે તે સિવાયની ગમે તે દિશાએ કુવો ખોદવાનું કામ કરવા કહેવું.

ઉપર પ્રમાણે સારસ્વત મુનીએ બતાવેલા પાણી થવાના શાસ્ત્રની માહીતી અમોએ આપી. હવે મનુ મહાત્માના બતાવેલા પાણી થવાના પ્રયોગો મળેલી અને નોંધ આપીએ છીએ.

૧ જે દેશભુની વસ્તેલી, સુખી ન હોતાં બલ્કીજ કમતાર હોય છે. ત્યાં આગળ ખોદવાથી ત્રણ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી મળી આવે છે. અથવા જે રસ્તે, જમીન ઉપર થનારા કમળ, ગોખરૂ, વીરણ, મુંજ, કામ, દાભ, વાંસીનો, પાન, ખજુર, જાંબુઓ, આદ્ય,

નેતર, વીગેરે જાતનાં ઝાડ, ઘાસ, વેલી વગેરે લાગ્યાં હોય અથવા ઉમરો, વડ વગેરે દુધવાળાં ઝાડો હોય, અથવા ખાદ, નાળીએર, કમળ, કમુદ, નમોર, જેવાં વગેરેનાં ઝાડ, હોય ત્યાં ત્રણ પુરષ જેટલી ઊંડાઇએ પાણી હોય છે. અથવા જ્યાં આગળ ડોર પર્વતની ઉપર બીજો પર્વત આવેલો હોય ત્યાં આગળ તે ડુંગર ઉપરના બીજા ડુંગરની ધારમાં ત્રણ પુરષ જેટલી ઊંડાઇએ પાણી હોય છે.

૨ મુંજ, કાસ અને દાભ જે જમીનમાં ઘણાં હોય, જ્યાં આગળ પથ્થરની કાંકરીઓ મળેલી અગ્ની જેવા રંગની માટી હોય, અથવા જ્યાં આગળ કાળી અને લાલ માટી મળી કેસર રંગની હોય, ત્યાં આગળ મીઠા મધુર સ્વાદનું પાણી મળી આવે છે. જ્યાં આગળ પથ્થરના ભેદવાળી તાંબાના રંગ જેવી લાલ રંગની જમીન હોય ત્યાં આગળ તુરા સ્વાદનું પાણી થાય છે. જ્યાં આગળ કપીલા સ્યવના રંગ જેવી જમીન હોય ત્યાં આગળ ખારૂં પાણી હોય છે. જ્યાં આગળ પાંડુ રંગની ઉપર માટી હોય ત્યાં આગળ મીઠાના સ્વાદનું પાણી આવે છે. જ્યાં આગળ મગીના રંગ જેવી માટી હોય ત્યાં આગળ મીઠું પાણી મળી આવે છે.

૩ જ્યાં આગળ નાગ, સાદડ, પીલી, રાગ, સીરજુ, લીંબડો, શીસમ, વીગેરે ઝાડોનાં પાંદડાં સુખાં અને કાણાં પાડેલાં હોય, તેમજ બીજી જાતની પણ સુખી હોય ત્યાં આગળ પાણી ઘણુંજ ઉંડું હોય છે.

૪ જે જમીન સૂર્ય, અગ્નિ, રાખ, ઉંટ, કે ગધેડાના રંગની માટી હોય તે પાણી વગરની હોય છે. પરંતુ જે લાલ રંગની જમીનમાં લાલ રંગની ટીસીઓવાળું કેરડાનું ઝાડ હોય ને તેને તોડવાથી દુધ જેવું નીકળતું હોય તો ત્યાં આગળ પથ્થરનું વણુ આવે છે તે તોડવાથી પાણી થાય છે.

૫ કુવો ખોદતાં જે જગ્યાએ પથ્થરનું વણુ આવેલ હોય તે વેગાનો રંગ જો મગ કે મેઘની સમાન કાળો રંગ અથવા પાકેલા ઉંબરાના જેવો હોય, અથવા જે પથ્થર ફોડવાથી સુરમા જેવો તે કાળા રંગનો નિકળે અથવા કપીલ રંગનો નીકળતો હોય તો તે પડ ફોડવા બાદ ઘણું પાણી થાય છે.

૬ પથરનું જે વણુ કબુતર, મધ, ઘી કે રેશમી અતલસના કપડા જેવું હોય ત્યાં પણ અપૂર પાણી થાય છે.

૭ જે જગ્યાએ તાંબાના રંગ જેવા કપાંવાળા

જીજ તરેહનું ફળ ફુલવાળું હોય. (કુદરતની વિરૂદ્ધ) તે ઝાડની દક્ષિણ તરફ ચાર પુરૂષ જેટલી ઉંડાઇએ પુષ્કળ પાણી થાય છે.

૬૦ જે જંગલ, અથવા અનુપદેશની જમીન ઉપર ચાલતાં પગ તળે દબી જાય ત્યા દોઢ પુરૂષની ઉંડાઇએ પાણી થાય છે, તેમજ ઘણા ભાગે કીડા જેવાં જંતુઓ રહેઠાણ વીનાનાં નજરે પડે એવી જગોમાં પણ દોઢ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી થાય છે.

૬૧ જ્યાં આગળ સઘળી જગ્યા ગરમ અથવા થોડી ટાઢી અને થોડી ગરમ, વળી ટાઢી એ પ્રમાણેની જમીન હોય ત્યાં સાડા ત્રણ પુરૂષ નીચે પાણી થાય છે.

૬૨ જે જમીનમાં એટલે જંગલ અથવા અનુપદેશમાં ઘણાં ભાગે રાફડાઓની ઝુડી હોય અથવા હાર હોય અને તેમાં વચ્ચેનો રાફડો સૌથી ઊંચો હોય, તો તે રાફડાની તળે ખોદવાથી ફક્ત ચાર હાથ ઊંડાઇએ પાણી થાય છે, તેમજ જ્યાં આગળ ખેતી અન્ધવચ પાકી તૈયાર થતાં સુકાઇ જાય અને પુર્ણ રીતે પાકે નહી એવા જગોએ પણ ચાર હાથ ખોદતાં પાણી થાય છે.

૬૩ વડ, પીંપળ, ઊંબરો એ ત્રણ ઝાડ જ્યાં આગળ ભેગાં ઉગેલા હોય ત્યાં આગળ એ ઝાડોની તળે ત્રણ હાથ ખોદવાથી પાણી નિકળે છે અથવા વડ, પીંપળ એ બે ઝાડ ભેગાં ઉગેલાં જે જગોએ માલમ પડે તે જગોએ તે ઝાડ તળે પણ ત્રણ હાથ ઉંડાઇએ ખોદવાથી પાણી આવે છે, અને ઉત્તર દીશા તરફ વહેનારી પાણીની પુષ્કળ [illegible] છે.

કુવા [illegible]માં નૈરૂત્ય અને વાવ્ય ખુણુ તરફની દીશા તજવી જોઇએ, [illegible] એ બે દીશાએ કુવો ખોદવાથી પુત્ર અને સ્ત્રીનો નાશ થાય છે માટે તે સિવાયની ગમે તે દિશાએ કુવો ખોદવાનું કામ [illegible] કરવું

ઉપર [illegible] પ્રમાણે સારસ્વત મુનીએ બતાવેલા પાણી થવાના શા- [illegible] અમોએ આપી. હવે મનુ મહાત્માના બતાવેલા પાણી થવા[illegible] સંબંધી અત્રે નોંધ આપીએ છીએ.

[illegible] કાળુની રક્ષરેલી, લુખી ન હોતાં ઘણીજ કસદાર હોય છે. [illegible] ખોદવાથી ત્રણ પુરૂષ જેટલી ઉંડાઇએ પાણી મળી આવે છે. અથવા જે સ્થળે, જમીન ઉપર થનારાં કમળ, ગોખરૂ, વીરણ, [illegible] દાભ, [illegible], વાસીંડો, પાન, ખજુર, જાંબુઓ, સાદડ,

૧૪ જે કુવાનું પાણી બગડી ગંદુ થઇ ગયું હોય અથવા પ્રથમથીજ કડવું, તુરૂ, ખારૂં, મોળું, બેસ્વાદ કે દુર્ગંધવાળું હોય, તેમાં સુરમો, મોથ, ખસ, કકરાં ઠળીયાં, આંબળાં, અને નિરમળીનાં બીજ સરખા ભાગે લેઇ કરેલા ચૂર્ણને નાંખવાથી તે પાણી નિર્મળ, મીઠું, સુગંધીદાર અને બીજા પણ અનેક ગુણોવાળું થઇ જાય છે

અમુક ઝાડની પાસે અમુક સ્થળે અમુક નિશાની હોવાથી, અમુક ઉંડાણે પાણી થાય છે એમ અમે કહ્યું. તે કોઇને કપોળ કલ્પીત લાગશે, પરંતુ તે એમ નથી. કારણ જેવી રીતે મનુષ્યના શરીરમાં નાડીઓ પથરાઇ રહી છે તેવીજ રીતે પૃથ્વીના પડમાં પાણીની શીરાઓ પથરાઇ રહેલી છે. શરીરમાં જેમ કોઇ નાડી ઘણી ઉપર તો કોઇ નાડી ઘણી ઉંડી પથરાઇ રહી છે, તેમ જમીનમાં પણ પાણીની કોઇ આવ ઘણી ઉપર તો કોઇ ઘણી ઉંડી વહ્યાં કરે છે, હવે કેટલીએક જાતની વનસ્પતીઓની એવી પ્રકૃતી હોય છે કે, તેઓ જે સ્થળે ઘણી નજીકની શીરા (આવ) વહેતી હોય ત્યાંજ ઉગી શકે છે, અને કેટલીક એવા પાણીવાળી જમીનમાં પણ ઉગી શકે છે. એ વાતનો વિચાર કરી તેમજ કેટલોક અનુભવ લેઇ મનુ અને સારસ્વત વિગેરે મહર્ષિઓએ જે શાસ્ત્ર બનાવ્યું છે, તેનું મેં આ [illegible] કર્યું છે. તેથી તે કોઇપણ પ્રકારે અસત્ય નથી

જમીનમાં જે પાણીની આવો વહે છે, તે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ ઉત્તર એ ચાર દિશાઓ અને અગ્નિ, ઇશાન, વાયવ્ય, નૈરૂત્ય, એ ચાર ખૂણાઓ તરફથી વહેનારી હોય છે. તેમાં પૂર્વ વિગેરે ચારે દિશાઓમાં વહેનારી આવો વધારે પ્રવાહવાળી હોય છે, અને અગ્નિ વિગેરે ચારે ખૂણાઓમાંથી વહેનારી આવો ઓછા પ્રવાહવાળી હોય છે. એ શીવાય પાતાળમાંથી સીધી ઉપર ફુટનારી ઉર્ધ્વ આવ પણ હોય છે, જે મહા શીર (આવ) ના નામે ઓળખાય છે. અને આ આવ આવે છે ત્યાં પાણીની તુટ કોઇપણ દિવસ પડતી નથી.

દિશાઓમાં આવનારી આવો શુભ કરે, તેમ પણ ([illegible] તરફની આવ ઘણી ગુણવાન હોતી નથી..

ઘપેલા સોના, રૂપા વિગેરેની બરાબર લેખ શકે એવી ધાતુઓ તેને માટે અત્યારે વર્ષોનાં વર્ષો થયાં પ્રયત્ન કરી રહ્યા છીએ જર્મનસીલ્વર કે અમેરીકન ગોલ્ડ કરતાં કંઇ વિશેષ કરી શક્યા ત્યારે પ્રાચિન કાળમાં માત્ર અમુક વનસ્પતિના રસનું મિશ્રણ પારા, કે હરતાલ જેવા ક્ષારોની મદદવડે કુદરતને આબેહુબ સોનું કે રૂપુ બનાવી ખરી ધાતુને બદલે ઉપયોગમાં લેતા એ ઓછી શોધનું પરીણામ નહોતું.

પ્રાચિન સમયમાં એ ઉદ્યોગ કળાઓની બનાવટ કેવા પ્રકારે કર- ાં આવતી હતી તેનું અત્રે કંઇક દીગદર્શન આપવામાં આવે ે જે એ સંબંધિ શોધખોળ કરનાર સાહસિક નરને કોઇક સહાય- થઇ પડશે.

વજ્રના જેવો શીમેન્ટ બનાવવાની રીત—ટીંબરવાનાં ે ફળ, કોઠનાં કાચાં ફળ, સેમળાનાં ફુલ, સાલનાં બીજ, ધવ ના ઝાડની છાલ, ધોડાવજ એ બધું મળી દશ શેર લેઇ તેને ચોસ શેર પાણી સાથે ઉકાળતાં જ્યારે ત્રણ શેર પાણી બાકી રહે ે ઉતારી ગાળી લેઇ પછી તેમાં ચંદરસ, હીરાબોળ, ગુગળ, ભી- ાં કંદર્પ, દેવદારનો ગુંદર, રાળ, અળશી, અને બીલાનો ગર્ભ બધી ચીજોનું અત્યંત ઝીણું ચૂર્ણ કરીને નાંખી, પછી સારી પેઠે ીને બધી ચીજોને મિશ્ર કરે, આ વજ્ર લેપ એવા નામથી વિખ્યાત નિશ અથવા શીમેન્ટ છે. તેને દેવાલય, મકાન, કુવા, પ્રતિમા વિગેરે ર ગરમ કરીને લગાડવાથી કરોડો વર્ષ્પર્યંત ધોવાઇ કે ઘસાઇ ા સિવાય રહી શકે છે. અને હવા, પાણી, ભેજ, તાર, તડકો, ંઇ વિગેરેની તેના ઉપર કંઇ પણ અસર થતી નથી.

બીજી રીત—લાખ, કંદર્પ, ગુગળ, ધરો ગુંદાક, કોઠનાં ાં ફળ, બીલાનો ગર્ભ, ડેપટીનાં ફળ, ટીંબરવાનાં કાચાં ફળ, રિંગ, મહુડાનાં ફળ, મજીઠ, રાળ, ભીલામો, આંબળાં એ સઘળી ્તુઓ સરખા ભાગે લેઇ વાટી તેઓનું અત્યંત સૂક્ષ્મ ચૂર્ણ કરી ર કહેલી રીત મુજબ તૈયાર કરેલા ઉકાળાના પાણીમાં મેળવી ગ્નિ ઉપર મુકી ખદખદાવી તેનો મકાન, દેવાલયો, કુવા, વાવો, વિગે- ે લેપ કરવાથી તે પણ ઉપરના મુજબજ સ્થિર રહી શકે છે.

ત્રીજી રીત—ગાય, ભેંસ અને બકરીનાં શીંગડાં, ગધેડાના ળ, ભેંસ અને ગાયનું ચામડું, લીંબડાની લીંબોળીઓ, કોઠનાં ફળ

એમનું ચુર્ણ કરી ઉપર કહેલી રીત મુજબ કરેલા ઉકાળાના પાણીમાં મેળવી ખદખદાવી લેપ કરવાથી તે પણ ઉપર મુજબજ સ્થિર રહેછે.

ચોથી રીત—૮ ભાગ સીસું, બે ભાગ કાંસુ, અને એક ભાગ પીતળ લેઇ સર્વે ચીજોને સાથે ગાળી ખાંડી ચૂર્ણ કરવું, અને એને પણ ઉપર કહ્યા મુજબ તૈયાર કરેલા કવાથના પાણી સાથે મેળવી ખદખદાવીને લગાડવું.

વૃક્ષવેલી સંબંધી પ્રયોગો—ઘેટી અને બકરીની લીંડીઓનું ચુર્ણ ૫૧૨ તોલા, તલ ૨૫૬ તોલા, જવને શેકી દળી લોટ કરી તેમાં ગોળ મેળવી કરેલો સાથવો ૬૪ તોલા, ગાયનું માસ ૪૦૦ તોલા, પાણી ૧૦૨૮ તોલા, એ બધી ચીજોને સાથે મેળવી સાત દિવસ રહેવા દેવી, અને પછી જે વૃક્ષને ફળ અથવા ફુલ ન આવતાં હોય તેને સીંચવાથી વાંઝીયા રહેલાં વૃક્ષવેલી વિગેરે ફળ ફુલયુક્ત થાય છે.

તની હવાઇ માટે (૧) સુરોખાર ૭ ભાગ, ગંધક ના ભાગ, કોલસો ૫ ભાગ, (૨) સુરોખાર ૧૫ ભાગ, ગંધક ૩ ભાગ, કોલસો ૫ ભાગ (૩) સુરોખાર ૫ ભાગ, ગંધક સવા ભાગ, કોલસો ૨ાા ભાગ, (૪) સુરોખાર ૭ ભાગ, ગંધક ૧ાા ભાગ, કોલસો ૧ાા ભાગ. (૫) સુરોખાર ૫ ભાગ, ગંધક ૨ા ભાગ, કોલસો ૧ાા ભાગ. મધ્યમ વર્ગની હવાઇ માટે (૧) સુરોખાર ૧૫ ભાગ, ગંધક ૩ ભાગ, કોલસો ૧ા ભાગ. (૨) સુરોખાર ૭ ભાગ, ગંધક ૧ાા ભાગ, કોલસો ૧ા ભાગ, (૩) સુરોખાર ૧૮ ભાગ, ગંધક ૩ાા ભાગ, કોલસો ૨ાા ભાગ. (૪) સુરોખાર ૨ા ભાગ, ગંધક ૦ાાા ભાગ કોલસો ૧ા ભાગ. કનીષ્ઠ વર્ગની હવાઇ—સુરોખાર ૯ ભાગ, ગંધક ૧ાા ભાગ, અને કોલસો ૧ા ભાગ. પીલાયતી હવાઇ—સુરોખાર ૮ ભાગ, ગંધક ૧ ભાગ, ને કોલસો ૧ાા ભાગ, ઉપર પ્રમાણે હવાઇ બાજુ માટે જુદા જુદા પ્રકારના દારૂ પૈકી ગમે તે તૈયાર કરવા પણ તેમાં વપરાતી મુખ્ય ચીજો સુરોખાર, ગંધક અને કોલસો છે, તે શુદ્ધ કરેલા હોવાં જોઇએ. શુદ્ધ કરવાની રીત—સુરોખાર પાણીમાં ઉકાળી દુધ અગર દારૂ અથવા લીંબુના રસથી મેલ કાઢી કેહ ઠરી પાડી કરવા દેવાં ગાંગડા બાઝી જશે તે શુદ્ધ થયો સમજવો ગંધક શુદ્ધ-લોઢાની કડાઇ દેવતા ઉપર મુકી ગંધકની ભૂકી નાખી ગરમ કરવી તે ઓગળી જાય એટલે ચામડાના વાસણમાં ગળી લેપ કરી તેને ચાળી ઝરમ કરી બીબામાં પાછા પાડી લેવા તે શુદ્ધ થયો સમજવો. કોલસો-દારૂ માટે વજનમાં હલકો લેવો જોઇએ એટલે પોર, ખરસાંડી, આકડો, એરંડો, આંબાડી વીગેરે હલકી તેમજ ઝટ સળગે તેવી જાતના લાકડાના કોલસા ઉત્તમ જાણવા. ઉપર જણાવ્યા લાકડાના કોલસા કરવા હોય તો એક મોટા હાંલ્લામાં અગર જમીનમાં ખાડો ખોદી તેમાં કકડા કરી ભરી સળગાવવા. જ્યારે અંદરથી ધુમાડો નીકળતો બંધ થઇ જાય એટલે મોં બંધ કરી હવા અંદર જા ન કરે તેવી રીતે ઠરી કોલસા કરી લેવા. તે દારૂ બનાવવાના કામ માટે અતિ ઉત્તમ છે.

રંગીન તારા બનાવવાની યુક્તિ—(૧) ક્લોરેટ ઓફ પોટાસ ૮ ભાગ, સલ્ફરીઅટ કોપર ૧ ભાગ, ગંધક ૪ ભાગ, રસકપુર ૧ ભાગ, આ મેળવણીનો દારૂ આસમાની રંગના તારા બનાવવા માટેનો તૈયાર થાય છે. (૨) ક્લોરેટ ઓફ પોટાસ ૮ ભાગ, સલ્ફેટ ઓફ કોપર ૧ ભાગ, સલ્ફરીઅર્ડ કોપર ૫ ભાગ, ગંધક ૮ ભાગ, આ મેળવણી પણ આસમાની રંગના તારા બનાવવા માટે છે. (૩) ક્લોરેટ

ઓફ પોટાસ ૨૦ ભાગ, સોડા ૧૨ ભાગ, ગંધક ૮ ભાગ, આ મેળવણી પીળા રંગના તારા માટે છે. (૪) ક્લોરેટ ઓફ પોટાસ ૨૪ ભાગ, નાઇટ્રેટ ઓફ સ્ટ્રોન્સીયા ૩૨ ભાગ, રસકપુર ૧૨ ભાગ, ગંધક ૬ ભાગ, કોયલો ૨ ભાગ, આ મેળવણી હીરમજી રંગના તારા બનાવવા માટેની છે; (૫) સુરોખાર ૯ ભાગ, ગંધક ૩ ભાગ, સુરમો ૨ ભાગ, આ મેળવણી સફેદ રંગના તારા માટે છે. ૬ ક્લોરેટ ઓફ પોટાસ ૩૦ ભાગ, કારબોનેટ ઓફ સ્ટ્રોન્સીયા ૮ ભાગ, રસકપુર ૧૦ ભાગ, ગંધક ૩ ભાગ, કોયલો ૧ ભાગ, લાખ ૩ ભાગ, આ મેળવણી ગુલાબી રંગના તારા માટે છે. (૭) ક્લોરેટ ઓફ પોટાસ ૨૦ ભાગ, નાઇટ્રેટ ઓફ બેરાઇટ ૪૦ ભાગ, રસકપુર ૧૦ ભાગ, ગંધક ૮ ભાગ, કોયલો ૧ ભાગ, લાખ ૩ ભાગ, ડુલાવેલુ મોગ્રુથ ૧ ભાગ, આ મેળવણી લીલા રંગના તારા માટે છે. (૮) ક્લોરેટ ઓફ પોટાસ ૨ ભાગ, નાઇટ્રેટ ઓફ બેરાઇટ ૩૦ ભાગ, ઓક્સેલેટ ઓફ સોડા ૧૫ ભાગ, ગંધક ૮ ભાગ, લાખ ૪ ભાગ, અને કોયલો ૧ ભાગ, આ મેળવણી સોનેરી રંગના તારા માટેની છે. તારા બનાવવાની રીત એવી છે કે, ઉપર લખેલી બનાવટોનો સામાન જુદા જુદો બારીક વાટી તેમાં સુંદર સફેદ રંગનો બારીક વાટી બધી ચીજ એકઠી મેળવવી પછી પાણીથી ઘટની કહેલ પ્રમાણે બાંધી મસળી એક રસ થએલું જણાય એટલે ગોળો બનાવી તેમાંથી ઝીણી ઝીણી ગોળીઓ બનાવવી, અને તે ગોળીઓને બંદુકના ઝીણા કરેલા દારૂમાં રગદોળવી. તે સુકાયા બાદ કોઠીમાં બુંગાડીમાં કે હવાઇમાં ભરવા સારૂ ઉપયોગમાં લેવી.

જો એકજ તારાની ગોળી ઉપર જુદા જુદા રંગનો દારૂ ચઢાવવો હોય તો એક પછી એક એમ સુંદરના પાણી સાથે ઉપર જણાવ્યા પ્રમાણે દારૂના મેળવણોના પટા જેમ જેમ સુકાય તેમ તેમ ચડાવવા. પણ વજનમાં વધી ન જાય તે ધ્યાનમાં રાખવું. આ તારા સળગતાં તરેહ તરેહના રંગો બદલી મનને આનંદ ઉપજાવે છે.

દીવાસળીઓ બનાવવાની રીત—દીવાસળીઓ કે જે હાલ જગતમાં ઘણી ઉપયોગી ચીજ થઇ પડી છે, તે જુદા જુદા દેશોમાં જુદી જુદી રીતે બનાવવામાં આવે છે, તોપણ તેની મુખ્ય બનાવટો આ પ્રમાણે છે.

પ્રથમ દેવદાર, અરડુસો, સેમળો, એવાં વિગેરે પોચાં અને જલદી સળગી ઉઠનારી જાતનાં લાકડાં લેઇ તેની ચોરસ કે ગોળ પટીઓ બનાવે છે, બાદ તેને પાણીમાં ભીંજવી રાખી નરમ થાય

ત્યારે તેમાંથી જોઈતા માપની સળીઓ બનાવી પછી ચોખંડી અથવા ગોળ એ બેમાંથી જે જાતની દીવાસળીઓ બનાવવી હોય, તેવા વેહવાળા લોઢાના પતરામાંથી તે સળીઓને તાણી કાઢે છે, એટલે ચોરસ અથવા ગોળ આકારની સરખાકાર સળીઓ તૈયાર થાય છે. આ કામ ઝડપથી થાય તેના માટે એક યંત્ર બનાવવામાં આવે છે તેની રચના એવી હોય છે કે:—આશરે ત્રણ ઈંચ પહોળું, ૭ ઈંચ લાંબુ, અને એક ઈંચ જાડાઈનું એક ધાતુનું પાટિયું હોય, એ પતરાની આગલી બાજુ ખરા લોઢાની અને પાછલી બાજુ ધંટ બનાવવાની ધાતુની હોઈ તેમાં જે પ્રમાણે દીવાસળી બનાવવી હોય તે માપનાં છીદ્રો પાડવાં. બાદ તે દરેક કાણામાં લાકડાની ચીરોના ઉકા પરોવી પછી તે ચીરોના બહાર રહેલા બીજા ઉકાઓ એક પાટીયા વડે એક સરખી રીતે દાબવાથી તે સઘળી ચીરો છેદમાં સાર થઈ જોઈતા આકારમાં સામી બાજુએ બહાર પડે છે. આવી રીતે તૈયાર કરેલી સળીઓની ઝુડીઓ બાંધી રાખવી. એ પ્રમાણે સળીઓ તૈયાર થવા બાદ એક વાસણમાં ગંધક નાખી મંદાગ્નિપર મૂકીને તેનો રસ કરી તેમાં પેલી ઝુડીઓ બોળી કાઢવા બાદ રેતી ફાઉડ સ્પીરીટ નામના પીત્તાના રસમાં તે ગંધકવાળી બાજુ ફરીથી બોળી કાઢવી. એટલું થવા બાદ એક માટીનું વાસણ કે પ્યાલો લેઈ તેમાં પ્રથમ ૭ કામ પાણી નાખી પછી ક્લોરેટ ઓફ પોટાશ ૭ ગ્રેન, સલ્ફેટ ઓફ એન્ટીમની ૭ ગ્રેન, ડિંમરોક ૮ ગ્રેન, કાલકરમ ૩૦ ગ્રેન, બાવળનો ગુંદર ૧૦ ગ્રેન, એ પ્રમાણે વસ્તુઓ તેમાં નાંખી પછી તે પ્યાલાને એક ગરમ પાણીથી ભરેલા નાના વાસણમાં મૂકી મંદાગ્નિ પર મૂકવો. અગ્નિની ગરમી એટલી બધી ન હોવી જોઈએ કે જેથી પ્યાલામાં મૂકેલી વસ્તુઓનો રસ થઈ ઉકળવા લાગે. પરંતુ એટલાજ માપમાં હોવો જોઈએ કે જેથી તે ચીજોનો રસ ન ઉકળતાં માત્ર પીગળીને એક રસ થાય નહિ તો વધારે ગરમીથી સઘળું બિગડી જવાની ડરે. એ પ્રમાણે સઘળી ચીજોનો રસ થઈ જાય ત્યારે તેમાં પેલી તૈયાર રાખેલી સળીઓના ગંધક ચઢાવેલા તરફના છેડાઓ બોળી કાઢવા અને તે એકદમ સ્વાભાવિક પવનથી સુકાવી દો નહિ એટલા માટે તેઓને સુકાવા માટે ડેસીક નામના યંત્રમાં મેલી રાખવા.

બીજી—ક્લોરેટ ઓફ પોટાશની ભૂકી ૨૦ ભાગ, ગંધકનો ભૂકો ૧૦ ભાગ, મેશખંડ ૮ ભાગ, અરબી ગુંદર ૫ ભાગ, આ પદાર્થ એક કાગળ ઉપર ઘસીને ઘસીને ઝીણા બનાવી મેળવવા. પછી

તેનો જાડો રસ અથવા સારૂ પાણી નાખે છે, એકરસ થઇ લાહી જે બને એટલે ઉપરની પહેલી રીતમાં કહ્યા પ્રમાણે ગંધકના પાર્શ્વ બોળી કાઢેલા સળીઓના છેડાઓ આ બનાવેલ મીશ્રણમાં બોળી કાઢવા. આ પ્રમાણે તૈયાર કરેલી દીવાસળીયો કોઇપણ ચીજ ઘસારાથી સળગી ઉઠે છે. અને કોઇ કોઇ વખત પોતાની મેળે પણ અકસ્માત્ રીતે સળગી ઉઠે છે, જેથી વખતે આગ થવાની ધાસ્તી રહે છે, તેમજ તે બનાવવામાં ફોસ્ફરસ આવે છે તેનો ધુમાડો દીવા સળી બનાવનારા મોંમાં જવાથી તેના જડબામાં તથા બીજા કેટલાક ભાગોમાં ભયંકર રોગ થવા સંભવ છે. આ તમામ ખામીયો દૂર કરવા માટે નીચલી રીત પ્રમાણે "સેફ્ટી મેચીસ" એટલે સલામત ભરેલી કાંડીયોના નામથી પ્રસિદ્ધ છે. અને તેના માટે પેટંટ લેવાએ આવેલ છે.

સેફ્ટી મેચીસ બનાવવાની રીત—સળીયો તૈયાર કર્યા બાદ નીચે પ્રમાણેની મેળવણીમાં બોળી સુકવવી. ક્લોરેટ ઑફ પોટાસ ૬ ભાગ, સલ્ફ્યુરેટ ઓફ એન્ટીમની ૩ ભાગ, ગુંદર ૧ ભાગ, એ સઘળાને મેળવી એક રસ થાય એટલે સળીઓ બોળી કાઢવી. તે સુકાયા બાદ ડાબડીમાં ભરવી અને તે ડાબડીની એક બાજુ નીચે પ્રમાણેના બનાવેલા મિશ્રણમાં તૈયાર કરેલ કાગળની પટ્ટી ચોંટાડી દેવી.

સરેસના પાણીમાં થોડી બારીક રેતી મેળવી પેટીપર ચોડવાની કાગળની પટ્ટીપર પછીથી લગાવવું તે સુકાયા પછી ફોસફરસ ૧૦ ભાગ, સલફ્યુરેટ ઓફ એન્ટીમની ૮ ભાગ, અને સરેસ ત્રણથી છ ભાગ આ પ્રમાણે તૈયાર કરવું. મીશ્રણ પીંછીવતી ઉપર જણાવેલ પટ્ટી ઉપર લગાવવું. આ ડબી ઉપરની પટ્ટી ઉપર દીવાસળી ઘસવામાં આવે તોજ સળગશે નહી તો બીજે ઘસવાથી સળગવાની જ નહીં. આથી અકસ્માત આગ થવાનો ભય ઓછો થાય છે. દીવાસળી બનાવવામાં જે ગુંદર વાપરવાને માટે કહેલ છે તે કરતાં તેના બદલે સરેસ વાપરવો વધારે સારો છે. કારણ કે ગુંદર હવાથી ભીંજાઈ જાય છે, અને સરેસ તે પ્રમાણે એકંદર પીંગળી જતો નથી. એટલે ચોમાસા જેવી સરદ ઋતુમાં પણ સહેલાઇથી દીવાસળી વાપરી શકાય છે.

ઉપરના પ્રયોગો ઉપરથી સમજાયું હશે કે દારૂખાનું બનાવવામાં જે ચીજો વપરાય છે તેમાં ગંધક, સુરોખાર અને કોલસા મુખ્ય છે. એ સિવાય બીડ, હડતાળ, મનશીલ, સુરમો વીગેરે ચીજો પણ જુદા જુદા પ્રસંગે વપરાય છે. એ દરેક ચીજ શુદ્ધ હોય તોજ દારૂખાનું

સાફ બને છે. હવે બીડ, હરતાળ, મનશીલ, વિગેરે ખાસ સમજણ આપવામાં આવે છે. જે નવા શીખાઉને ઉપયોગી થઇ પડશે.

બીડ વાપરવા જોગ તૈયાર કરવાની કૃતી—ગામઠી બીડ લેઇ પથ્થર ઉપર લોઢાની પરાઇ લેઇ ખાંડવું, અને તેનો જે ભૂકો થાય તેમાંથી ઝીણો, એથી જરાક જાડો, અને તેથી વધુ જાડો, એવા ત્રણ વર્ગ પાડવા કારણ કોઠીમાંથી મોટાં ફુલ કાડવાને મોટા બીડનો, ઝીણાં કાડવાને ઝીણાનો અને વચલા વડના ફુલો માટે વચલા દરજ્જાના બીડનો ઉપયોગ થાય છે. જો બીડ ન મળી શકે તો લોઢાના કકડા લેઇ તેને એક ઉપર એક એમ મુકી ખુબ ટીપવા એમ વારંવાર તપાવી ટીપવાથી ચોરસાં થઇ રહેશે, પછી તેને બહાર કાઢી પાણીમાં બુજવવા, જેથી તરતજ બરડ પડશે અને પછી તેને ખાંડી બીડની પેઠે ભૂકો કરી વર્ગ પાડી રાખવો.

જાદુઇ સાપની સળીઓ બનાવવાનો પ્રયોગ—નાઇટ્રેટ ઓફ મરકયુરીને ધીમે ધીમે સલ્ફોસાઇનાઇટ ઓફ પોટાશીયમના પાણીમાં નાંખવું. આ બને દવાઓ મિશ્ર થતી વખતે તેમાંથી લાલ રંગનો ધુમાડો નીકળવા માંડશે તે સુંઘવો નહિ, કારણ તે ઝેરી છે, જેથી આ પ્રયોગ ખુલી હવાવાળી જગ્યાએ કરવું; કે જેથી તે ધુમાડો આપણને ન લાગતાં હવા સાથે ભળી જાય. આ મિશ્ર કર્યાને થોડી વાર થશે એટલે તે સ્વચ્છ થએલ દેખાશે. અને તેના તળીએ એક જાતનો ધોળો ભૂકો બેઠેલો માલુમ પડશે. આ ભૂકાને બ્લોટીંગપેપર વડે ગાળી લેઇ જરા તેમાં ગુંદરનું પાણી અને થોડુંજ ધોડા સુરોખાર વાટીને નાંખવો, બાદ તેમને સારી પેઠે ઘુંટીને નાની પેનસીલ જેવી જાડી અને ૧। ઇંચ લબાઇની એવી તેની સળીઓ બનાવવી. તે સળીઓ સુકાયા બાદ તેમાંથી એક સળી લેઇને એક બાજુથી સળગાવવાથી તેમાંથી મોટા સાપ જેવા ગુંચળાં નિકળશે, જેઓ ૧૪ા આટલી નાની સળીમાંથી ઉ.૫ન્ન થએલાં હોવા છતાં આશરે ૨૫ ફીટ લાંબાં થશે.

પ્રકરણ ૧૯.

તરેહ, તરેહના જીવડાંઓ દુર કરવાના પ્રયોગો.

ઉંદર દુર થાય તેવો પ્રયોગ—કજાર અને કળી-ચુનો ઉકાળેલા રેડીયાંખુની આસપાસ વેરવાથી ઉંદર દુર

અથવા વડાગરૂ મીઠું ઉંદરની બોલ અગર ફાટ હોય તો તેમાં વેરવાથી પણ ઉંદર દુર થાય છે. વળી બ્લીચીંગ પાઉડર અને ટાર બન્ને મીશ્ર કરી ઉંદરોના રહેઠાણ નજીક છાંટવાથી વિરૂદ્ધ વાસના લીધે જતા રહે છે.

માકણ દુર કરવાની રીત—ફટકડી રતલ એક શેર પાણીમાં ઉકાળવી, એક રસ થાય એટલે પીંછી વતી પલંગ, ખુરશી, ટેબલ વીગેરે પર લગાડવાથી માકણ દુર થાય છે.

મચ્છર, ચાંચડ દુર થાય તેવી રીત—બાયસલફાઇટ ઓફ કાર્બોન ૮૦ ભાગ, ૧૫ ભાગ કેરોસીન તેલ, એકુ એકત્ર કરી ઘરના અંદર છુટક છુટક છાંટવાથી ચચડ મચ્છરો જતા રહે છે.

કીડી દુર કરવા વિષે—ઝાડના થડની આસપાસ થોડી જગ્યા ખોદી કોલસા, રાખ, લાકડાનો વેહેર ભરવાથી ઝાડે ચડતી કીડી દુર થાય, અને કબાટમાની કીડી કપુર રાખવાથી દુર થાય છે.

ઉધઇથી કપડાં, ચોપડીઓ વીગેરે બચાવવાની રીત-રસકપુર એક ભાગ, અને પાણી ૧૪૮ ભાગ ઉમેરી ચોપડવું. અથવા છાંટવું કે જેથી ચડેલ ઉધઇ જતી રહેશે, અને નવી ચડી શકશે નહીં.

કપડાં હરેક જાતનાં ઉધઇથી બચાવવાની રીત—દેવદારના બારીક છોડીઆંની કોથળી કપડાં ભેળી રાખવાથી ઉધઇ લાગતી નથી, અથવા ચીનીકબાલા કપડાંમાં રાખવાથી ઉધઇ ચડી શકતી નથી.

સર્પ દુર કરવાની રીત—જુના ચામડાનો તથા જુના કપડાના કકડાની સર્પ રહેતો હોય તે ઠેકાણે આજુબાજુ દેવતાથી ધુણી કરવી. જેની વિરૂદ્ધ વાસના લીધે સર્પ જતા રહેશે.

અનાજમાં જીવડાં ન પડે, તેનો પ્રયોગ—દરેક અનાજના જથ્થામાં શોખંડનો સગોઆ ઉભો ખોશી રાખવાથી જીવડાં ચડી સકો લાગતો નથી.

ગમે તે અનાજ સળે નહીં ઉધઇ દુર કરવાની રીત--બાયસલફાઇડ ઓફ કાર્બોનનાં થોડાં ટીપાં અનાજમાં નાંખી રાખી મુકતાં સડો લાગી અનાજ બગડતું નથી (આ દવા દવાઇ વેચનારાઓનાં ત્યાં મળી શકે છે.)

કંસારી, કીડી, માકણ દુર કરવાની રીત--પેટી પટારામાં

કે કબાટમાં જ્યાં કપડાં, પુસ્તકો રહેતાં હોય, તેમાં પ્રથમ ટરપેનટાઇન તેલ છાંટવાથી કીડી, કંસારી, બારણું પડતા નથી.

ઉપયોગી લાકડા ઉપર ઉધઈ ચડેલી દુર કરવાનો ઉપાય—એક પોઇન્ટ સમુદ્રના પાણીમાં .સખ્ખુની બે મોટી કળીઓ બારીક વાટીને નાંખવી, અને તે પાણી એક બાટલીમાં ભરીને તેમાં મધનાં વીસ ટીપાં નાંખવાં. ત્યાર પછી બાટલીનું મોં બંધ કરી જુદા મારી બે ત્રણ દીવસ સુધી એમને એમ રાખી મુકવું. પછી જ્યાં આગળ ઉધઇ લાગી હોય ત્યાં આગળ છાંટવાથી ઉધઇ જતી રહે છે.

ઇમારતી લાકડું સડે નહી તેનો ઉપાય—રસકપુરને પાણીમાં ઓગાળી હાથ મારવાથી સડશે નહિ અથવા લાકડાને કેલ્સીયમ ક્લોરાઇડ, બ્રોમીન વાઇડરને પાણીમાં ઓગાળી હાથ મારવો, પછી હીરાકશીનો હાથ મારવો જેથી લાકડું ઘણુંજ મજબુત થઇ સડો લાગશે નહી.

કાટનું ન થવાનો ઉપાય-લાલ મરચાનો ઉકાળો ચોપડવાથી થશે નહીં.

ઝેરી વસ્તુ સીવાય ઉંદરોને મારવાની રીત-ધોડાના પુંછડાના વાળ બારીક કાતરી કકડા કરવા; એ કકડાઓને સ્વાદિષ્ટ ખોરાક ભેળવી જ્યાં ઉંદરો રહેતા હોય ત્યાં આગળ તે ખોરાક મુકવો. એ ખોરાકથી માણસને કંઇ હરકત થતી નથી પણ ઉંદરો મરી જાય છે, એટલે આ રીત બચ્ચાં વગેરેને માટે વગર હરકતની ઘરમાં કરવા લાયક સલામતી ભરેલી છે.

પ્રકરણ ૧૮.

લાખ શુદ્ધ કરી તેમાંથી જુદી જુદી બનાવટો બનાવવાના પ્રયોગો.

લાખ—આ ઘણી ઉપયોગી ચીજ દેશ આખો, પીપળ, ચિલાપની બાવળ, બોર, બોરડી, વિગેરે ઝાડોની ડાળીઓ ઉપરથી મળી આવે છે. લાખ એ કોઇ ઝાડની પેદાશ નથી, પરંતુ એક જાતનાં જીવડાં ઝાડની ડાળીઓ ઉપર જે રસ મુકે છે તેની બને છે. ઝાડ ઉપરથી એ લાખભરી ડાળીઓ કાપી લાવી બજારમાં વેચવામાં આવે

છે, અથવા ડાળીઓથી છુટી પાડીને વેચવામાં આવે છે, જે લાકડી લાખને નામે ઓળખાય છે. આ લાખમાં ઝાડની ડાળીઓના ટુકડા, ધૂળ, કચરો, વિગેરે પુષ્કળ હોય છે, તેથી તે એમને એમ કુન્દન કામમાં આવતી નથી, પરંતુ તેને શોધવી પડે છે. શોધ્યા બાદ જેવા આકારમાં ઢારવામાં આવે છે તે આકાર પ્રમાણે દાણા લાખ, પતરા લાખ, કે ચપડા લાખ વિગેરે જુદા જુદા નામે ઓળખાય છે. એ શોધવાની રીત આ પ્રમાણે છે.

જે ડાળીઓને લાખ ચોટલી હોય, તેના બેથી ત્રણ ઇંચ જેવા ટુકડા કરી તેના ઉપર એક બારે વેલણ ફેરવવામાં આવે છે. લાખ જાતે બરડ છે અને તેથી એમ કરવાથી ડાળીઓથી તે તરત જુદી પડી જાય છે, છતાં જો થોડીઘણી લાખ ડાળીઓને વળગી રહે તો હાથવડે ઉખેડી લેવામાં આવે છે. લાકડાંનો ભાગ દૂર થયા બાદ રહેલ ચોખ્ખી લાખના ના ઇંચ જેવડા કકડા કરી, પછી ગરમ પાણીથી ભરેલા એક મોટા વાસણમાં તે લાખને નાંખી માણસોના પગવડે લાખને ખૂબ મદડવામાં આવે છે, જેથી લાખમાંથી રંગનો ભાગ છુટો પડી પાણી સાથે મળે છે. એ પાણીને નિતારી લેઇ ફરીથી બીજું ગરમ પાણી રેડી ખૂબ મદડી પાછું પાણી નિતારી લેવામાં આવે છે. એ પ્રમાણે ફરી ફરીને કરતાં જ્યારે પાણીમાં રંગનો બીલકુલ સ્પર્શ આવતો નથી ત્યારે ફરીથી પાણી રેડવું બંધ કરી લાખને વાસણમાંથી કાઢી લેવામાં આવે છે. આ લાખને સીડ લાખ એટલે બીજ કે દાણા લાખ કહે છે, અને લાખની બીજી જે અનેક બનાવટો થાય છે, તે સર્વે આમાંથીજ થઇ શકે છે. લાખને આ પ્રમાણે ધોતાં તેનું જે રંગીન પાણી કહાડી લેવામાં આવે છે, તેને ઉકાળી બાફી નાંખતાં પાછળ જે નક્કર ભાગ રહે છે તેના રોટલા જેવા ઘાટ કરવામાં આવે છે; જે લાખીયા રંગને નામે ઓળખાય છે.

શેલાક અથવા પતરા લાખ—ઉપર મુજબ દાણા લાખ બનાવ્યા પછી તેને મજબુત કપડાની કોથળીમાં ભરવામાં આવે છે. બાદ બે માણસો તે દરેક કોથળીને છેડેથી ઝાલીને પછી કોથળાના અગ્નિ આગળ ધરી રહે છે, જેથી અગ્નિના તાપથી લાખ તરત ઓગળી જાય છે. અને એમ ઓગળવાથી કોથળીઓમાંથી તેનો રસ બહાર ટપકવા માંડે છે. આ વખતે કોથળીના છેડા ઝાલી સામસામે ઉભા રહેલા માણસો કોથળીને આંમળે છે, જેથી કોથળીઓમાંથી સઘળી લાખ નીચોવાઇ જાય છે, એ પ્રમાણે ઓગળેલો રસ ગરમ રહે

એટલા માટે દેવતાની એક બાજુએ રાખેલા વાસણમાં નીચોવવામાં આવે છે, અને તે જેમ જેમ નીચોવાતી જાય, તેમ તેમાંથી એક કડછીપુર લાખ લઇ તેને ભુંગળાના આકારનો લાકડાનો કકડો લેઇ તેને લગાર ઢળતો રાખી તેની સપાટી ઉપર તેં લાખને નાંખી ભુંગળાને આમતેમ ગોળ ફેરવવામાં આવે છે, જેથી તેની સપાટી ઉપર લાખ પથરાઈ જાય છે. અને તે ઠરી જાય ત્યારે ચપ્પુથી ઉખેડી લેવામાં આવે છે. આ કામ માટે વાપરવામાં આવતાં લાકડાનાં ભુંગળાને અડધા ભાગ સુધી પીતળનાં પતરાં જડવામાં આવે છે. કેટલાએક સ્થલે લાકડાંનાં ભૂંગળાને બદલે ચીનાઇ માટીનાં ભૂંગળાં અથવા તો કેળના દાંડાઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે. અને તેના ઉપર કડછીના બદલે કેળનાં પાંદડાંઓવડે લાખ ફેલાવવામાં આવે છે. સારી જાતની પતરાં લાખ રંગે ફીકી, સફાકતી, નારંગી રંગની હોય છે.

બટન લાખ—આ લાખ પણ પતરાં લાખની માફક બને છે, પરંતુ તેમાં ફરક માત્ર એટલોજ છે કે તે આકારમાં તેનાથી લગાર જુદી હોય છે. કારણ પતરાં બનાવવાને બદલે તેનાં ટીપાં પાડી બટનના જેવા ગોળ ચપટા આકાર બનાવવામાં આવે છે. આ રીતે બનાવવામાં આવતી લાખ પતરાં લાખથી વધારે જાડી હોવાથી લગારેક કાળાશ પડતી તપખીરીઆ રંગની જણાય છે. પરંતુ અજવાળામાં રાખી જોવાથી ઘેરા માણેક રંગની જણાય છે.

ગાર્નેટ અથવા ચપટા લાખ—આ લાખ બટન લાખને મળતી છે. પરંતુ તેના ગોળને બદલે ચપટા જાડા આકાર બનાવવામાં આવે છે તે રંગમાં બટન લાખને મળતી એટલે કાળાશ પડતા ઘેરા માણેક રંગની હોય છે.

વાર્નિશ વિગેરે અનેક ઉપયોગી ચીજો બનાવવામાં એ ત્રણે પ્રકારની લાખ વપરાય છે, તોપણ સૌથી ઉત્તમ પતરા લાખ મનાય છે, અને તેથી ઉત્તમ પ્રકારના વાર્નિશ વગેરેમાંજ વપરાય છે.

બ્લીચડ એટલે ધોઇને ધોળી કરેલી લાખ—એવી રીતે બને છે કે કાર્બોનેટ ઓફ પોટાશના પાણીમાં લાખને ઉકાળતાં જ્યારે તે ઓગળી જાય ત્યારે તેને તાણીને એવી રીતે તેનાં તાંતણા કાઢવા કે જેથી તે ધોળી થાય. પછી પાછી તેને ઓગાળી ફરી ખેંચવી. એ લાખનો દેખાવ ધોળા રેશમી સાટીનના જેવો દેખાય છે. અને તે ભીની ને ભીનીજ વેચવામાં આવે છે. કારણ ધોળી લાખ રાખી મુકવાથી બગડે છે, અને પછી ઓગળી શકતી નથી. ધોળો વાર્નિસ બનાવવામાં આ લાખ ઉપયોગી થઇ પડે છે.

એ પ્રમાણે તૈયાર થયેલી લાખ માત્ર વાર્નિસના કામમાં વપરાય છે એટલુંજ નહિ, પરંતુ તેમાંથી સીલા વીગેરે કરવા સારૂ જુદી જુદી બનાવટો પણ કરવામાં આવે છે. વાર્નિસના કામમાં લાખ કેવી રીતે વપરાય છે, તે ઇલાયિદા પ્રકરણમાં બતાવવામાં આવ્યું છે, અને તેથી સીલ વગેરેના કામમાં વપરાતી તેની બનાવટો જેવી રીતે થાય છે તેનું અત્રે વર્ણન આપીએ છીએ.

સીલ કરવાની લાલ રંગની લાખ બનાવવાની રીત—ચપડા લાખ ૨ ભાગ, રાળ ૧ ભાગ, હીંગળોક ૧ ભાગ; રાળ તથા લાખનો ભૂકો કરી ચુલા ઉપર મુકી એક વાસણમાં પીગળાવવી. પછી તેમા હીંગળોક નાખી મેળવીને આરસ પત્થર ઉપર નાંખી એક સુવાળા લાકડાનો કકડો ઉપર ફેરવ ફેરવ કરી ગોળ લાકડીના જેવા આકારમાં બનાવવી. એટલે સીલની લાલ રંગની લાખ તૈયાર થશે. (૨) એક પૌંડ રાળ, લાખ ૫ ઔંસ, વીનીસ ટરપેનટાઇન ૫॥ ઔંસ, હીંગળોક અથવા સીંદુર ૧ ઔંસ, હવે લાખને કોયલાના અંગારા ઉપર ત્રાંબાના વાસણમાં ઓગાળી તેમાં રાળ મેળવવી,જ્યારે બરોબર મળી જાય ત્યારે તેમા આસ્તે આસ્તે ટરપેનટાઇન મેળવીદેવું. અને છેવટે સિંદુર અથવા હીંગળોક મેળવી હલાવી એક કરવું એટલે પત્થર અગર પાટીયા ઉપર વળી મરજી મુજબ લાકડીઓ વળી કાઢવી અગર ધાતુના સંચામાં પાડી લેવા.

સીલ કરવાની કાળા રંગની લાખ—ઉપર જણાવ્યા પ્રમાણે લાલ રંગની લાખના માટે જે સામાન લેવાનો છે, તે પૈકી ફક્ત રંગ ફેર કરવા માટે હીંગળોક અથવા સીંદુર બદલે કાજળ વાપરવું. (૨) વેનીસ ટરપેનટાઇન ૪॥ ઔંસ, ચપડા લાખ ૯ ઔંસ, કોલોફોની ૪॥ ઔંસ અને કાજલ એકએ તેટલુ ઉમેરી ઉપરની કૃતિ પ્રમાણે કરવું.

સીલ કરવાની ઉમદા જાતની લાલ રંગની લાખ બનાવવાની રીત—વેનીસ ટરપેનટાઇન ૪ ઔંસ, ચપડા લાખ ૮ ઔંસ, સિંદુર ૪ ઔંસ મેગ્નેશીયા કાર્બોનેટ ૧॥ ડ્રામ, ટરપેનટાઇન સાથે મેળવી નાખવી.

રૈઝીનીન લાખ બનાવવાની રીત—વેનીસ ટરપેનટાઇન ૮ ઔંસ, ચપડા લાખ ૨ ઔંસ, કોલોફોની ૮ ઔંસ, હીંગળોક ૧ ઔંસ એ બધાંને રેતના ઉપરથી ઉકળી તેમાં ૦॥ ઔંસ સ્પીરીટ વાઇન મેળવવો.

હલકી જાતની કાળા રંગની લાખ-ચપડા લાખ ૮ ઔંસ, વેનીસ ટરપેનટાઇન ૪ ઔંસ, કાજળ ૧ ઔંસ.

બારકીને સીલ કરવાની કાળી તથા લાલ લાખ બનાવવાની રીત—રાળ ૧૫ રતલ, ચરબી ૪ રતલ, તેઓમાં કાળો રંગ થાય તેટલું કાજળ, એ બધાને તારીને ગરમ કરી મેળવવું. જો લાખ રંગની બનાવવી હોય તો કાજળ બદલે ગેરૂ અથવા હીંગલોક અથવા સીંદુર મેળવવું.

આસમાની રંગની લાખ—ચપડા લાખ ૨ ઔંસ, કાળા રંગની સાદી ૨ ઔંસ. કાબર એક ઔંસ, વેનીસ ટરપેનટાઇન ૧ ઔંસ, આસમાની રંગ ૩ ઔંસ.

લીલા રંગની લાખ બનાવવાની રીત—વેનીસ ટરપેન ટાઇન ૨ ઔંસ, ચપડા લાખ ૪ ઔંસ, કોકોહોની ૧।। ઔંસ, પીળો રંગ ૦।। ઔંસ, પ્રશીઅન બ્લુ અથર ગળી ૦।। ઔંસ, મેગનીશીયા ટરપેનટાઇનમાં પલાળેલો ૧।। ડામ.

સોનેરી તથા રૂપેરી રંગની લાખ—ચોખ્ખા ચપડા લાખ ૫ ભાગ હોય તેમાં બે ભાગ ટરપેનટાઇન નાંખવું. જેને ઓગળી ટાઢું પાડવા લાગે કે તેમાં અબરખનો ભૂકો નાખીને બનાવવાથી રૂપેરી રંગની લાખ બનશે અને અબરખ બદલે સોનેરી વરકનો ભૂકો નાંખી બનાવવાથી સોનેરી રંગની લાખ બનશે.

ગમે તે રંગની નરમ લાખ બનાવવી—ઉપર પ્રમાણે લાખ બનાવવાના પ્રયોગો બતાવ્યા છે. તેમાં કસ્તુરી થડવા વગેરે જોઇએ તેટલું મધ ઉમેરી બનાવવાં નરમ લાખ બને છે.

તરેહ તરેહના રંગવાળી લાખ બનાવવાની રીત-લાખ-ની બનાવટમાં જેવા રંગની બનાવવી હોય તેવા રંગ ઉમેરવા, એટલે જે રંગ નાંખવામાં આવે તે તે રંગની લાખ તૈયાર થશે.

ફ્રેન્ચ શીલ લાખ બનાવવાની યુક્તિ—ચપડા લાખ ૨ રતલ, વેનીસ ટરપેનટાઇન ૧ રતલ, ગીનાબ હીંગલોક ૩ રતલ. એ બધાને ઉપર પ્રમાણે મેળવી રતલના ૧૨ અથવા ૨૪ ભાગ કરી ડાંડીના આકારમાં બનાવી રાખવા.

પ્રકરણ ૧૯.

કાગળ સંબંધી જુદા જુદા હુન્નરો.

મનુષ્યોનો ખરેખરો વ્યવહાર કાગળો વડેજ ચાલતો હોવાથી જગતની સર્વે ચીજોમાં શ્રેષ્ઠતાને પામ્યો છે. દુનિયામાં લખવાની લીપિ કાગળોના શોધ પહેલાંજ ઉત્પન્ન થએલી હોવાથી, તે વખતે લખ-વામાં ત્રાંબાનાં પત્રાં, ભોજપત્ર, તાડપત્ર, ચર્મપત્ર, લાકડાનાં પાટીઆં, વિગેરે વિવિધ પદાર્થોનો ઉપયોગ કરતા, પરંતુ આજથી આશરે અઢી-હજાર વર્ષ પહેલાં કાગળો બનાવવાની ચીના લોકોએ શોધ કરી જે ધીમે ધીમે આખા જગતમાં પ્રસરી તેમાં એટલો બધો સુધારો વધારો થયો છે કે, આજે જુદાં જુદાં કાર્યોને માટે અનેક જાતના કાગળો બનાવવામાં આવે છે. અને તેથી બીજાં સાધનો બંધ થઈ હવે સઘળું લખાણ કાગળો પરજ કરવામાં આવે છે. હિંદુસ્તાનમાં આગ્રા પુના, જુન્નર, રાજમહાલ, બંગાળા, નાશીક વિગેરે ઠેકાણે હાથથી કાગળો બનાવવાનો હુન્નર વધવાથી તે તરફનો ઉદ્યોગ હાલમાં જો કે ભાગી પડ્યો છે, તોપણ અમદાવાદી, ખંભાતી વિગેરે જાતના કાગળોની હજુ સાધારણ ખપત રહેલી છે.

કાગળ બનાવવાની રીત—કાગળો બનાવવામાં કપાસ અથ-વા શણના કકડાના ચીંથરાં, બોરી, વાંસ, શેતુરનું ઝાડ, ઘઉં અને ડાંગરનું પરાળ, નરમ જાતના લાકડા, કપાસની સાંઠીઓ, રદ્દી કાગળો વિગેરે પદાર્થો વપરાય છે. અને તેથી કાગળ બનાવવાના કારખાનામાં રદ્દી ચીંથરાં, રદ્દી કાગળ, ફાટેલા ગુણપાટ વિગેરે એકઠાં કરી તેની જાત પ્રમાણે ઢગલા કરી તેને એક સાફ કરનારા યંત્રમાં નાંખી ત્યાં તેના ઝીણા ઝીણા કકડા કરે છે, તે વખતેજ તેમાંથી ધુળ, કચરો મેલ વિગેરે નીકળી જાય છે. બાદ તેને ઉકળતા પાણીમાં નાંખે છે. એ પાણીમાં ચુનો અથવા કાસ્ટિક સોડા નાંખેલો હોવાથી કપડાં મળેલો ચીકાશ અથવા રંગ નીકળી જઈ તે સ્વચ્છ બને છે. બાદ તે ઉકાળેલાં ચીંથરાં બીજા યંત્રમાં મોકલેલાં તીક્ષ્ણ ચક્રોથી ચીંથરાં છિન્ન ભિન્ન સ્થિતિમાં થઈ જાય છે. પછી તેને બીજા યંત્રમાં નાંખી ક્લીચુનાના પાણીથી તેમાં બાકી રહેલો રંગ તદન કાઢી નાંખે છે. પછી એ મુજબ તૈયાર થએલી થાડીને હોજમાં નાંખી

દાબી કાઢે છે. એટલે બેઝના દબાણ મુજબ જાડા કે પાતળા કાગળો બહાર પડે છે.

કાગળમાં જુદા જુદા ગુણો લાવવાને માટે તેની લાહીમાં જુદા જુદા પદાર્થો મેળવવામાં આવે છે, કાગળ જાડો બનાવવા માટે તેમાં પલેન્ડાઇટ નામનો સફેદ પદાર્થ નાંખવામાં આવે છે. સફાઇદાર બનાવવા માટે તેમાં પેરાસ, અને સોડાખાર નાંખી પાછળથી ફટ-કડી નાંખે છે. તેમજ કાગળને જુદા જુદા રંગો આપવાને માટે તેની લાહીમાં જુદા જુદા પદાર્થો ઉમેરવામાં આવે છે.

આવી જાતના બનાવેલા લોચા પાણીમાં મેળવવાથી તેની સફેદ લાહી બને છે. અને તેમાંથી કાગળ બને છે. કાગળો હાથ વડે તેમજ યંત્ર વડે બનાવવામાં આવે છે. યંત્ર વડે કાગળો બના-વવાનો ઉદ્યોગ સાધારણ માણસથી થઇ શકે તેમ નથી. હાથ વડે કાગળો બનાવવાની રીત એવી છે કે કાગળો બનાવવા માટે તે લોચાઓને પછી બનાવેલું સફેદ પ્રવાહી એક પીપમાં રાખે છે, અને પછી તે પીપમાં તારની ઝીણી જાળી જડેલું ચોકઠું ડુબાડી તેને એક સરખી રીતે બરાબર સીધું પકડી ખેંચી લે છે. એટલે તે જાળીનાં છિદ્રોમાંથી પાણી નીતરી જાય ચોકઠામાં લાહીનો પાતળો થર બની જાય છે. પછી તે ચોકઠું એક બાજુએ પાથરેલા ઊન-ના કકડા ઉપર ઉંધું નાખે છે. એટલે તેમાં જામેલો કાગળ ઊનમ ઉપર પડે છે; એ મુજબ અનેક થર નાંખ્યા પછી તેની ઉપર દબાણ કરી તેનું પાણી નીતારી નાખે છે. પછી તે થર જુદા જુદા પાડી એમને એમ સૂકવે છે. અથવા જીલેટીન (ચોખ્ખા સરેસ) ના પ્રવાહીમાં બોળી સૂકવે છે. અને પછી તેને તપાવેલા બે લોખંડના રૂળમાંથી દબાણ આપી કાઢતાં અથવા તેના ઉપર કોડીઓ વડે ઘસતાં ઝલેક નિકળે છે.

ચીનાઈ કાગળો બનાવવાની ચીનાઓની રીત તદન જુદીજ છે. તેઓ વાંસ અથવા ઘાસ વિગેરેમાંથી કાગળ બનાવે છે. વાંસ અથવા ઘાસમાં નરમાશ આવવા માટે તેને ૧૫ દિવસ સુધી ચૂના-વાળા પાણીમાં ડુબાડી રાખે છે. અને પછી તેને ખાંડી ખાંડી પીસી તેની લાહી બનાવે છે. લાહીના [illegible] કાંચવાળી ભઠ્ઠી હોય છે; અને તે ભઠ્ઠી ઉપર [illegible] છત હોય છે. તેમનું કાગળ બનાવવાનું [illegible] ચોકઠામાં બેસાડીને બનાવેલું હોય છે. [illegible]

ઉપર ઉચકી લીધા બાદ તેમાંજ કાગળનો થર બાઝે છે. તેને અગ્નિની આંચથી રફેજસાજ ગરમ થયેલી પેલી ભઠ્ઠીની છત ઉપર દાબવે છે, અને તે જરાએક ગરમ થતાં ચોખાનો બારીક મેંદો પીંછી વડે તેના ઉપર ચોપડી પેલો થર કાઢી લેઇ તેને સુકવે છે એટલે કાગળ બને છે. કાગળોમાં જે ચિત્રો અથવા અક્ષરો ઉઠેલા હોય તે છાપવાની રીત એવી છે કે, પ્રવાહી લાહીનો થર જે ચોકઠામા રેડવામા આવે છે, તે ચોકઠાની જાળીપર એવાં ચિત્રો અગર અક્ષરો ગોઠવેલાં હોય છે. આ ભાગ જાળીના ભાગ કરતાં થોડોક ઉપસેલો રહેતો હોવાથી ને ઉપર લાહીનો થર ઓછો બેસે છે, અને તેથી તે જગ્યાએ કાગળ થોડોક ઓછો જાડો રહી અક્ષરો અગર ચિત્રો પારદર્શક જણાય છે.

એ પ્રમાણે લખવાના કામમાં વપરાતા સફેત કાગળો બનાવવામાં આવે છે પરંતુ હાલમાં જુદા જુદા કામોમાં ઉપયોગી થઇ પડે તેવા કાગળો બનાવવાને કાજે તેઓ વિવિધ પ્રકારના પદાર્થોની મેળવણીમાં બોળી વિવિધ પ્રકારના રંગો ચડાવવામાં આવે છે. અગર તેઓમાં વિવિધ પ્રકારના ગુણ ધર્મ લાવવામાં આવે છે. જેમાંની મુખ્ય ક્રિયાઓ આ પ્રમાણે છે.

પાલીસ કરવાના કાગળ બનાવવાની રીત–જોઇએ તેટલા કાચના કકડા લેઇ તેને ખાણીયામાં ખુબ ખાંડીને બારીક કરવું. ત્યાર પછી તેને ઝીણા કારવાળી ચારણીમાં ચારવું; એ રીતે ચળાઇ રહે એટલે એનાથી પણ ઝીણા સાગવાળી ચારણીમા મુકવું. ત્યાર પછી એક જાડો કાગળ લેવો, ને તેને લાકડાના પાટીયાપર મુકી તેને ચાર ખુણે બારીક ખીલીઓથી જડી દેવો; બાદ સરેસને પીગાળી પાણી જેવો કરી કાગળ ઉપર એક કુચડાથી લગાવવો. અને પછી પેલી ચારણીમાં નાખેલો કાચનો ભુકો તે ઉપર ચાળવો અને તે કાગળને જેમનો તેમ રહેવા દેઇ સુકાવા દેવો. સુકાયા પછી તેની ખીલીઓ કાઢી લેઇ તે કાગળને ખંખેરી નાંખવો. એટલે વધારાની ભુકી નીકળી જશે. આ કાગળને છાંયડે સુકવવા માટે લટકાવવો. પછી તેનો ઉપયોગ બે ત્રણ દહાડા પછી કરવો.

શીલા પ્રેસમાં છાપવા માટે લખવાના કાગળો બનાવવાના પ્રયોગ–પ્રથમ એક વાસણમાં ૦ાા આંસ ગુંદરને પાણીમાં નાંખી પીગાળવો, પછી એ પાણી ગાળી લેઇ તેમા એક આંસ સરેસ તથા ૦ાા આંસ ઝુનું પ્લાસ્ટર ઓફ પેરીસ, ૧ આંસ સ્ટાર્ચ (કાંજીનો

આરો) એ ત્રણેને એક ખરલમાં ખાંડી બારીક થાય એટલે કપડછાણ કરીને ઉપર લખેલો રેવંચીનો શીરો તથા સરેસના પાણીમાં મેળવી સારી પેઠે ઘુટો, તે લેપ જેવું પાતળું થાય ત્યાં સુધી પાણી તેમાં રેડવું. પછી એ મેળવણીને લખવાના પાતળા કાગળની એક બાજુ વાળથી બનાવેલે બુરાશ વડે ચોપડવો. તે સુકાયા પછી ઉપર લખેલા ક્રમને માટે કાગળ લખવાનો કાગળ તૈયાર થશે, એટલે તેના ઉપર જે કંઈ લખવું હોય અથવા ચીતરવું હોય તે, આ મેળવણી લગાડેલા કાગળ ઉપર લખવું અથવા ચીતરવું કાગળ, પછી કાંઈને રેવંચીના શીરામાં બોળેલી કલમ મેળવીને તે ભિન્ન કાગળ ઉપર લગાવવા માટે તૈયાર કરે છે.

ટ્રેસીંગ પેપર એટલે ચિત્ર વીગેરેની નકલ લેવાના પારદર્શક કાગળો—કાગળના તારને રેખા ઉપર પાથરી તેની ઉપરની સપાટી ઉપર "કેનેડા બાલસમ" અને "ટરપેનટાઈન" એ બેના સરખા ભાગ મેળવવાથી બનેલા વારનિશનો હાથ ભરી અથવા ફેરવો. આ કીધાથી બરાબર પારદર્શક ન થાય તો બીજો વારનિશનો હાથ મારવો. આ કાગળ નકશા તથા ચિત્રો લેવાના કામમાં ઉપયોગી થઈ પડે છે.

સાદા કાગળને ચામડાના જેવો મજબુત બનાવવાની રીત—૫ ભાગ મધુરનો તેજાબ અને પાણી ૧ ભાગ, એ બેની મેળવણીમાં એક સાદો કાગળ લાકડીથી બોળી કાઢવો. અને તુરત ચોખ્ખા પાણીમાં ધોઈ સાફ કરવો. આ પ્રમાણે કરવાથી કાગળ ચામડા જેવો ઘણો મજબુત થાય છે. પણ તેજાબમાં બોળતાં અને પાણી વડે ધોતાં ઘણીજ ઈતાવળ કરવી જોઈએ.

કાગળના જાડા તખ્તા બનાવવાની રીત—એમોનીઆ અને મોરથુથુ એ બન્નેનું મિશ્રણ કરીને તેમાં કાગળને પલાળી રાખવા; પછી તે પ્રકારના બે કાગળ એકબીજાને ચોડાડી દાબવાના સાંચામાં દાબી રાખવા. આવી રીતે બેઉએ તેથી જાડી જાતનો કાગળ તૈયાર થાય છે. આથી વિશેષ મજબુત તખ્તાના કાગળો બનાવવા હોય તો કાગળો વચ્ચે કપડું નાખવું. એમોનીઆનું મિશ્રણ તૈયાર કરવું તે પણ ઘણું સહેલું છે. આવી રીતના બનાવેલા કાગળના તખ્તા ખુબ મજબુત થાય છે.

કાગળ ઉપરથી લખેલા લખાણને કાઢી નાંખવાની રીત–કેટલીએક જાતની લખાણની શાહી એવી હોય છે કે તે દૂર કરવાનો

ઉપાય કરતાં કાગળ સમુળગો નાશ પામે છે. માટે આ પ્રમાણે કરવાથી સહેલાઇથી લખાણવાળો ભાગ કાઢી શકાય છે. ઉકળતા વાસણની પાણીથી પ્રથમ કાગળને ગરમ પાણી વડે ધોવો જોઇએ. ત્યાર કેડે અર્ધો પાઇન્ટ પાણીમાં એક અધોળ પોટાશ ઓફ સલ્ફ અગર ઓકઝાલીક એસીડનું પાણી ઉમેરી એ મેળવણીથી કાગળને ભીંજવવો. થોડીવારે ચોખ્ખા પાણીથી લખાણવાળો ભાગ ચોખ્ખો થશે ડાઘ વિનાનો થઇ જશે. કાગળ કોરો કરવા માટે ધોઇ તુરત શાહીચુસ કાગળ લગી કાઢવો એટલે કોરો પડી જશે.

કાગળને મજબુત લાકડા જેવો બનાવવાની રીત—પ્રથમ કાગળ બનાવવાના માવામાં કલોરાઇડ ઓફ ઝીંક મેળવીને તેને મજબુત દબાણ તળે મુકવામાં આવે છે, આથી ઘણાજ મજબુત એટલે લાકડા જેવા સખ્ત કાગળો બને છે, એથી વધી મજબુતાઇના બનાવવા માટે માવામાં કલોરાઇડ ઓફ ઝીંક ઓછું વધતું ઉમેરવામાં આવે છે. આ કાગળ એટલો બધો સખત બને છે કે જેને જમીનમાં લાકડાના બદલે જડવામાં, ગાડાઓના તળીયાંમાં, લાકડીઓના હાથા કરવામાં, કાચકા, બટન વિગેરેના કામમાં સુખેથી વાપરી શકાય છે.

પીળા રંગનો કાગળ બનાવવાની રીત—એક અધોળ કાગદર લેઇ તેને ખુબ બારીક ખાંડી કપડછાણ કરી તેને અરધોશેર સ્પીરીટ ઓફ વાઇનમાં પલાળવી. પછી તેને પોતાની કાગળ ઉપર પીંછડવાથી સુવાળો અને ચળકાટદાર પીળો રંગ ચડે છે. વાઇન ન હોય તો દેશી મદ્યનો સાર અગર ટરકીનું પાણી ચાલી શકે.

નારંગી રંગનો કાગળ બનાવવાની રીત—ઉપર બતાવ્યા પ્રમાણેના કાગદરના મિશ્રણમાં કાંઇ સિંદુરખણ ઉમેરવાથી નારંગી રંગનો કાગળ કરવા માટે મિશ્રણ તૈયાર બને છે; તે મિશ્રણને કાગળ ઉપર ધીમે ધીમે પીંછીથી લગાવવું

લાલ રંગનો કાગળ બનાવવાની રીત—પ્રથમ હીંગળોક અને ટરકીને સરખા ભાગે લેઇ ઉકાળી તે મિશ્રણથી કાગળ રંગવાથી લાલ રંગનો તૈયાર થાય છે.

પ્રકરણ ૨૦.

ચામડાં સંબંધી જુદા જુદા હુન્નરો.

આપણા શરીરનું ટાઢ, તાપ, અને હવા પાણીથી રક્ષણ કરવાને માટે વસ્ત્ર તરીકે વાપરવાને જગતમાં જે ચીજ પહેલ વહેલાં ઉપયોગમાં લેવામાં આવી તે અન્ય કાંઇ નહિ પરંતુ ચામડાંજ હતાં. અને તેથી હિંદુઓના પૂજ્ય દેવ શંકર પણ પોતાના શરીર ઉપર વાઘનું ચામડું વિંટાળતા હતા, અને બીજા ઋષિ મુનિઓ તેમજ અન્ય લોકો હરણનું ચામડું ઓઢતા પાથરતા હતા. પરંતુ પાછળથી રેશમ, રૂ, ઉન વગેરેમાંથી વસ્ત્રો બનવા માંડતાં ચામડાંનો વસ્ત્ર તરીકેનો ઉપયોગ કમતી થઇ બીજા અનેક ઉપયોગોમાં આવવા લાગ્યું. હાલમાં તે પગનું રક્ષણ કરનારા બુટ, જોડા, ઘી, તેલ ભરવાના કુપા, કુપીઓ, પાણી ભરવાની પખાલો, કોશ, કોથળા, કોથળીઓ, તકીયા, ચોપડાઓનાં પુઠાં, યુદ્ધમાં રક્ષણ કરનાર ઢાલો, વિગેરે બનાવવાના તેમજ ઢોલ, મૃદંગ, ત્રાંસાં, પખવાજ વિગેરે અનેક પ્રકારનાં વાજીંત્રો મઢવાના કામમાં આવે છે.

આ દેશમાં ચામડામાંથી વિવિધ વસ્તુઓ બનાવવાનો ધંધો કરનાર ખાસ જુદોજ વર્ગ છે. અને તે ચામર, મોચી, અગર ડબગરના નામે ઓળખાય છે. બીજા દેશોમા ચામડાં કેળવવાનો ઉદ્યોગ ઘણી સારી સ્થિતિમાં પહોંચ્યો છે. ત્યારે આ દેશમા તેનો ધંધો કરનારાઓ ચમાર, મોચી વિગેરે લોકો અભણ અને દરિદ્ર સ્થિતમાં હોવાથી તેઓ ચામડાંના ઉદ્યોગને જોઇએ તેવો ખીલવી શક્યા નથી. અને તેથી બીજા દેશના લોકો જ્યારે પોતાના દેશમાંથી એક પણ કાચું ચામડું પરદેશ ન મોકલતાં મનમાન્યા પૈસા મેળવે છે. ત્યારે આ દેશમાંથી મોટા જથ્થામાં કાચાં ચામડાં પરદેશ ચઢાવવામાં આવે છે, પરંતુ હવે આ દેશમાંની ઉંચ વર્ગની પ્રજામાંથી પણ દીનપ્રતિદિન ઉંચ નીચ ધંધાની ભીંત દૂર થતી જાય છે. અને તેથી જમાનામાં વિદ્વાન [illegible] પણ સારી રીતે ચામડાં કેળવવાનાં કારખાનાં શરૂ કર્યાં છે. તેમજ કાનપોર મદ્રાસ વિગેરે કેટલાએક સ્થળોએ પણ એવાં કારખાનાં સ્થાપન થયેલાં છે, અને તે ઘણું સારૂ કામ કરતાં હોવાથી સરકારી ખાતા તરફથી તેમજ જનસમાજ

તરફથી પણ સારા આશ્રયને પામ્યાં છે. એ સ્થળોએ તેમજ યુરોપ, અમેરિકા વિગેરેમાં સારી રીતે કેળવવામાં આવતાં ચામડાં સંબંધીની માહિતી ટુંકામાં નીચે મુજબ છે. કાચાં ચામડાં હાથ આવ્યા પછી પ્રથમ તેને ચોખ્ખા પાણીમાં નાંખે છે, જેથી તેને વળગેલો કચરો, લોહી વિગેરે નિકળી જાય છે. જો ચામડાને મીઠું દીધેલું હોય તો તેમને ફરી ફરીને પાણીમાં બોળી ધોવામાં આવે છે. વળી જો ચામડા સુકાઇને ખખ થઇ ગયાં હોય તો તેમને પાછાં અસલ નરમ સ્થિતિમાં લાવવાને કાજે એ કરતાં પણ લાંબો વખત પાણીમાં ભીંજવી રાખવાં પડે છે. એ પ્રમાણે લાંબા સમય સુધી તેને ભીંજવી રાખવાથી સડી જાય નહિ એટલા માટે પાણીમાં મીઠું, ટંકણખાર કે કાર્બોલિક એસિડ વિગેરે ઉમેરવામાં આવે છે. એ મુજબ ભીંજવતા ચામડા સહેલથી વળી શકે, અને વાળનાં ભાગી કે ચીરાઇ જાય નહિ એવી સ્થિતિમાં આવ્યા પછી તેમને ભારે હથોડીઓ વડે કુટવામા આવે છે કે જેથી તેઓ નરમ બને છે. (આ કામના માટે "સ્ટોક્સ" નામનું યંત્ર પણ તૈયાર મળે છે.) જરૂર પ્રમાણે ૧૦ મિનિટથી ૦॥ કલાક કે તેથી પણ વધારે વખત સુધી કુટવા બાદ પછી પાછાં એ ચામડાને ટાઢા પાણીમા બોળવામાં આવે છે.

એ મુજબ ચામડાને નરમ બનાવ્યા પછી તે ઉપરના વાળ નાબુદ કરવાની ક્રિયા શરૂ થાય છે. આ કામ માટે મોટા ખાડાઓમાં ચુનાનું પાણી ભરીને તેમાં સપાટબંધ ચામડાંને પાથરી દેવામા આવે છે. અને દરરોજ બે વાર તેમને બહાર કાઢી નીચે બાઝી રહેલા ચુનાને ડહોળીને પાછો પાણીમાં મિશ્ર કરી તેમાં પાછાં ચામડા ગોઠવવામા આવે છે ×

આ પાણીમા ચામડાને કેટલાક દિવસ રાખવાં, તથા તે માટે ચુનો કેટલો લેવો એ બાબત જો કે ઇંગ્લાંડ અને અમેરિકાના કારખાનાવાળાઓમાં મતભેદ છે, તોપણ છેવટ એ નિર્ણય થયો છે કે જો દર ચામડા દીઠ બેથી ચાર રતલ ચુનો લેઇ હોજના પાણીમાં નાંખી તેમાં ચામડાને આઠથી દશ દિવસ સુધી રાખ્યાં હોય તો એટલા વખતમાં તેના વાળ ઢીલા પડી જાય છે. જો જાડા સોલ માટે ચામડું કેળવવું હોય તો અમેરિકામાં તેને ચુનાના જબર પાણીમાં ૮ થી ૧૦ કલાક સુધી નાંખી રાખી પછી એ પાણીમાંથી બહાર કાઢી

× હાલમાં કેટલીક જગાએ ચુનાને બદલે સલ્ફાઇડ ઓફ સોડીયમનો ઉપયોગ પણ થાય છે.

ગરમ પાણીમાં નાખવામાં આવે છે, ત્યાં તે ૨૪ થી ૪૮ કલાક સુધી રહે છે. ગરમ પાણીને લીધે વાળની જડના છિદ્રોમાં પોચો પડેલો ચુનો પ્રવેશ પણ થવા પામે છે. જેથી વાળ જલદી ઊખડી જાય છે, અને ચામડું ફુલી જાડું થાય છે.

ઉપર પ્રમાણે વાળને ઢીલા પડવા પછી ચામડાને પીંછ નાંખી તે ઉપરથી વાળ ઉખેડી કાઢવાનું કામ ચાલે છે. આ કામ માટે ચામડાને લોખંડના કે ટીમડા ઉપર આડું નાખીને એક બાજુથી હાથવાળી એક છુરી લઈ વાળ ઉપર મજબુત હાથે ફેરવવામાં આવે છે, જેથી વાળ સહેજમાં ખેંચાઈને નિકળી જાય છે. વાળ છુટા કર્યા પછી ચામડાની બીજી બાજુએ વળગેલું માંસ, ચરબી વિગેરે એક ધારવાળી છરી વડે ઘસી કાઢવામાં આવે છે. ફક્ત બહારની સપાટીમાં રહેલીજ નહિ, પરંતુ ચામડાંની અંદર રહેલી ચરબી પણ દાબી કાઢવાની ક્રિયા પણ કરવામાં આવે છે. કારણ જો તેમ કરવામાં ન આવે તો પાછળથી એ ચરબી આખા ચામડામાં પ્રસરીને તે પર મેલાં કદરૂપાં ધાબાં પડે છે એ મુજબ વાળ છુટા પાડી ચામડાં સાફ કર્યા બાદ તેને મોટા વાસણમાં અથવા તો ચુનાના નિતર્યા પાણીમાં ૧૨ થી ૨૪ કલાક સુધી રાખી મુકવામાં આવે છે કે જેથી તેના ઉપર બાકી રહેલો ચુનો વિગેરે ધોવાઈ જાય. જો ચામડા ઉપર પોચો પડેલ પણ ચુનાનો ભાગ રહી જાય તો તેથી ચામડું બરાબર પાકતું નથી, અને તેનો રંગ બગડી જાય છે.

એ પ્રમાણે ચામડાં શુદ્ધ કર્યા પછી તેને પકવવાની ક્રિયા કરવામાં આવે છે. આ કામ માટે પાકી ઈંટોના આદીના ચણાવડે મોટા હોજ બાંધી હોય તેમાં પોર્ટ લૅન્ડ સીમેન્ટનું પ્લાસ્ટર કરી લેવામાં આવેલું હોય છે. કારણ ચુનાવડે ચણવામાં આવે તો તેનો કણ પાણીમાં ભળવાથી તે ચામડાંના રંગને બગાડે છે.

ચામડાં ટેન કરવા (પકવવા) માટે મોટાભાગે બાવળની છાલ, દીવેદી, હરડે, બહેડાં, બાવળ કે આવળની છાલ, આસ્ટ્રેલિયન બાર્ક, સ્પેનીશ ચેસ્ટનટ, કાથો, ઈન્ડગ્રી વિગેરે પદાર્થો વાપરવામાં આવે છે. અને તેમાંથી જે ચીજ વાપરવાની હોય, તેમને મોટી ઘંટીઓમાં ભાંગીને બારીક ભુકો કરવામાં આવે છે. પછી પેલા હોજમાં પાણી ભરી તેમાં એ ભુકો નાંખી હોજમાં લાકડીઓ વિગેરે વડે હલાવી એ ચામડાને તેમાં નાખવામાં આવે છે. ત્યાં તેનો બાકી પડે એટલે બીજા હોજમાં ફેર બદલ ત્યાં ફરી નહિ પાંચ જાત નાંખવામાં આવે છે. આ પ્રમાણે



પ્રકરણ ૨૧.

જુદી જુદી જાતના કાચ બનાવવા વિષે.

દુનિયાના આજકાલના સુધરેલા જમાનામાં અતિ ઉપયોગી જણાતી ચીજોમાં કાચ પણ ઘણી પ્રસિદ્ધતામાં આવ્યો છે. એની બનાવટની કળા અતિ પ્રાચીન કાળથી જણાએલી હોઇ આ દેશમાં પણ ઘણા સમયથી બનાવવામાં આવે છે પરંતુ હિન્દુસ્તાનમાં બનતો કાચ તદન હલકી જાતનો હોઇ જલદી ફુટી જાય છે. તોપણ કેટલાએક સ્થળે હાલમાં તેમાં સુધારો થવા માંડ્યો છે હાલમાં દુનિયામાં જે જે જાતનો કાચ બને છે તેના પાંચ વર્ગ પાડી શકાય.

૧ ક્રીસ્ટલગ્લાસ—અથવા જેવા ગ્લાસ, હાંડી, વાડકેટ વિગેરે બને છે તે જાતનો કાચ

૨ ક્રોન ગ્લાસ અથવા ચ્હેરો જોવાની આરસીનો કાચ.

૩ પ્લેટ ગ્લાસ અથવા બારીઓનો કાચ.

૪ બોટલ ગ્લાસ—શીશા, શીશીઓ વિગેરે બનાવવાનો કાચ.

૫ શીટ ગ્લાસ—જુદા જુદા કામો માટે વપરાતો બનાવટી કાચ.

એ દરેક જાતના કાચો બનાવવામાં મુખ્ય પદાર્થો રેતી, અને પાપડખાર, સાજીખાર વિગેરે પોટાશ અને સોડાના ખારોજ વપરાય છે. એ ઉપરાંત વધારામાં તે કાચને જેવો રંગ, જેવા રૂપ કે ગુણવાળો બનાવવો હોય તે પ્રમાણે જુદાજુદા બીજા પદાર્થો પણ મેળવવામાં આવે છે.

કાચ બનાવવામાં સૌથી મુખ્ય પદાર્થ રેતી છે, અને તે આકાશના પથ્થરમાંથી બનેલી હોય છે. રેતીમાં જો કે અગ્નિ ઉપર ટકવા જવાનો ગુણ છે, તો પણ તે એકલી અને તેટલો તાપ ના છતાં પણ જોઇએ તેટલી ઓગળી શકતી નથી, પરંતુ જ્યારે સાથે ખારનો મેળ કરીને તપાવવામાં આવે છે ત્યારે તે ઓગળી કરી પાતળું કાચનો આકાર લે છે.

સપાટભૂમિમાં સામાન્ય રેતી ખરી શકતી નહિ, અને તેથી જરૂરથી રેતી મંગાવી તેમાં રહેલા બનસ્પતિ આદિ નકામા ...ને સુંદર ને ઘણી ઝીણી જોઇ પાપડખાર અને સાજીખાર મે... બનાવે છે. જરૂરમાં રેતી પ્રમાણ રોપણી ત્યાંથી ફેંદા.

ચામડાને ફુગથી બચાવવાની રીત—પાતળો ઓક્ઝેલીક એસિડ ચામડાને લગાડવાથી તેના ઉપર ફુગ આવતી નથી. પ્રથમ ચામડાને કોરા કપડાથી લુછી (ઘસીને) નાંખી સાફ કરી ઉપર પ્રમાણે એસિડ લગાવવો એટલે સાફ થઈ જશે.

પગમાં બુટ અગર જોડા ન ચડતા હોય તેનો ઉપાય—ફ્રેન્ચ ચાકનો બારીક ભુકો કપડછાણ (લુગડાંથી ચાળેલ) કરી બુટ યા જોડાની અંદરના ભાગમાં લગાવવો.

ચામડું નરમ અને વળે તેમ કરવાની રીત—ગ્લીસેરાઇન લગાડવાથી જોઇએ તેવું નરમ અને વળે તેવું ચામડું તૈયાર થાય છે.

ચોમાસામાં ભીંજાએલા બુટ જોડા અકડાઈ જઈ ખરાબ ન થાય તેવી રીત—ભીંજાએલા ચામડા અગર બુટમાં ચણા ભરી રાખવાથી સઘળી ભીનાશ ચુસી લે છે.

ચામડાપર લાલ રંગ ચડાવવાની રીત—પ્રથમ કલોરાઇડ ઓફ ટીન અને ક્રીમ ઓફ ટાર્ટરના પાણીમાં ડુબાવીને પછી કીરમજીના અર્કમાં ડુબાવવા.

ચામડા ઉપર ઘેરો લાલ રંગ ચડાવવાની રીત—પ્રથમ ફટકડી અને કલોરાઇડ ઓફ ટીનના પાણીનો હાથ મારીને તે ઉપર કીરમજના ઉકાળાનો હાથ મારવો.

ચામડા ઉપર ઘેરો લીલો રંગ ચડાવવાની રીત—રસી-કના બારીક ભુકાને અને નવસાગરને જ્યાં સુધી નરમ થાય ત્યાં સુધી પાણીમાં ભીંજવ્યા બાદ તે મિશ્રણ ચામડા ઉપર ચોપડી છાંયડે સુકવવું.

ચામડા ઉપર ભુરો પીળો રંગ ચડાવવાની રીત—પતં-ગના લાકડાનો ઘેરો રસ અને ફટકડી એ બેના મિશ્રણમાં ચામડાં ડુબાવવાથી ઘેરો ભુરો રંગ ચડી જશે.

બીજી રીત—વિલાયતી લાલ રંગને આલકોહોલ અથવા રેકી-ફાઇડ સ્પીરીટમાં પીગાળી તેમાં જાફરાનો ભુકો મેળી ચામડા અથવા જોડાઓ ઉપર લગાવી ઘસવાથી સારો ભભકાદાર પીળો રંગ ચડે.

ચામડા ઉપર કાળો રંગ ચડાવવાની રીત—એસીટેટ ઓફ આયર્નને પાણીમાં પીગાળીને તે મિશ્રણ લગાડવું.

ચામડા ઉપર વાદળી રંગ ચડાવવાની રીત—ગરમ પા-ણીમાં ગળી પીગળાવી બીજે દહાડે ગરમ કરી ચામડા ઉપર લગાવવું.

પ્રકરણ ૨૧.



જુદી જુદી જાતના કાચ બનાવવા વિષે.

દુનિયાના આજકાલના સુધરેલા જમાનામાં અતિ ઉપયોગી અગત્યની ચીજોમાં કાચ પણ ઘણી પ્રસિદ્ધતામાં આવ્યો છે. એની બનાવટની કળા અતિ પ્રાચીન કાળથી જણાએલી હોય આ દેશમાં પણ ઘણા સમયથી બનાવવામાં આવે છે પરંતુ હિન્દુસ્તાનમાં બનતો કાચ તદન હલકી જાતનો હોય જલદી ફુટી જાય છે. તોપણ કેટલાએક સ્થળે હાલમાં તેમાં સુધારો થવા માંડ્યો છે. હાલમાં દુનિયામાં જે જે જાતનો કાચ બને છે તેના પાંચ વર્ગ પાડી શકાય.

૧ ક્રીસ્ટલગ્લાસ—અથવા જેવા ગ્લાસ, હાંડી, પાવલેટ વિગેરે બને છે તે જાતનો કાચ

૨ ક્રાઉન ગ્લાસ અથવા ચહેરો જોવાની આરસીનો કાચ.

૩ શીટ ગ્લાસ અથવા બારીઓનો કાચ.

૪ બોટલ ગ્લાસ—શીશા, શીશીઓ વિગેરે બનાવવાનો કાચ.

૫ પ્લેટ ગ્લાસ—જુદા જુદાં કામો માટે વપરાતો બનાવટી કાચ.

એ દરેક જાતના કાચો બનાવવામાં મુખ્ય પદાર્થો રેતી, અને પાપડખાર, સાજીખાર વિગેરે પોટાશ અને સોડાના ખારોજ વપરાય છે. એ ઉપરાંત વધારામાં તે કાચને જેવો રંગ, જેવા રૂપ કે ગુણવાળો બનાવવો હોય તે પ્રમાણે ગુણવાળા બીજા પદાર્થો પણ મેળવવામાં આવે છે.

કાચ બનાવવામાં સૌથી મુખ્ય પદાર્થ રેતી છે, અને તે આકાશના પથ્થરમાંથી બનેલી હોય છે. રેતીમાં જો કે અગ્નિ ઉપર પીગળી જવાનો ગુણ છે, તો પણ તે એકલી ગમે તેટલો તપાવવા છતાં પણ જોઈએ તેટલી ઓગળી શકતી નથી, પરંતુ જ્યારે તેની સાથે ખારનો યોગ કરીને વપરાવવામાં આવે છે ત્યારે તે એકસાથે ગળી જઈ ઠરી જતાં કાચનો આકાર લે છે.

કપડવંજમાં સામાન્ય રેતી ખરી હોતી નથી, અને તેથી તેઓ જબલપુરથી રેતી મંગાવી તેમાં રહેલો વનસ્પતિનો અંશ નાશ કરવા તેને ભુંજી ને પછી તેની સાથે પાપડખાર અને સાજીખાર મેળવી કાચ બનાવે છે. જબલપુરમાં રેતી પુષ્કળ હોવાથી ત્યાંથી દરિ-

મશાળામાં કાચની રંગબેરંગી શીશીઓ પુષ્કળ બનાવવામાં આવે

એ મુજબ રેતી અને ખાર એ બે મુખ્ય ચીજોના મેળ
ચીજ જો કે સઘળી જાતનો કાચ બને છે તો પણ તેમાં જુદા જુ
હેતુઓને કાઇ બીજા પદાર્થોનો પણ મેળ કરવામાં આવે છે; જે
કાચીન ગ્લાસ જાતનો કાચ બનાવવાને માટે સોડાની સાથે વધારા
ચુનાનો મેળ કરવામાં આવે છે. બાટલીનો કાચ બનાવવામાં સો
ચુનો, એલ્યુમીના અને લોઢાનો ખાર ઉપયોગી માલુમ પડ્યો
ત્યારે બારીનો કાચ બનાવવામાં સોડા, ચુનો અને પોટાસ ઉપયો
માલુમ પડ્યા છે.

ખારાની શુદ્ધતા પ્રમાણે કાચના ગુણમાં ફરક પડે છે, અ
તેથી ગ્લાસ, હાંડી વિગેરેના માટે બનાવવાના કાચોમાં જે ખ
વપરાય છે તે ઘણો શુદ્ધ લેવો પડે છે. રેતીનો રસ બનાવી
કરવાને માટે ભઠ્ઠીઓ તેમજ મોટાં વાસણો બનાવવાં પડે છે. વ
કાચનો રસ ભઠ્ઠીમાંથી કાઢ્યા પછી ઘણા વખત સુધી નરમ
રહેતાં ઠરી જાય છે. જેથી તેની જોઇએ તેવી બનાવટ કરી શકા
નથી. જેથી ભઠ્ઠીઓ એવી છુટવાળી જગ્યામાં કરવામાં આવે
કે, કામ કરનારાઓ તેની પાસે ઉભા રહીને ગરમ રસમાંથી મ
પસંદ બનાવટો કરતા જાય છે. અગર તૈયાર થયેલા કાચને ઠં
પડ્યા પછી ફરીથી ગરમી આપી નરમ કરવાની બીજી જુદી જુ
ભઠ્ઠીઓ પણ એજ મકાનમાં કરેલી હોય છે. કાચ બનાવવાને સા
મેળવવામાં આવેલી જુદી જુદી ચીજોના ગુણદોષ અને તેને આપ
વામાં આવતી વધારે ઓછી ગરમીને લેઇને રેતી તથા ખારના મે
થાણનો રસ થઇ કાચરૂપે બનવાને ૧૨ થી ૧૮ કલાક જેટલ
વખત લાગે છે.

ખાર અને રેતીને તાવવા માટે જે વાસણો બનાવવાં પડે છે, તે
માટે વપરાતી માટી પણ જો ચોક્કસ જાતનીજ હોય તોજ સારું કામ
બને છે. તે માટી ચુના કે લોઢાના મેળવાળી ન હોતાં સીલીકા, (રેતી)
અને એલ્યુમીનના મેળવાળી હોવી જોઇએ, એવી માટી ઘણું કરી
કોલસાની ખાણવાળી જમીનમાંથી મળી આવે છે. અને તેને ઘણી
સારી રીતે કેળવીને તેમાંથી વાસણો બનાવવામાં આવે છે. એ વાસણો
૩૦ થી ૪૦ ઇંચ પેહળાનાં, તેટલીજ ઉંચાઇનાં અને ત્રણથી ચાર
ઇંચ જાડાઇનાં બનાવવામાં આવે છે, અને મજબુત ખારે તાવથી તે-
ઓને એવાં સખ્ત રીતે પકવવામાં આવે છે કે રેતી અને ખાર ત-

થાય રહે ત્યાં સુધીનો તાવ તેમાં આપી શકે. કાચના બનાવવામાં આવતાં નથી, પણ તૈયાર થયેલા રસને સાંચામાં નાંખી ફુંકીને તેમાંથી તરેહવાર જાતના ઘાટ બનાવવામાં આવે છે. કાચનો રસ તરત પાણી જેવો પાતળો બનતો નથી, પણ તે એક લાકડીના છેડા વડે ઉપાડી શકાય તેવો ચીકણો જેવો બને છે, અને તેથી કામ કરનારાઓ પોતાના હાથમાં પીતળની નળીઓ રાખી તૈયાર થયેલા કાચના રસમાં તે નળીનો એક છેડો બોળી તેના ઉપરથી થોડોક કાચ ઉપાડી લે છે. શીશો કે લોટો જેવું એક વાસણ બનાવવાને ન હોય તો પ્રથમ ઉપાડેલા કાચને ઠરી જવા દેઇને તેને ફરીને કાચના ગરમ રસમાં બોળી બીજો વધારે કાચ તેની ઉપર ચઢાવવામાં આવે છે. એ પ્રમાણે જોઇએ તેટલો જથ્થો નળીના છેડા ઉપર મુકવામાં આવ્યો કે તરતજ તેને ગોળ ફેરવીને તેમજ પોતાની આગળ મૂકેલા પાટીયા ઉપર જોઇતી રીતે રાખી દાબીને તેને નળીના છેડાથી જરીક બહાર નિકળતો ગોળાકાર પેંડા જેવો આકાર બનાવવામાં આવે છે. નળી ઉપર આટલુંજ કામ થાય છે, ત્યાર બાદ તેના જેવા આકારનાં વાસણો બનાવવાં હોય તેવા આકારનાં બીબામાં મુકવામાં આવે છે. એ લોઢાનાં બીબા અંદરથી પોલાં હોય તેનાં બે ફાડીયાં હોય છે, એ ફાડીયાં એકઠાં જોડી તેમાં પેલા રસનો નળીએ વળગેલો કાચ મુકી નળીને બીજે છેડેથી ફુંક મારે છે, જેથી કાચનો એ ગોળો અંદરથી ફુલી તેનો બીબામાં જેવો આકાર ઉઠે છે. જે ઠરી પડતાં બીબાનાં ફાડીયાં જુદાં પડે છે એટલે વાસણ તૈયાર હાલતમાં બને છે.

કાચ ઢાળ ઢીબ પદાર્થોનો જે રીતે બને છે. તે સંબંધી એટલી સ્પષ્ટ ઉપયોગી માહિતી આપવામાં આવી. જે નવીન કામ આરંભનારને મદદકારક થઇ પડશે. હવે જુદા જુદા કાર્યોમાં વપરાતા જુદી જુદી જાતના કાચો કેવી રીતે બનાવવામાં આવે છે તેનું વર્ણન કરીએ.

બાટલીઓનો કાચ બનાવવાની રીત—લીલા અને કાળા રંગની બાટલીઓના કાચમાં રેતીનો ભાગ વધારે હોય છે; અને બીજો જે ખારો નાંખવામાં આવે છે તે પણ વધારે ચોખ્ખો ન હોય તો પણ ચાલી શકે છે. જેથી એવી જાતનો કાચ થોડા દામવાળાં મનુષ્યો પણ બનાવી શકે છે. એને બનાવવાની રીત એવી છે કેઃ— ૧૦૦ ભાગ રેતી, ૮૦ ભાગ પાપડીઓ ખારો, ૮૦ ભાગ કળી ચુનો, ૫ ભાગ ચીકણી માટી, અને ૩ ભાગ સિંધવ લેઈ તેઓને એકઠાં

કરી રસ બનાવે છે. પછી લાલચોળ તપાવેલી લોઢાની નળીનો છે
તે રસમાં બોળી જેનો પેરના આકારનો લોંદો બનાવે છે. બાદ જે
આકારની શીશી બનાવવી હોય તેવા આકારના પીતળ અથવા
ડના સંચામાં તે નળીનો છેડો મૂકી મ્હોં વાટે બીજા છેડેથી
મારવામાં આવે છે. એટલે રસ ઝટ શીશીનો આકાર પકડી લે
તે ઠંડુ થયે બીબાનાં બન્ને ફાડચાં જુદાં કરી તૈયાર થયેલી બા
લીને કાઢી લે છે.

ક્રાઉન ગ્લાસ ચહેરો જોવાના આરીસા બનાવવા કાચ—ચોખ્ખી સફેદ રેતી ૧૦૦ ભાગ, પાપડખાર ૩૫થી ૪૦ ભા
ફુટેલા કાચના ૩૦ થી ૨૫૦ ભાગ, એ પ્રમાણે મિશ્ર કરી તાવ
પછી નળીપર લોંદો લેઇ તેને ફુંક મારી ફુલાવતાં જોઇતા આકાર
લોચો ફુલાયો કે તરતજ આગળ મૂકેલા પીતળના પાટીયા ઉપર તે
મૂકી દઇ રોલરવડે દાબી જોઇતો ચપટો આકાર આપવો.

પ્લેટ ગ્લાસ—રેતી ૩૦૦ ભાગ, ચોખ્ખો પાપડખાર ૧૦
ભાગ, ચુનો ૪૩ ભાગ, ભાગેલા કાચનો ચુરો ૩૦૦ ભાગ મિશ્ર કરી
તેને ઓગળ્યા બાદ એક પ્લેટ બનાવવા જેટલો રસ નળીના છે
ઉપર લેઇ તેને પ્રથમ ફુંક મારી ફુલાવવો. જોઇતા માપમાં લોચે
ફુલાયો કે તરતજ આગળ મૂકેલા પીતળના ટેબલ ઉપર તેને દાબ
દેઇ રોલરવડે દાબી જોઇતો આકાર આપવો.

ક્રીસ્ટલ ગ્લાસ અથવા વાસણો, હાંડીઓ વિગેરે બનાવવાનો કાચ—હાલમાં આપણે જે કાચના સુંદર પ્યાલા, હાંડીઓ
વિગેરે વાપરીએ છીએ તે કાચ નિચે મુજબની રીતે બનાવવામ
આવે છે:—

૩૦૦ ભાગ સફેદ રેતી, ૨૦૦ ભાગ સિંદુર, ૧૦૦ ભાગ કાર્બો
નેટ ઓફ પોટાસ, ૨૦ ભાગ સોડા, આ ચીજોને એકઠી કરી વાટે છે
અને પછી તેને એકરસ કરી તેમાંથી ઉપર લખ્યા મુજબ જુદા જુદા
આકારની ચીજો બનાવે છે. રેતી જેવી સફેદ અને શુદ્ધ હોય તેવો
કાચ બને છે. જો રેતીના બદલે સફેદ માટી મળે તો તેને ખુબ ઉપ
યોગમાં લે છે. કાચ બનાવવાની એ મુખ્ય રીતોમાં કેટલાએક પદા
ર્થોનો મેળ કરીને અનેક પ્રકારના રંગિન, તેમજ હુન્નરોપયોગી કાચો
બનાવવામાં આવે છે, એટલુંજ નહિ પરંતુ તેઓના ઉપર અનેક
પ્રકારનું કોતરકામ પણ કરવામાં આવે છે, જેઓ પૈકી અતિ મહ
ત્વની બાબતોની માહિતી આ પ્રમાણે છે.

આરસીનો કાચ બનાવવાની રીત—રેતી ૫૨ ભાગ, ચુનો ૨૬ ભાગ, મિશ્ર સોડા તથા પોટાશ ૫ ભાગ; એલ્યુમીનના ૧ ભાગ, ઓક્સાઇડ ઓફ આર્સન ૫ ભાગ, એ સર્વેને ભેગાં કરી નાખવાં, એ રસ થવાથી પીળા લાલ રંગનો કાચ બનશે.

બારીનો કાચ બનાવવાની રીત—રેતી ૬૦ ભાગ, ચુનો ૧૨ ભાગ, સોડા ૧૫ ભાગ, ઓક્સાઇડ ઓફ આર્સન ૧ ભાગ, એ સઘળાને ભેગાં નાખવાથી બારીનો સાધારણ કાચ થશે.

ફ્લીંટ અગર ઘરમાં, પ્યાલાઓ બનાવવાનો કાચ—ફ્લીન્ટ ઘરમાં, પ્યાલાઓ વિગેરે બનાવવા જે ફ્લીંટ [illegible] છે, તેને વાસ્તે નીચે લખેલો સામાન લેઈ બનાવેલા [illegible] સફેદ ઝીણી રેતી ૩૦૦ ભાગ, સુવાગાની લીથ અગર સિંદુર [illegible] ભાગ, પર્લ એશ (પોટાશ [illegible]) ૮ ભાગ, સુરોખાર ૨૦ ભાગ, એવા રીતે સામાન નાખીને તેમનો રસ થવા લાગે કે થોડો [illegible] અને [illegible] નાખવો.

ક્રાઉન ગ્લાસ અથવા આરીસા બનાવવાનો કાચ—ઝીણી સફેદ રેતી ૨૦૦ ભાગ, [illegible] ૩૩૦ ભાગ, ફુંકેલો ચુનો ૧૫ ભાગ, [illegible] ભાગ. આ વસ્તુઓને [illegible] નાખ્યા પછી ૩૦ થી ૪૦ કલાક સુધી અગ્નિનો સખ્ત તાપ આપવો.

એ મુજબ તૈયાર થએલા કાચને કલાઈ કરવાની રીત—[illegible] ઉપર જેકે ટીનફોઈલ ([illegible]) પાથરવા, અને ઝીણા [illegible] કાચનો [illegible] તેના ઉપર [illegible] એકસરખો કેરવો. પછી તેના ઉપર બીજો [illegible] પાથરવો, તે તે [illegible] એકસરખા ફેરવો. પછી તેના ઉપર બીજો [illegible] પાથરવો, તે તે [illegible] ઉપર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કાચ ઉપર [illegible] [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે તેને [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પછી તેના ઉપર [illegible] [illegible] [illegible]

[illegible] કાચ બનાવવાની રીત—રેતી [illegible] ભાગ, [illegible] [illegible] ૨૨ ભાગ, [illegible] ૧૧ ભાગ અને [illegible] [illegible] ૨૨ ભાગ, [illegible] [illegible] ૧૪ [illegible] [illegible].

પાણીમાં [illegible] [illegible] કાચ બનાવવાની રીત—[illegible]

રેતી ૧૫ ભાગ, એ બધાને વાટીને મિશ્ર કરી એક વેલડીમાં નાં
ગાળવાં, અને પછી નમુના માફક ઢાળવું. આ રીતે બનેલો કાચ
નાથી ૪-૫ ગણા ગરમ પાણીમાં પીગળી જાય છે.

આસમાની રંગનો કાચ બનાવવાની રીત—ચકમક
પથ્થરનો ભૂકો ૪ ઔંસ, સુરોખાર ૨ ઔંસ, સવાગી (ટંકણખાર
૧ ઔંસ. મેગ્નીઝ ૦ા પૌન્ડ, ગળી ૧ પૌન્ડ એ પ્રમાણે ચી
એક કરી ગાળવાથી આસમાની રંગનો કાચ બને છે.

રાતા રંગનો કાચ બનાવવાની રીત—સીસાની મેળવ
બનાવેલો કાચ ૬ પૌંડ, સાદો કાચ ૬ પૌંડ, આ બંને કાચને મુસમ
મુકી રસ કરવો. અને તે રસમાં ત્રાંબાનાં પત્રાં તાવી, તેના ઉપર
કાઢેલા કાટને ખુબ વાટી ઝીણો ભૂકો કરવો, અને તે થોડો થોડ
રસમાં નાંખી રસને હલાવતાં જવું. જ્યારે મરજી મુજબ રંગ આ
ત્યારે નાંખવાનું બંધ કરવું. પછી ટાર્ટરની બારીક ભૂકી કરી થો
રસમાં નાંખતા જવું. અને તે રસ સારો મજાનો લાલ થાય કે નાં
ખવાનું બંધ કરવું.

કાળા રંગનો કાચ બનાવવાની રીત—કાચના કટકાને ખાંડ
તેનો ભૂકો કરવો. અને તેને મુસમાં નાંખી દેવતા ઉપર મુકી રસ થાય
એટલે તેમાં આફ્રી ૨ ભાગ, મ્યાગનીઝ ૧ ભાગ. આ બે એમ
ખાંડી તેની નાની નાની પડીકીઓ કરવી, તે પડીકીઓમાંથી એક
પછી એક એમ રંગ થતાં સુધી નાંખી હલાવતા જવું. એટલે કાળો
કાચ તૈયાર થશે.

લીલા રંગનો કાચ બનાવવાની રીત—તાંબુ ૩ ઔંસના
પાતળા કકડા લેઇ તેને એકડા ફેરસીમાં નાંખી ઓગાળવા અને જે
તળીએ ભૂકો બેસે તે લેઇ ધોઇ સાફ કરવો, તેમજ લોઢાની વરખ
૨ ડ્રામ, અને આગળ કહી ગએલ કડક કાચની મેળવણી ૯ પૌન્ડ
આ બધાને મેળવી મુસમાં નાંખી અગ્નિ ઉપર ઓગાળવું એટલે
કાચ થશે.

પીળા રંગનો કાચ બનાવવાની રીત-સફેત રેતી બે ભાગ,
પોટાશ અગર સોડા ત્રણ ભાગ, ટંકણખાર ૧ ભાગ, આ બધાને મુસમાં
મૂકી અગ્નીની સખત આંચ આપી રસ કરી નાંખવો. એટલે અસલ
પીળા રંગનો કાચ તૈયાર થશે.

જાંબુડા રંગનો રંગ બનાવવાની રીત—સ્ફટિક કાચની

મેગનવ્રી ૧૦ ગ્રેન, આમનીજ ૧ અૅાંસ, ગ્લાસરી ૦॥ અૅાંસ. આ બન્નેનો રસ કરવાથી જાંબુડો રંગ બનશે.

ચાંદી જેવો કાચ બનાવવાની રીત—અબરખના પતરાને ધેવનામાં નાંખી સાફ કરી હાઈડ્રોફ્લોરીક એસિડમાં નાંખી દેવાં. પછી તેને બારીક વાટી ધુમાડામાં સુકાવીને તેમાં ક્લોરાઈડ ઓફ પારાની બનાવટ પડીકી ચમકાવવું. આ રીતે તૈયાર કરેલી ચીજો ચાંદી માફક દેખાય છે. અને ઘણા દીવસ હવામાં રાખવાથી પણ બગડવા પામતી નથી.

કાચ ઉપર ચિત્ર કાઢવાની રીત—ડુંગર ઓઈલ કેટને ઉકાળેલા બાગડીના તેલમાં નાંખી જાડી માફક બનાવી કાચ ઉપર ચોપડી વળી સમારવું, અને સુકાયા બાદ થોડો ફ્લુરીક પોટાસ લઈ તેને જરા પાણીમાં ભીંજાવી તેમાં ક્લીમ પેન બુડાડી કાચ ઉપર ચિત્ર કાઢવાં. એટલે તેટલી જગ્યા પરથી ઉપરની જાડી નીકળી જઈ સાફ થઈ રહેશે.

કાચને કાપવાની રીત—સ્પીરીટ ઓફ ટરપેન્ટાઈનમાં સણનો દોરો બોળી કાચની સપાટી ઉપર ગમે તે આકારનાં મુકવો અને તે દોરાને સળગાવી દેવો, એથી તે કાચ તેવાજ આકારમાં ભાગી જશે.

કાચના વાસણને સાફ કરવાની રીત—કાચના વાસણને ઠંડા પાણીમાં બોળી તે કાગળના બારીક ભુકાથી માંજવું. એટલે સાફ ચળકતાં થશે. ઠંડા પાણીને બદલે ગરમ પાણીથી માંજવા નહિ, કેમકે ગરમ પાણીથી ધોવાથી કાચ ઝાંખો થઈ જાય છે.

કાચપર અક્ષર કોતરવાની રીત—પહેલાં, કાચ જરા ગરમ કરી તે પર મીણ ચોપડવું. પછી તે ઉપર લોઢાના સળીયાથી અક્ષર કોતરવા. હવે એક સીસાના વાસણમાં થોડો ફ્લોરાઈડ ઓફ કેલ્સી-અમ અથવા ફ્લુરસ્પાર નાંખી, તે ઉપર જરાક સલ્ફ્યુરીક એસીડ નાંખવો, અને હવાથી એ કાચ તૈયાર કરેલો કાચનો મીણવાળો ભાગ નીચલી બાજુ રાખી વાસણ ઉપર ઢાંકવું. આ રીતે થોડીવાર રાખવાથી જે ઠેકાણે અક્ષર કોતર્યાં હશે, તે ઠેકાણે નીચેના વાસણમાંથી નીકળતો ભાફ અસર કરશે. થોડીવાર પછી કાચ કાઢી લેઈ ફરીથી ગરમ કરી મીણ ઉખાડી લેવું. એટલે સાફ અક્ષરો કાચમાં પડેલા જણાશે.

કાચની ચીમની લાંબોવખત ટકે તેમ કરવાની યુક્તિ— મીઠાના પાણીમાં થોડો વખત ઉકાળવાથી ચીમની ઘણા દહાડા લગી અગનીથી ટકી શકે છે એમ એક અમેરીકન બાનુ જણાવે છે તો આ અખતરો દરેક ઈસાસએ અજમાવી જોવો જોઇએ.

પ્રકરણ ૨૨.

લાકડાં સંબંધી જાત જાતના હુન્નરો.

સાદા લાકડાને અબનુસના લાકડા માફક બનાવવાની રીત—એક લાકડાને સફેદ ઓર આયર્નના ઓગળાવેલા પાણીથી બે ત્રણ વાર ધોવું. પછી તે સુકાયા બાદ, પતંગના લાકડાનો જબરો ઉકાળો કરી પછીથી બે ત્રણ હાથ માર્યા પછી તે ફરીથી સુકાયા પછી તેને વાદળાથી પાણી વડે ધોઇ નાંખવું. અને છેવટે તેલ વતી પાલીશ કરવું. એટલે તેનો આકાર બદલાઇ અબનુસના લાકડા જેવું દેખાશે.

નકશી કોતરેલા લાકડા પર પાલીશ કરવાની રીત— લીકલાખ ૨ ઔંસ, સફેદ રાજન ૨ ઔંસ, એ બન્નેને ૧ પાઇન્ટ સ્પીરિટ ઑફ વાઇનમાં પીગળાવવું. પછી એ મેળવણીને જરા ગરમ કરીને પીંછીથી લગાડવું, અને જેની ઉપર પાલીશ લગાડવું હોય તેને પહેલ જરા ગરમ કરીને સદરહુ મિશ્રણ લગાડવું. એમ કરવાનું કારણ એ છે કે બાનારા તથા શરદી તાપ દેખાડવાથી નીકળી જાય છે, અને જલ્દ સારી નીકળે છે.

લાકડા ઉપર લીલો રંગ ચડાવવાની રીત—સરકો શા શેર, જંગાલ ૧૦ રૂપીયાભાર, લીલો રંગ ૧૧ રૂપીયાભાર, અને ગળી ૧૧ રૂપીયાભાર એ સઘળાને વાટીને સારી પેઠે મિશ્ર કરી લગાડવું.

લાકડા ઉપર આશમાની રંગ ચડાવવાની રીત—૧ શેર અળસીના તેલમાં ના શેર ગળી નાંખવી પછી તેને ચુંટી નાંખી તેમાં થોડુ પાણી નાંખી તે પીંછી વતી લગાડવું.

લાકડા ઉપર કાળો રંગ ચડાવવાની કૃતી—હીરાકશી અને માવાનો ભૂકો એ બન્ને સરખે ભાગે લઇને પાણીમાં ઉકાળી તે પાણી વતી રંગવાથી કાળો રંગ ચડશે.

લાકડા ઉપર લાલ રંગ ચડાવવાની રીત—કીરમજ ૧

પૌન્ડ, ખરંગના લાકડાના કકડા કરી તેમને ૭।। શેર પાણીમાં સારી પેઠે તમામ રંગ નીકળી આવે ત્યાં સુધી ઉકાળવું. બાદ તેમાં સવા રૂપીઆભાર વાટેલી કીરમજ નાંખીને ફરીથી અડધો કલાક જ્યારે ઉકાળવું. પછી તે રંગના પાણીને ઠારું પાડી તે લાકડા પર લગાવવું. જો રંગનો ચળકાટ વધારવો હોય તો ઉપરનો રંગ લગાવ્યા પહેલાં સવા રૂપીઆભાર ફટકડી ૨।। શેર પાણીમાં ઉકાળી તે પાણી લગાવવું.

લાકડાના પાટીઆ ઉપર રંગ ચઢાવવા વિષે—૨ પૌન્ડ બોધર ઓફ મેગ્નેશીઆમને ઝીણી વાટીને ૧૮ પૌન્ડ અળશીના તેલમાં થોડી થોડી નાંખીને સારી પેઠે હલાવ્યા બાદ તે તેલને ગરમ કરવું. બાદ બીજા વાસણમાં ૧૦૦ પૌન્ડ અળશીનું તેલ ઉકળે ત્યાં સુધી ગરમ કરી તે તેલ ઉપરના તેલમાં મેળવી દેઇને બન્નેનું મિશ્રણ ૨૦ મીનીટ ઉકાળવું. ઠરે ત્યારે ઉપરથી નીચે ઉતારી સેહ સુતરના કપડાથી ગાળી લેવું. આ રીતે તૈયાર કરેલા વાર્નીસના બે હાથ મારવાથી સારો રંગ ચડે છે, અને ચળકાટ લાવવા માટે લાખનો હાથ મારવો.

લાકડાના વહેરને પ્રવાહી બનાવી તેની સ્થિતિસ્થાપક ચીજો બનાવવી—લાકડાના વહેરને થોડા દીવસ ગંધકના તેજાબનાં ઢોળું પાણી નાંખી તેમાં પલાળી રાખવો. બાદ તેને કપડાના પડ-દાની ગળણીથી ગાળીને ઝીણો ભુકો જુદો પાડવો. આ ઝીણા ભુકાને ઉકાળેલા સરેસમાં નાંખીને ફરી ખુબ મેળવવો. ઠરેટ એક રસ થયા પછી તેની લાકડી વિગેરે બીજી ચીજો બનાવવી. આ ચીજો સુકાયા પછી સ્થિતિસ્થાપક થશે. અને તે ઉપર પાલીશ વાર્નીસ કરી શકાય છે.

લાકડા ઉપરથી જુનો રંગ કાઢી નાંખવાની રીત—કળીચુનો ૩ પૌન્ડ, અને કાર્બોનેટ ઓફ પોટાશ એક પૌન્ડ એ બન્નેને પાણીમાં નાંખી વાટીને લાદો માફક બનાવીને પીંછીથી લાકડા પર લગાડવું. આ પ્રમાણે લગાવ્યા પછી ૧૨ થી ૧૪ કલાક રહેવા દેઇ ઉખેડી નાંખી ધોઇને બીજો રંગ લગાવવો.

લાકડાની ચીજોને સાંધવા માટે ચીનાઇ કેલ—સારી ફીકા રંગની લાખ ૪ ભાગ, ને ત્રણ ભાગ સ્પીરિટમાં નાંખી થોડા દીવસ બાટલીમાં ભરી ગરમ જગામાં રાખી, વખતો વખત હલાવતા રહેવું, અને ગળી ગયા પછી કામમાં લેવું.

લાકડાનાં પાટીયાં પાણીથી ભીજાય નહિ તેવાં બનાવવાની રીત—પહેલાં લાકડાનાં પાટીયાંને હિરાકશીના પાણીમાં ભીજવી રાખીને તે પર કળીચુનાના પાણીનો હાથ મારવો. જેથી પાટીઆની ઉપર તેમજ તેના અંદરના છીદ્રોમાં પથ્થરાના જેવો થર જામી જશે, અને તેથી તેને પાણી અથવા જીવડાં નુકશાન કરી શકશે નહીં

લાકડામાં ફાટ પડી હોય તે સાંધવાનું મિશ્ર બનાવવાની રીત—૧ ભાગ સરેસને ૧૬ ભાગ પાણીમાં ઉકાળવો. અને જ્યારે ટાઢો થાય ત્યારે તેમાં લાકડાનો ઝીણો વહેર અને ચાક મેળવીને લાકડાની ફાટમાં ભરવો.

લાકડને હાથીદાંત માફક બનાવવાની રીત—oll ઔંસ આઈસીંગ્લાસને અડધો પાઇન્ટ પાણીમાં ઉકાળીને પીગળાવી જ્યાં સુધી આ મેળવણી સફેદ મલાઇ જેવી કરણ થાય ત્યાં સુધી, તેમાં સાફ કરેલો સફેતો નાંખ્યા કરવો, ત્યાર પછી લાકડા ઉપર આ મેળવણી લગાવી તેને કોઇ સુંવાળી ચીજથી ઘુંટીને સુકાવા દેવું. એ પ્રમાણે ત્રણ ચાર હાથ મેળવણીના મારવા એટલે હાથીદાંત જેવું લાકડું દેખાશે.

લાકડાને પથ્થર જેવું બનાવવાની કૃતી-ચાક ૪૦ ભાગ, રાળ ૫૦ ભાગ, અળશીનું તેલ ૪ ભાગ, એ બધાને એક લોખંડના વાસણમાં ગરમી આપી પીગાળવું, પછી તેમાં એક ભાગ ગેરૂ અને ૧ ભાગ ગંધકનો તેજાબ નાખી હલાવવું. આ મિશ્ર પીંછી વતી લગાવી સુકાવા દેવું. આ રીતથી તૈયાર કરેલા લાકડા પર પાણી, હવા, જીવડાં, દેવતા વિગેરે કોઇ પણ અસર કરી શકતા નથી.

ગમે તેવા ઝાડને સુકવી નાંખવાનો પ્રયોગ—ઝાડના મૂળીયાંની આસપાસ થોડું ખોદીને તેમા કેરોસીન અથવા ટરપેનટાઇન ઓઇલ નાંખવાથી ઝાડ થોડા વખતમાં સુકાઇ જવા માંડશે.

લાકડાને આગથી બળે નહીં તેવું કરવાની રીત—પ્રથમ એક ભાગ હીરાકશી અને ૨ ભાગ ફટકડી એ બન્નેનું એકત્ર પાણી કરી તેનાથી લાકડાને ભીંજાવી સુકવવું; પછી હીરાકશી અને ચીકણી માટી મેળવી તેના પાણીથી લાકડાને બે ત્રણ વખત સારો હાથ મારવાથી લાકડાને અગ્નીથી બચાવી શકાય છે.

બીજી રીત—૧ શેર ફટકડી અને ૧ શેર મોરથુથુ એને ૨૫ મણ પાણીમાંથી ગાળીને મોટી પહોળી કુંડીમાં રેડવું. આ પાણીમાં લાકડાને નાંખી ને ઉપર પથ્થર મુકી બુડાવવું. એક દીવસ રાખી કાઢી લેઇ સુકાવા દેવું. આથી અગ્નીમાં બળી શકતું નથી.

ચીજ રીત—[illegible] અથવા [illegible] નથી. [illegible] આવે છે [illegible] [illegible] નથી

પ્રકરણ ૨૩.

જુદી જુદી જાતની ધાતુઓમાંથી ભિન્ન ભિન્ન પ્રયોગો.

બનાવટી [illegible] બનાવવાની રીત—[illegible]

[illegible]

બનાવટી [illegible] (૧૧) બનાવવાની રીત—[illegible]

[illegible]

બીજી બનાવવાની રીત—[illegible]

[illegible]

ત્રીજી બનાવવાની રીત—[illegible]

કથીર એ બેને મિશ્રણ કરી ઓગાળવાં એટલે થાળીયો, વાડકા, ઝાંઝ વીગેરે બનાવવા લાયક કાંસુ બને છે.

કાંસુ હલકી જાતનું બનાવવાની રીત—૧૪ ભાગ પીતળ, ૩ ભાગ કથીર એ બેની મેળવણી કરવી. એટલે હલકી ચીજો બનાવવાનું પીતળ બને છે. જો પીતળ સારૂં હોય તો કથીર વધુ મેળવવું. અને પીતળ હલકું હોય તો કથીર ઓછું નાંખવું.

વિલાયતી વિંટીયો કરવાનું સોનું—ચોખ્ખું ત્રાંબુ ૬ પેનીવેટ અને ૧૨ ગ્રેન, ચોખ્ખી ચાંદી ૩ પેનીવેટ અને ૧૬ ગ્રેન, સોનું ૨।। તોલા અને પેનીવેટ એ બધાને મેળવી ઓગાળવાં, આ સોનાનો ભાવ દર તોલે ૧૨ રૂપીયા પ્રમાણેનો પડશે.

હલકું સોનું બનાવવાની રીત—ચોખ્ખું ત્રાંબુ ૨૦ તોલા ને ૮ પેનીવેટ, ચોખ્ખી ચાંદી ૧૦ પેનીવેટ, અને ૨।। તોલા નાણાંઉ સોનું એ બધાને મેળવી ગાળવું. તેથી સાત રૂપીયા ભાવ તોલાનો ઉપજે એવું સોનું તૈયાર થશે.

જરમન સીલવર બનાવવાની રીત—ત્રાંબુ ૫૦ ભાગ, નીકલ નામની ધાતુ ૨૦ ભાગ અને જસત ૩૦ ભાગ આ મેળવણીથી બનાવેલી ધાતુ જરમન સીલવરના નામે ઓળખાય છે, અને તેનાં અતિ સુંદર અને રૂપા જેવાં વાસણો તેમજ ઘડીઆળનાં ઢાંકણાં વીગેરે તરેહવાર જણસો બને છે.

ઘંટ બનાવવાની ધાતુ—૭૮ ભાગ ત્રાંબુ. ૧ ભાગ લોહું, ૨૬ ભાગ કલાઇ, ૨ ભાગ જસત. મોટા ઘંટ માટે ૧૦૦ રતલ ત્રાંબુ, ૨૬ રતલ કલાઇ એ પ્રમાણે બીજો ગાળવાથી ઘંટ માટેની ધાતુઓ તૈયાર થાય છે.

ઘંટડીઓ બનાવવાની ધાતુ બનાવવાની રીત—૩ રતલ ત્રાંબુ અને ૧ રતલ કલાઇ એ ચીજોને ઓગાળવાથી (ગાળવાથી) સરસ ધાતુ તૈયાર થાય છે.

ચાંદ બનાવવા માટેની ધાતુ—૫૦ ભાગ ત્રાંબા સાથે ૪ ભાગ જસત લેઇ ગાળવું.

ખોટાં ઘરેણાં માટે ધાતુ બનાવવાની રીત—૭૨ ભાગ ત્રાંબુ. ૩ ભાગ કલાઇ, ૧૮ ભાગ જસત, અને ૩ ભાગ સીસું લેઇ ગાળી કાઢવાથી આ ધાતુ તૈયાર થશે.

તોપ બનાવવાની ધાતુ—ત્રાંબુ ૯ ભાગ, કલાઇ ૧ ભાગ આ બેને સાથે મેળવી ગાળવાથી તોપ બનાવવાની ધાતુ તૈયાર થાય છે.

બંદુકની ગોળી બનાવવા માટે ધાતુ—સીસું ૯૮ ભાગ, અને બે ભાગ સોમલ સાથે મેળવી ગાળીને ઢાળી પાડી કાઢવી.

બાટનાં માપ બનાવવાની ધાતુ—ત્રાંબુ ૫૮૧ ભાગ, કલાઈ ૫૬ ભાગ, પીતળ ૪૮ ભાગ. આ સઘળી ચીજોને ગાળી દેવી, એટલે આ ધાતુ તૈયાર થશે.

ગમે તે ધાતુનો રસ કરવાની કૃતી—સુરોખાર ૨ ઔંસ, ટાર્ટર અને મીઠું ૧ ઔંસ, ગંધક ૦॥ ઔંસ; આ સર્વે પદાર્થનો બારીક ભુકો ૧ ઔંસ લેઈને તેમાં તૈયાર કરેલો ભુકો મેળવવો. અને તે મીશ્રણ એક નવી મુસમાં ભરીને તાપ કરવો એટલે તે ધાતુનો રસ જલદી થઈ જશે.

જર્મન સીલ્વર માટે રેણ (સાંધવા માટે)—સાધારણ જર્મનસીલ્વર ૪ ભાગ અને ૫ ભાગ જસત એક સાથે ગાળતાં એકરસ થવા દેવાં.

લોઢાનો રસ કરવાની રીત—લોઢાનો અગર પોલાદનો રસ કરવો હોય તો કુલડીમાં લોઢા અગર પોલાદને નાંખી ખુબ ગરમ કરવું અને જ્યારે તે ખુબ લાલચોળ થવા આવે કે તેમાં એક ગેરે ૦ા રતી ગંધક, હરતાલ અગર સોમલ નાંખવો, એટલે સીસાની માફક જલદી ઓગળી જશે.

જાડા દાગીનાને રેણ દેઈ સાંધવા માટેની રીત—જાડા મોટા દાગીના હોય તો તેના સાંધા ઉપર પ્રથમ ખડીઆ ખારનું પાણી લગાડીને ઉપર ભોગળું ધમીને લગાડવું પછી તેને ખુબ અગ્નીની આંચ આપવાથી મજબુત થઈ જાય છે.

ગેલનામાંથી રૂપું ત્રાંબુ વીગેરે ધાતુઓ જુદી પાડવાની રીત—સોનું, રૂપું, ત્રાંબુ ભેગાં મળેલ હોય તો, ધાતુથી બમણો નાઈટ્રીક એસિડ એક વાસણમાં નાંખીને તેમાં મિશ્ર ધાતુના કકડા નાંખવા, અને ધુમાડે તેમાં રસ થતું જણાશે. એટલે નાઈટ્રીક એસિડ તે ધાતુના કકડા રૈણીથી સોનાને નિરાળું ને રૂપાનો રસ કરી નાંખશે. અને તે વાદળી રસ (રૈણી) થઈ વાસણના તળીએ બેસશે, પછી વાસણમાંનું પાણી ઉપર ઉપરથી જુદું એક [illegible] વાસણમાં કાઢી (નિતારી) લેવું. હવે વાસણમાં જે સોનાની રેતી રહે તે મુસમાં મુકી આગ ઉપર (તપાવી) ગાળી લેવી. આ સોનું ચોખ્ખું હો તમે નક્કી નિરાળેલ પાણીમાંથી રૂપું કાઢી લેવા

ટ્રેટ ઓફ રીસ્ટર ૩૦ ગ્રેન, સાધારણ નીમક અને ૩ા ડ્રામ ક્રીમ ઓફ ટાર્ટર લેઇ સઘળાને મિશ્ર કરી પાણીમાં બીજલી લગાડવું, (ત્રાંબાને ખટાસથી માંજી સાફ કરવું જોઇએ).

લોઢા ઉપર ત્રાંબાનો ગીલ્ટ ચઢાવવાની રીત—નાઇટ્રીક એસિડમાં ત્રાંબાના કકડા નાંખવા એટલે થોડીવારમાં પીગળી જશે પછી તેમાં લોઢાને બોળી કાઢતાં ત્રાંબાનો ગીલ્ટ ચડી જશે.

✓ **લોઢા, ત્રાંબાને કલાઇનો ગીલ્ટ ચડાવવાની રીત**-લોઢાની તથા ત્રાંબાની ચીજને ખટાશમાં એક દિવસ પલાળી રાખી ધોઇ અને રેતીથી ઘસીને સાફ કરવી. પછી નવસાગરના પાણીમાં બોળીને કલાઇ ઓગાળેલીમાં ઝબોળી કાઢવી. પીગળેલી કલાઇ બળી ન જાય તેના માટે તેમાં ચરબી રેડવી; પછી ત્રાંબાના વાસણને નવસાગર ક-લાઇ નાંખી ખુબ તપાવવું, પછી સાંણસીથી પકડી રૂના ડુચાથી ગીલ્ટ કરી લેવો.

ત્રાંબા પીતળ ઉપર કલાઇ તથા જસતનો ગીલ્ટ ચડાવવાની રીત—કલાઇ કરવાના પ્રયોગો આપણા દેશમાં ચાલે છે, પણ કલાઇ પ્રમાણે જસત ચડાવવાની યુક્તિથી આપણા લોક બીલકુલ અજાણ્યા છે. તે જસત ચડાવવાની રીત એવી છે કે, ક્લોરાઇડ ઓફ ઝીંકને પાણીમાં ઓગાળી તેમાં જસતનો ભૂકો નાખવો અને વાસણને ચોખ્ખું માંજેલું હોય તેને તેમાં નાંખી ચુલા ઉપર મુકી ઉકાળતાં જસતનો ગીલ્ટ ચડી જશે. વાસણની અંદરનીજ બાજુએ ફક્ત ગીલ્ટ ચડાવવું હોય તો વાસણ ચુલે મુકી ઉપરની ચીજ નાંખી ઉકાળવું એટલે ગીલ્ટ અંદરજ ચડી જશે.

બીજી રીત—સાઇનેડ ઓફ પોટાસના પાણીમાં કલાઇનો ઝીણો ભૂકો મેળવી તેમાં જે વાસણ ઉપર કલાઇ ચડાવવી હોય તેને નાંખી ઉકાળતાં કલાઇ ચડી જશે.

ત્રીજી રીત—કલાઇનો ઝીણો ભૂકો અને ક્રીમ ઓફ ટાર્ટરને પાણીમાં નાંખી તેમાં વાસણ નાંખી ઉકાળવું એટલે કલાઇ ચડી જશે.

ચોથી રીત—૭ શેર ક્રીમ ઓફ ટાર્ટરને ૪૦ શેર પાણીમાં ગાળવો, તેમાં આઠ શેર કલાઇના કકડા નાંખી પાણી ઉકાળવું, જેથી કલાઇ ગળી જશે. જે વાસણને કલાઇ ચડાવવી હોય તેને ડુબતું ઉકાળવું એટલે થોડીવારમાં કલાઇ ચડી જશે. ક્રીમ ઓફ ટાર્ટરના બદલે કાસ્ટીક પોટાસ અથવા સોડા વાપરી શકાય છે.

આ બાબતમાં ધ્યાન રાખવાનું અગતનું એ છે કે વાસણો કાચ વગરનાં ફરી ઉપયોગમાં લેવાં કારણ મેળાં અને કાપવાળાં ઉપર ક્લાઇ બેઇએ તેવી ચડી શકતી નથી.

ચાંદીનો ગીલ્ટ ચડાવવા માટે ભુકી બનાવવાની રીત—૧૨ ઔંસ ચોખ્ખા પાણીમાં ૧ ઔંસ નીત્રર નાઇટ્રેટ ઓગાળી તે પાણીમાં ૨ ઔંસ સાયેનાઇડ ઓફ પોટાશ નાખી હલાવવું. અને પાણી નિતર્યું થાય ત્યાં સુધી રહેવા દેવું, બાદ તેમાં ઓગળી ગઇ તેટલો પ્લાસ્ટર ઓફ પેરીસ નાખી તે ભુકો રહેવા દેવો. આ ભુકો સારી પેઠે સાફ કરેલા વાસણ ઉપર ઘસવાથી ચાંદીનો ગીલ્ટ ચડી. પરંતુ આ વાસણને હમેશાં વાપરવું હશે તો, વીજળીથી ગીલ્ટ કરેલાની પેઠે કાયમ રહી શકે નહીં પણ ઉતરી જશે.

ગીલ્ટ માટે સોનેરી ભુકી બનાવવાની રીત—ગંધક અને સાલ્ટ ઓફ સોડા અને ટીન સરખા ભાગે લેઇ કુલડીમાં નાખી સારા લાલ કોલસાના અંગારા ઉપર મુકી ઓગાળવું, અને જ્યાં સુધી મિશ્રણ પોતું સોનેરી કાચી જેવું થાય ત્યાં સુધી એક કાચના સળીયા થી હલાવવું; એટલે સોનેરી રંગની ધાતુની ભુકી બનશે. આ ધાતુની ભુકી તસવીર મુકવાના ચોકઠાં, આરસીનાં ઘર વીગેરે લાકડાંખ ઉપર તેમજ ધાતુ ઉપર સોનેરી રંગ ચડાવવાના કામમાં આવે છે.

સોનેરી ગીલ્ટ કિનારી નાંખવાની (કલાઈ નાંખવાની) રીત—૪ ઔંસ ગંધક, ૨ ઔંસ નવસાગર, ૨ ઔંસ સુરોખાર એ બધાંને બારીક વાટી ભુકો કરી સઘળે મેળવી નાંખવાં, તેમાં પાણી સારી મેળવીને મલમ જેવું બનાવવું. જેના ઉપરથી ગીલ્ટ કાઢવાનો હોય તે વસ્તુને આ મિશ્રણ લગાવી તેને દેવતામાં તપાવી સાફ થાય ત્યારે એટલે બહાર કાઢી બજેરમાં ગીલ્ટ નીકળી જશે. તેમજ રૂપાનો ગીલ્ટ કાઢવો હોય તો સલ્ફ્યુરીક એસીડ ૩ રતલ, સુરોખાર ૨ ઔંસ, પાણી ૧ રતલ; આ સર્વે ચીજોને ભેળી કરી માટીના વાસણમાં દેવતા ઉપર મુકવી અને જે વસ્તુ પરથી ગીલ્ટ કાઢી નાંખવો હોય તે વાસણને તેમાં નાંખી ઉકાળવું. ગીલ્ટ ઉખડી આવ્યાં બાદ એટલે કાઢી ઠંડાં પાણીમાં નાખીને ધોઈ લુછી કાઢી લેશે ત્યારે કામમાં આવી શકશે.

પીતળના તારને કલાઈ કરવાની રીત—જે રૂપિયે તેને કોલસામાં પોચેલો કલાઈ અને નવસારનો ભુકો નાખી પાણી ભરી તૈયાર રાખવી. તારનું ગુંચળું પોતાના વાસણમાં ઉકાળવું અને પછી એથી

ગુલાબના ફુલનું તેલ—ગુલાબના ફુલની તાજી કળીયો (પાંખડીયો) ૭, ઓલીવ ઓઈલ ાાા પોઉન્ડ, ગુલાબની પાંખડીયોને જરા કચરી ૩ થી ૪ ઔંસ લેવી, તેને એક વાસણમાં એક અઠવાડીયા સુધી તડકામાં અથવા સુવાની ગરમ જગ્યાપર મુકી રાખવું. પછી તે ફુલોને ચોળી ગાળી લેવું. એ પ્રમાણે જ્યાં સુધી તે તેલમાંથી ફુલનો વાસ આવે ત્યાં સુધી તાજાં ગુલાબનાં ફુલની પાંખડીયો નાંખી તડકામાં થોડા દહાડા મુકી ચોળીને ગાળી લેવું.

મોગરાના ફુલનું તેલ—ગુલાબના તેલ પ્રમાણે કરવું, ચંબેલીનું તેલ પણ આ રીતે બને છે.

કપુરનું તેલ—અળશીનું અથવા તલનું તેલ ના શેર, કપુર ૧ાા તોલો. પહેલાં ખરલ કરી ઘુંટવું, ઘુંટતી વેળા થોડુ થોડુ ઉપરનું તેલ નાંખતા જવું. પછી બારીક વટાઇ ત્યારે તેમાં બાકીનું તેલ નાંખી સરખું મેળવી દેવું. પછી ઝીણા કપડાથી ગાળી લેઇ એક બાટલીમાં ભરવું આ તેલ શરીર પર ચોપડવાના કામમાં આવે છે.

શીલારસનું તેલ બનાવવાની કૃતી—શુદ્ધ શીલારસ ૫ ડ્રામ, જાયફળનું તેલ ૨૦ ટીપા, અંબર ૬ ગ્રેન, બદામનું તેલ ૧ પોઉન્ડ એ પ્રમાણે જથુસો લેઇને અંબરના કકડા કરીને બદામના તેલમાં ઘસી પછી ઉપર લખી જથુસો પેલા બદામ અને અંબરના મીશ્રમાં નાંખવી. ત્યાર પછી તેમાં પાણી નાંખી ધીમી આંચપર મુકવું અને તે સારી પેઠે ઉકળે એટલે નીચે ઉતારીને ઢાંકી મુકવું. ત્યાર પછી તેને ગાળી લેવુ, એટલે શિલારસનું તેલ તૈયાર થશે.

જાયફળનું તેલ—જાયફળને સારી પેઠે ખાંડીને બારીક ભુકો કરીને એક કોથળીમા ભરીને એ કોથળીને ઉના પાણીની બાફ આપવી પછી લોઢાના ચીપીયાથી તેલ નિચોવી કાઢવું. આ તેલનો રંગ નારંગીની માફક રહે છે તેમ સુવાસિક રહે છે.

બદામનું તેલ—બદામના બીજને શેકી, ખાંડી નાંખી તેનાથી આઠ ગણા પાણીમાં નાંખી ચુલાપર મુકી ઉકાળવી. પાણી બળુ બળી ગયા પછી ઉપર તેલ તરી આવશે તે તેલ એક વાસણમાં કાઢી લેવું અને તેના તળીએ બદામના કુચા રહેશે.

જાઇનું તેલ—એક મોટું વાસણ લેઇને તેમાં એક મીઠા તેલથી કપડું પલાળવું. ત્યાર પછી સારા તાજા ફુલનો થર કરીને તે કપડું થર ઉપર પાથરવું. કપડા ઉપર ફરી ફરીને થર કરવો. આ

પ્રમાણે એક પછી એક થર દેઈ તે કપડાને ઉનમ વાસણ બેસતાં સુધી એમ કરવું. ફુલ સુકાઈ જવા આવે કે તરતજ તેને બદલે તાજાં ફુલ નાંખવાં જોઈએ. ત્યાર પછી કપડાં ઉપર જરા પાણી નાંખીને ગરમ કરી તેલ કાઢી લેવું.

તજ, લવીંગનું તેલ—તજ અથવા લવીંગને બારીક ખાંડી ભુકો કરી તે ભુકાને એક વાસણ ઉપર ભીના કપડાને બાંધી તે ઉપર મુકવો. તેના ઉપર વાસણના મોંની બરાબર આગનો કકડો મુકી ઉપર કોલસાના તાજા અંગારાથી આંચ આપવી, જેથી તેલ વાસણમાં પડશે, તે તેલ શીશીઓમાં ભરી લેવું.

અત્તરો—હિંદુસ્થાનમાં ગાજીપુર અને તેની આસપાસના ગામોમાં અત્તર બનાવવામાં આવે છે ગાજીપુરમાં ગુલાબના ખેતરો જોવામાં આવે છે, કે જેથી ત્યાં ગુલાબનું અત્તર બનાવવાનું કામ મોટા પાયા પર ચાલે છે. ૨૦૦૦૦૦૦ ગુલાબના ફુલોમાંથી ૧૮૦ ગ્રેન (બે.તો ૧) અત્તર નીકળે છે.

નારંગીના ફુલનું અત્તર—નારંગીના ફુલ ચાર ભાગ અને પાણી ૧૨ ભાગ લઈ બેને મિશ્ર કરી ઉપર્યુક્ત નળીયંત્રથી કાઢવામાં આવે છે.

ગુલાબનું અત્તર બનાવવાની રીત—તાજા ગુલાબનાં મોટાં ફુલ ૧૦૦ શેર, પછી તેને એક મોટા વાસણમાં નાખવા, અને તે ફુલો ૮૦૦ શેર જેટલું તેમાં પાણી રેડવું. પછી તે વાસણને ધીમા તાપે ઉકાળવું. એક અઠવાડીઆ બાદ તેલ જેવું પાણી ઉપર તરી આવશે, એટલે તે તેલને જુદું પાડવું. ઝીણા સફેદ કપડાથી ગાળીને ૧ શિશીમાં ભરી લેવું એટલે તરત ગુલાબનું અત્તર બનેલું સમજવું.

કેવડાનું અત્તર—ચમેલીના તેલમાં તાજાં કેવડાને રાખી તેમાંથી કેવડાનો જેટલો વાસ ઉતરે એટલું રાખવું ત્યારે કેવડાને કાઢી નાંખી બીજા તાજા કેવડા એ તેલમાં રાખી લેવું અને એ પ્રમાણે ઘણી વાર કરવું. એ પ્રમાણે કરતાં વાસ આવે ત્યારે તેને બાટલીમાં ભરી લેવું.

મોગરાનું અત્તર—ચમેલીના તેલમાં તાજાં મોગરાનાં ફુલ રાખી તેમાંથી વાસ ઉતરે એટલે ફુલ કાઢી લેવાં, એ પ્રમાણે ઘણી વાર કરવું અને જ્યારે તેમાં બરાબર વાસ આવી જાય ત્યારે તેને બાટલીમાં ભરી લેવું.

નારંગીનું અત્તર કાઢવાની બીજી રીત—નારંગીનાં ફુલ ૪ ભાગ અને પાણી ૧૨ ભાગ એ બન્નેને મિશ્ર કરી ગુલાબના અત્તરમાં બતાવ્યા પ્રમાણે અર્ક કાઢવો. તે આશરે અડધું પાણી નિકળી આવે ત્યાં સુધી કરવું. આ રીતે ખેંચેલા પાણીને ઠંડુ થવા દેવાથી તે પર તેલ જેવું પડ બાઝશે. તે ધીમેથી કાઢી લેઇ મજબુત બુચવાળી બાટલીમાં ભરવું. આ અત્તરને હકીમો ઓલ્યમ નિરોલી કહે છે. તે સઘળાં કરતાં ઘણું સરસ બને છે. અને તેના એક ઔંસની કીંમત ૬૪ રૂપીયા સુધી હોય છે.

અંબરનું અત્તર—ચાર ડ્રામ અંબરને બારીક કાપી એક પાઇન્ટ સરસ દારૂમાં નાંખવું. બાદ બાટલીને મજબુત બુચ મારવો. દોઢ મહીના સુધી બાટલીને તડકામાં રાખી હમેશ હલાવવી. પછી તેને ગાળીને બીજી બાટલીમાં ભરી મજબુત બુચ મારવો.

લવંડરનું અત્તર—ઓઇલ ઓફ લવંડર ૩ ડ્રામ, ઓઇલ ઓફ બરગામાટ ૩ ડ્રામ, ગુલાબનું સારૂ અત્તર ૧૦ ટીપાં, કસ્તુરી ૧॥ ગ્રેન, ઓઇલ ઓફ રોઝમરી ૦॥। ડ્રામ, બેન્ઝોઇક ૧॥ સ્ક્રુપલ, રેકટી ફાઇડ સ્પીરિટ ૧ પાઇન્ટ, ડીસ્ટરલીવૉટર ૨॥ ઔંસ આ સઘળી વસ્તુઓ મેળવી બાટલીમાં ભરી મજબુત બુચ મારી સારી પેઠે હલાવી એકાંત જગ્યાએ દસ પંદર દીવસ સુધી રાખી મુકવું. બાદ તેને ગાળી લેઇ બીજી બાટલીમાં ભરવું.

ગમે તે જાતના ફુલોમાંથી અત્તર કાઢવાની કૃતિ—જે જાતના ફુલમાંથી અત્તર કાઢવું હોય તે જાતના ફુલને ચંદનના અત્તરમા મેળવી તેને અર્ક કાઢવાના યંત્રમાં નાંખી અત્તર કાઢવું, તેથી તે ફુલનો સુવાસ પેલા અત્તરને લાગશે. વધારે સુવાસિક કરવા માટે ચંદનના અત્તરમાં ફરી ફરીને બીજાં તાજાં ફુલ નાંખી ઉપર પ્રમાણે તેનો અર્ક કાઢવો.

મુગ ધીક ચીઝે—ફ્લોરીડા વોટર બનાવવાની કૃતી—લવંડરનું તેલ ૪ ઔંસ, બરગેમાટનું તેલ ૪ ઔંસ, તજનું તેલ ૨ ડ્રામ, લવીંગનું તેલ ૧ ડ્રામ, નેરોલીનું તેલ ૨ ડ્રામ, ચોખ્ખી કસ્તુરી ૪ ગ્રેન, જથદ કોમનરોટર ૧ ગાલન; એ સર્વે ચીજો ભેગી કરી પંદર દીવસ ભીંજવી રાખી પછી ગાળી કાઢવાથી સરસ બને છે.

રૂમાલ માટે ખુશબોદાર છંટકાવ—ઓઇલ ઓફ લવન્ડર એક ડ્રામ, ઓઇલ ઓફ કલવઝ ૦॥ ડ્રામ, ઓઇલ ઓફ કેંસીયા ૦॥ ડ્રામ, ઓઇલ ઓફ બરગેમાટ ૦॥ ડ્રામ, નેરોલી ૨૦ ટીપાં,

સેન્સ ઓફ રોઝ ૨ ડ્રામ. રેક્ટીફાઈડ સ્પીરિટ ॥ પાઉન્ડ એ
પદાર્થને મેળવી નાંખવાથી તૈયાર થાય છે.

બાદશાહી અગરાજ—નાગરમોથ, નાગકેસર, વીરસુગંધો,
એનાં ત્રણ ત્રણ ભાગ, નખલો ૧૦ ભાગ, કપુર, જાવંત્રી, ઇલાયચી,
તબકીર, લોબાન અને સંદલ એ સઘળાં ત્રણ ભાગ, કસ્તુરી ચાર
ડ્રામ, જટામાંસી અને કરેંજનાં બીજ એક ભાગ, કેવડાનો કોટ
સાત ભાગ, મોગરાનું તેલ બે ભાગ. ચંબેલીનો અર્ક બે ભાગ,
અને સુખડનું તેલ પાંચ ભાગ, એ સઘળાંને ઉંચા ગુલાબના અત-
રમાં મેળવવું.

વિક્ટોરીઆ પરફ્યુમ બનાવવાની રીત—ઓઇલ ઓફ
કેસરજ અરધો ડ્રામ, એસેન્સ ઓફ વેનીલા એક ડ્રામ, ઓઇલ ઓફ
નેરોલ ૧૦ ટીપાં, ગુલાબનું અત્તર ૧૦ ટીપાં, નારંગીનો અર્ક એક
ડ્રામ, ઓઇલ ઓફ લવંડર એક ડ્રામ, અંબર ૨૦ ગ્રેન, કસ્તુરીનો
અર્ક એક ગ્રેન અને સ્પીરિટ ઓફ વાઇન એક પાઉન્ડ; આ સઘ-
ળાંને એક મહીના સુધી બની શકે તો તડકામાં રહેવા દેઇ પછી
ગાળી કાઢવું.

કોલનવોટર બનાવવાની રીત—એસેન્સ ઓફ બરગેમાટ ૧
ડ્રામ, એસેન્સ ઓફ લેમન ૧ ડ્રામ, નારંગીનું તેલ ॥ ડ્રામ, ઓઇલ
ઓફ નેરોલી ૨૦ ટીપાં, ઓઇલ ઓફ રોઝમરી ૧૦ ટીપાં, અંબરનો
અર્ક ૧ ટીપું. અને રેક્ટીફાઈડ સ્પીરિટ ૧ પાઉન્ડ; આ જણસને મેળ-
વવાથી કોલનવોટર તૈયાર થાય છે.

બીજી રીત—એસેન્સ ઓફ બરગેમાટ ત્રણ ઔંસ, એસેન્સ
ઓફ લેમન ત્રણ ડ્રામ, નારંગીનું તેલ ૨ ડ્રામ, ઓઇલ ઓફ નેરોલી
૨॥ ડ્રામ, ઓઇલ ઓફ રોઝમરી ૧॥ ડ્રામ. કસ્તુરીનો અર્ક અરધો
ડ્રામ, રેક્ટીફાઈડ સ્પીરિટ ૨॥ ગેલન એ બધાં ભેગાં મેળવી તૈયાર કરવું.

લવંડર વોટર બનાવવાની રીત—લવંડરનું તેલ ૮ ઔંસ,
કસ્તુરીનો અર્ક ૪ ઔંસ, અંબરનો અર્ક ૧॥ ઔંસ, ઓઇલ ઓફ
બરગેમાટ ૧॥ ઔંસ, અને રેક્ટીફાઈડ સ્પીરિટ બે ગેલન; એ
બધાને સારી પેઠે મેળવો. આ લવંડર વોટર હિંદુસ્તાનમાં મોટા
કુટુંબો તથા અમીર ઉમરાવોમાં ઘણું વપરાય છે.

હંગેરીઅન વોટર બનાવવાની રીત—રોઝમરીનું તેલ ૧॥
ડ્રામ, લવંડરનું તેલ ॥ ડ્રામ, નારંગીના ફુલનું પાણી અરધો પા-

ઇન્ટ અને રેકટીફાઈડ સ્પીરીટ દેઢ પાઇન્ટ એ સઘળાંને મેળવવાથી તૈયાર થાય છે.

મીલી ફલોવરનું અત્તર—કસ્તુરી ૧૨ ગ્રેન, અંબર ૨૦ ગ્રેન, લીંબુનો અર્ક ૧ાા ઔંસ, લવીંગનું તેલ ૧ ઔંસ, લવંડરનું તેલ ૧ ઔંસ, નારંગીનું તેલ ના ડ્રામ, રેકટીફાઇડ સ્પીરિટ બે બાટલી, એક બંધ બાટલીમાં ભેગાં મેળવી ૧૫ દહાડા સુધી રહેવા દેવાથી તૈયાર થશે.

ખુશબોની રાણી—કેવડાની જડનો બારીક કરેલો ભુકો ૨ ઔંસ, નારંગીના ફુલ ૪ ઔંસ, ઉંચું ગુલાબનું અત્તર ૧૦ ટીપાં, લવીંગનું તેલ ૧ ડ્રામ, ચંબેલીનું તેલ ના ડ્રામ, કસ્તુરી ૩ ગ્રેન, અંબર ૫ ગ્રેન, ઉંચું લવંડર ૨ ઔંસ, અને રેકટીફાઇડ સ્પીરીટ એક પાઇન્ટ; આ સઘળાને પંદર દીવસ સુધી રહેવા દેઇ પછી યંત્રથી ગાળી લેવું.

બહારે ચમન—ગુલછડીનું તેલ ૧ ડ્રામ, લવંડર તેલ ૧ ડ્રામ, લવીંગનુ તેલ ૧ ડ્રામ, નારંગીનું તેલ ૧ ડ્રામ, ચંબેલીનું તેલ ૧ ડ્રામ, ગુલાબનું અત્તર ૧૦ ટીપ, કસ્તુરી ૧ ગ્રેન, અંબર ૩ ગ્રેન, અને ઉંચો વાસ વિનાનો દારૂનો અર્ક એક બાટલી; એ બધાંને મેળવી પંદર દહાડા સુધી રાખી મુકવું.

બગીચાની લહેર—કસ્તુરીનો અર્ક ૧ ઔંસ, અંબરનો અર્ક ૧ાા ઔંસ, લવીંગનું તેલ ના ડ્રામ, ગુલછડીનુ તેલ ના ડ્રામ, નારંગીનુ તેલ ના ડ્રામ, ગુલાબનું અત્તર ૧૫ ટીપાં, અને સારો દારૂનો અર્ક બે બાટલી. આ સઘળુ મેળવી ૧૫ દીવસ રાખવું એટલે એક ઉમદા સુવાસિક ચીજ તૈયાર થશે.

મનમોહન મેળવણી—કસ્તુરી ૨૦ ગ્રેન, અંબર ૪૦ ગ્રેન, લવંડર તેલ ૨ ઔંસ, લવીંગનુ તેલ ૧ ઔંસ, નારંગીનું તેલ ૨ ડ્રામ, ચંબેલીનુ તેલ ૨ ડ્રામ અને રેકટીફાઇડ સ્પીરિટ ૫ બાટલી; આ સઘળી મેળવણીને પંદર દહાડા રહેવા દેવી, બાદ વાપરવી.

સુવાસ સુગંધી—ચંબેલીનું તેલ ૩ ડ્રામ, મોગરાનું તેલ ૩ ડ્રામ, લવીંગનું તેલ ૩ ડ્રામ, ઉંચુ લવંડરનું તેલ ૧ ઔંસ, અંબરનો અર્ક ૧ાા ડ્રામ, કસ્તુરીનો અર્ક ૧ ડ્રામ, ગુલાબનું અત્તર ૧૫ ટીપાં, નારંગીનું તેલ ૨ ડ્રામ, અને ઉંચો વાસ વગરનો દારૂનો અર્ક એક બાટલી, આ સુગંધી રૂમાલ પર છાંટવા માટે ઉત્તમ છે.

પફ્યુંજ જલદ કોલનવોટર—ઓઇલ ઓફ લેમન ૨ ડ્રામ, ઓઇલ ઓફ રોઝમરી ૧ ડ્રામ, ઓઇલ ઓફ બરગેમાટ ૧ ઔંસ, ચોખ્ખો રેકટીફાઇડ સ્પિરિટ ૫ ઔંસ, સ્પિરિટ ઓફ નિરોલી ૨ ઔંસ, આ મેળવણીથી પફ્યુંજ જલદ કોલનવોટર તૈયાર થાય છે.



પ્રકરણ ૨૫.

જુદી જુદી જાતના અર્કો તથા એસેન્સ તૈયાર કરવાના પ્રયોગો.

અગાઉના વખતમાં દરેક જાતના અર્કો ફુલે [illegible] નીચોવીને તૈયાર કરવામાં આવતા, પરંતુ હાલમાં ઘણા ખરા અર્કો રેકટીફાઇડ સ્પિરિટની મદદ વડે કઢાડવામાં આવે છે અને તે એવી રીતે [illegible] છે કે, જે ચીજનો અર્ક કાઢવો હોય તેને પાણી [illegible] કરી સ્પિરિટ [illegible] મેળવી બેથી આઠ દીવસ સુધી [illegible] [illegible] [illegible] વખત [illegible] છે, [illegible] સર્વે [illegible] સ્પિરિટમાં [illegible] [illegible] [illegible] નિચોવી લેવામાં આવે છે. [illegible] [illegible] [illegible] [illegible] સ્પિરિટ [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] સ્પિરિટનું પ્રમાણ [illegible] [illegible] [illegible] હોય છે, એટલે પ્રથમ [illegible] [illegible] ઔંસ સ્પિરિટ [illegible] [illegible] [illegible] હોય, તો નિચોવતી વખતે [illegible] ઔંસ સ્પિરિટ [illegible] [illegible].

ગુલાબનો અર્ક—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] રેકટીફાઇડ સ્પિરિટ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેને [illegible] [illegible], [illegible] તેને [illegible] [illegible] રહેવા દે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અર્ક [illegible] [illegible] [illegible] છે.

[illegible] તથા [illegible] અર્ક—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અર્ક [illegible].

કપુરનો અર્ક [illegible] [illegible] [illegible] [illegible] કપુરને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

મુકવાથી કપુરનો અર્ક તૈયાર થાય છે. માત્રા ૧૦ થી ૬૦ ટીપાં પાણી જોડે. ગુણ—કેફ લાવે છે, માથુ દુખતું બંધ કરે છે, ઝાડા બંધ કરે છે, કફને પાતળો કરે છે. અને કોલેરામાં તે ઘણો જ ઉપયોગી છે.

રૂબાર્બ (રેવંચી) નો અર્ક—રેવંચી ૨ ઔંસ, વારેલા એલાયચી દાણા ૮ ડ્રામ, કેશર ૨ ડ્રામ, રેક્ટીફાઇડ સ્પીરિટ ૩૨ ઔંસ, એ સઘળાને મિશ્ર કરી એક બાટલીમાં ૭ દીવસ ભરી રાખ્યા બાદ ગાળી લેઇ ઉપયોગમાં લેવો. માત્રા—ાા થી ૧ ઔંસ સુધીની. ગુણ અગ્નિવર્ધક અને રેચક છે.

લીંબુનો અર્ક—ાા રતલ લીંબુનાં તાજાં છોડીયાં લઇ તેમને એક કલાઇવાળા વાસણમાં નાંખી તેમાં રેક્ટીફાઇડ સ્પીરિટ એક પોઇન્ટ ઉમેરવો. બાદ લીંબુનું તેલ (ઓઇલ ઓફ લેમન) ૧ ડ્રામ ઉમેરી વાસણનું મો મજબુત ઢાંકી અડધો કલાક તે વાસણને ચુલા ઉપર મુકી અગ્નીની ધીમી આંચ આપવી. પછી નીચે ઉતારી ઠંડું થયે ગાળી લેઇ બાટલી ભરી લેવી.

કસ્તુરીનો અર્ક—સફેદ કસ્તુરીની ભુકી ૧ ઔંસ, પીળી ભૂરી રંગની કસ્તુરી ૩૦ ગ્રેન, ગુલાબનું અત્તર ૨૫ ટીપાં, લવીંગનું તેલ ૧૦ ટીપાં, આલ્કહોલ સ્પીરિટ (દારૂનો સખત અર્ક) ૪ પોઇન્ટ, આ સઘળાને મેળવી હલાવીને એકરસ થવા દેઇ ઠરવા દેવું. એટલે અર્ક તૈયાર થશે

લવાંગનો અર્ક—૩ ઔંસ નવાં લવીંગને ખાંડી ૧ બાટલી રેક્ટીફાઇડ સ્પીરિટમાં નાખો બે અઠવાડીઆ રહેવા દેઇ ગાળી કાઢી બાટલીમા ભરી રાખવો.

જાયફળનો અર્ક—૩ ઔંસ ખાંડેલા જાયફળના ભૂકાને ૧ બાટલી રેક્ટીફાઇડ સ્પીરિટમાં પખવાડીઊ ભીંજવી રાખવાથી અર્ક તૈયાર થાય છે. પછી તેને ગાળી લેઇ બાટલીમાં ભરી રાખવો.

તજનો અર્ક—૩ ઔંસ સારી ચોખ્ખી તજને ખાંડી અર્ક બાટલી રેક્ટીફાઇડ સ્પીરિટમાં પખવાડીઊ ભીંજવી રાખવાથી અર્ક તૈયાર થાય છે. પછી તેને ગાળી લેઇ બાટલીમાં ભરી રાખવો.

પીપરમીટનો અર્ક—૧ ઔંસ પીપરમીટ (એસેન્સ ઓફ ઓઇલ)નું તેલ, ૭ ઔંસ રેક્ટીફાઇડ સ્પીરિટમાં નાંખવાથી અર્ક તૈયાર બને છે, જો પીપરમીટના અર્કનો રંગ લીલો કરવો હોય તો પીપરમીટનાં પાંદડાં નાંખવાં. જ્યારે લીલો રંગ થાય ત્યારે ફીલ્ટરીંગ

પેપરથી ગળી લેઇ બાટલી ભરી લેવી. માત્રા ૧૦ થી ૨૦ ટીપાં, શુલ-ખાસ, દીપન હોઈ અજીર્ણ, પાન હસાદીનો નાશ કરે છે.

ફુદીનાનો અર્ક—૪ ઔંસ સારી ફુદીને ખાંડી, એક પાઇન્ટ રેકટી ફાઇડ સ્પીરિટમાં એક અઠવાડીયું રાખવો; બાદ ચોળી કાઢી ગાળી લેઇ બાટલીમાં ભરવો. ઉપયોગ મોટા માણસને ૧૦ થી ૩૦ ટીપાં ગુળદીવા, પાચક અને મોળી છે એટલે વાતને હરનાર છે.

હીંગનો અર્ક—૨ ઔંસ ચોખ્ખી હીંગનો ભુગો કરી ના પાઇન્ટ સ્પીરિટ ઓફ વાઇનમાં ભીંજવી એક અઠવાડીઉં રહેવા દેવી બાદ બ્લોટીંગ પેપરથી ગળી લેઇ આ અર્ક બાટલીમાં ભરી લેવો.

કેશરનો અર્ક—ચોખ્ખું કેશર ૪ ઔંસ, રેકટીફાઇડ સ્પીરિટ ૧ પાઇન્ટ, પ્રથમ ૪ પાઉન્ડ સ્પીરિટમાં કેશરને ૩ દીવસ ભીંજવી રાખી બાદ ભુંજે બે પાઉન્ડ સ્પીરીટ નાંખી ૩ દીવસ રાખી પછી બ્લોટીંગ પેપરથી ગાળી લેઇ બાટલીમાં ભરી રાખવો.

લેબાનનો અર્ક—ચોખ્ખા લોબાનનો ભુકો ૨ ઔંસ, ના ઔંસ ટીટી અને ઓર ચીર ૨॥ ઔંસ, સીતાની એલચાનો ભુકો ના ઔંસ; એ બધું વસ્તુઓને ૧ પાઉન્ડ સ્પીરિટ ઓફ વાઇનમાં એક અઠવાડીયું ભીંજવી રાખી ગાળી લેવા ઉત્તમ અર્ક તૈયાર થાય છે.

આપિયમનો અર્ક—આપીયમ ૪ ડ્રામ, પોટાસ આયેડાઇડ ૨ ડ્રામ, રેકટીફાઇડ સ્પીરીટ ૨૦ ઔંસ મેળવી એક અઠવાડીઉં રહેવાથી અર્ક તૈયાર થાય છે એને ઉકેળવામાં ટીંચર આયેડીન કહે છે.

એસેન્સ ફલાવરીનું—બા ઔંસ ફ્લાવર ઓફ લવંડર પો-ખાં કરી ના પાઉન્ડ રેકટીફાઇડ સ્પીરિટમાં એક અઠવાડીઉં રાખી ગાળી લેઇ ગાળી લેવાથી ફ્લાવરનો અર્ક તૈયાર થાય છે.

એસેન્સ નારંગીનો—૧ ડ્રામ રેકટીફાઇડ સ્પીરિટમાં ૧ ડ્રામ નારંગીની છાલને ૧૦ કલાક સુધી રાખી કપડાથી ગાળી લેવી.

એસેન્સ અનેનાસનું—૨॥ ઔંસ રેકટીફાઇડ સ્પીરિટમાં ના ઔંસ અનેનાસનું તેલ (પાઇનએપલ ઓઇલ) મેળવી બનાવવું.

એસેન્સ બદામનું—મીઠી કડવી બદામના બે તોલે ના ડ્રામ રેકટીફાઇડ સ્પીરિટમાં નાંખી ચાર દીવસ પછી ગાળી લેવો. બદામ કાઢી બદામના ચોખ્ખા તેલમાં રેકટીફાઇડ સ્પીરિટમાં મેળવવાથી પણ એસેન્સ તૈયાર થાય છે.

એસેન્સ લેમન ઓફ પેપરમેંટ—ના પાઉન્ડ આલ્કોહોલમાં ના ઔંસ ફુદીનાનું તેલ નાંખી અને એક અઠવાડીઉં રાખી ગાળી લેવાથી એસેન્સ તૈયાર થશે.

પ્રકરણ ૨૬.

સુતરનાં કપડાં ઉપર જુદા જુદા રંગ ચઢાવવા વિષે.

આપણા દેશના રંગારીઓ પોતાનું કારખાનું સ્વચ્છ જગા ઉપર અથવા ચોક્કસ નિયમસર બાંધણીથી ચલાવતા નથી, તેઓ કપડાં ઉકાળવા માટે મટોડીનો ચૂલો વાપરે છે. પાણી ભરી રાખવાને એકાદ બે વાસણો, રંગ ખાંડવાને એકાદ બે ખાંડણીઓ અને એરોજ ભાંગ્યો તુટ્યો સરંજામ સામાન રાખે છે. તેઓ તમામ કામ હાથે કરે છે. યંત્ર જેવું કશું રાખતા નથી. તેમજ તેઓને રસાયનશાસ્ત્રનું રજભાર પણ જ્ઞાન હોતું નથી, છતાં તેઓ ઉત્તમ પ્રકારનો રંગ ચડાવી શકે છે તે માત્ર દેખાદેખી, લાંબા વખતનો અનુભવ અને મહાવરાને લીધેજ છે.

કપડાપર મજીઠનો રંગ ચઢાવવાની રીત—કપડાને પ્રથમ પાપડખારના ૧૨ કલાક ભીંજવી રાખી નીચલી ક્રીયા મુજબ રંગ ચડાવે છે.

૧-ખારણી=ખારમાં ભીંજાવવું. ૪-વિછળવું=પાણીમાં ધોવું.
૨-હરડાવવું=હરડે ચડાવવા ૫-રંગવું.
૩-પાન કરવા=રંગ પકા કરવા. ૬-તપાવવું=સુકવવું.

૧ ખારણી—બકરીની લીંડી, તલનું તેલ, સિંધી પાપડખાર અને પાણી એ ચાર પદાર્થ લેઇ પ્રથમ પાણીમાં પાપડખાર નાખી ડોહોળવું એટલે પાણી દુધ જેવું બનશે, તેમાં બકરીની લીંડી મિશ્ર કરવી; અને આ પાણીમાં કપડું બોળી મસળી નીચોવી કહાડવું. એજરીતે એકનું એક કપડું દીવસમાં ચાર વખત પાણીમાં બોળી ૭ દીવસ સુધી બોળવું અને ઉપરથી ધોઇ સુકવવું. ખારણી કરવામાં પ્રથમ જેટલી મહેનત લીધી હોય તે પ્રમાણે રંગ ઉત્તમ ચડે છે.

૨ હરડાવવું—હરડે ચડાવવા નીચલા પદાર્થનો ખપ પડે છે. હરડા, નાગકેસર, ડીમજ, ખેર, તમાકુના, માયાફળ, ફટકડી (બડી નગ) અને પાણી આ તમામ ચીજોને જુદી જુદી તે બધાને ઉકાળ પાણીમાં નાંખી ખુબ ઉકાળવું. એ પછી આવું કાપડ પ્રથમ ડુબાડે છે.

૩ પાણા કરેચો—લોધરના પાણીમાં ચાર કલાક ઉકાળી તૈયાર બનેલા કપડાઓમાં ફટકડી નાંખવી, અને તે પાણી ગાળી તેમાં કપડું ડુબાવવું. કેટલાક લોધરના પાણીના બદલે પતંગના લાકડાંને પાણીમાં ઉકાળે છે.

૪ વિછળવું—ઠંડા પાણીમાં કપડું બોળી ધોવું.

૫ રંગવું—જમીનમાં ખાડો ખોદી તેની ઉપર [illegible] તે પર રંગવાની કડાઇ મેલી તેમાં મજીઠ, ધાવડીનાં ફુલ, અને [illegible] ત્રણ પદાર્થની ભુકી નાંખવી. આ ભુકીમાં કપડું નાખી તેને ત્રણ કલાક ઉકાળતાં તે પર પાકો લાલ રંગ ચઢે છે. આ રંગને [illegible] બનાવવા માટે તેમાં "[illegible]" ની ભુકી નખે છે, પણ આજ ભુકી [illegible] વધારે નબળા રંગનો [illegible] બને છે.

૬ તપાવવું—રંગેલા કપડાને [illegible] એટલે [illegible] અઠવાડિયા તેને તડકામાં નાખી સુકવવું પડે છે. [illegible] પાણીમાં ભીંજવી તેમાં તેને એક રાત ભીંજવી રાખે છે [illegible] તેને તેમજ જમીન ઉપર પાથરે, પછી [illegible] તેની ઉપર પાણી [illegible] છે, ને ત્રીજે દિવસે બીજી બાજુ ઉપર મુજબની ક્રિયા કરે છે, ને ચોથે દિવસે તેને સ્વચ્છ પાણીમાં [illegible] કરે છે.

[illegible] કૃષ્ણ [illegible] રંગો ખાસ બનાવવામાં આવે છે. ગુલાબી, બદામી, [illegible] અને [illegible]

૧ ગુલાબી—એક [illegible] અને [illegible] બનાવવા માટે તેને લાલ રંગ પ્રમાણે બનાવવો પડે છે. પછી [illegible] ફટકડી અને [illegible] પાણી એક દીર [illegible] એક દીર [illegible] છે, પછી તેમાં કપડું ડુબાવી [illegible] લાલ રંગ [illegible].

૨ બદામી—[illegible] અને [illegible] પાણી એક દીર [illegible] એક દીર [illegible] રંગ ડુબાવે છે. અને તેમાં કપડું ડુબાવી તેના ઉપર લાલ રંગ ચઢાવે છે. એટલે બદામી રંગ બને છે, અને [illegible] પણ રંગ બને છે.

૩ [illegible] બનાવેલો કાળો રંગ—કાળો [illegible] લાલ રંગમાં ડુબાવી [illegible] લાલ રંગ [illegible] છે. આ રંગ [illegible] કાળો રંગ થાય છે.

કપડાપર પાકો પીળો રંગ ચડાવવો—એક શેર દાડમની છાલને મજીઠ પાણીમાં પલાળી નાંખી પછી તેને ઉકાળવી. શેર પાણી બાકી રહે એટલે કપડાને ચોખ્ખા પાણીમાં ધોઇ તે ઉકાળાના પાણીમાં બોળી મસળીને ઘોડીવાર રહેવા દેવું. બાદ મજીઠ પાણીમાં દશ રૂપીઆભાર ફટકડી પીગાળી તે પાણીમાં કપડાને ભીંજવવું એટલે રંગ પાકો થશે. આ પ્રમાણે બે વખત કરવાથી એક પૈંડ કપડું પાકા રંગનું કરી શકાય છે.

પાકો આશમાની રંગ ચડાવવાની રીત—ચુનો, ગળી, ગળી એ ત્રણે નીલ સરખા ભાગે લેઇને પાણીમાં પીગાળવાં. આ પાણીમાં કપડાને ભીંજવી સુકવવું. આવી રીતે ત્રણ વખત ભીંજવી સુકવવાથી પાકો રંગ આશમાની થાય છે.

બીજી રીત—ગળી ૧ શેર, સોડા ૨॥ શેર, ચુનો ૧॥ શેર, શોળ ૦। શેર, આ બધાને પાણીમાં ઓગાળી આશરે કલાક રહેવા દેવું. એથી કલાક રહેવા દેઇએ તો વધારે સારૂં; પછી તે પાણીમાં કપડું બોળી ડુબાવી રાખી મસળીને નીચોવી કાઢી સુકવવાથી પાકો આશમાની રંગ એકી વખતે સરસ ચડે છે.

પાકો જાંબુડો રંગ ચડાવવાની રીત—હીરાકશીના પાણીમાં પ્રથમ કપડું પલાળી પછી ત્રણ વખત કેરીનાં અબોટીઆને ઉકાળી કાઢેલા પાણીમાં ૭ વાર વારાફરતી પલાળી સુકવવું એટલે જાંબુડો પાકો રંગ ચડી જશે.

પાકો કાજળી રંગ કરવાની કૃતી—ગળી ૧૦ શેર, કસુંબો ૧૨૦ શેર, આંબળીનાં ૪૦ શેર, અનુક્રમે લેવાં. પ્રથમ છવ્વેં વાર કપડું ૧૦ શેર ગળીના રંગના પાણીમાં બોળવી બાદ કસુંબો ૧૨૦ રૂપીઆભાર પાણીમાં ઓગાળી તથા ૪૦ રૂપીઆભાર આંબોળીઆંનું પાણી કરી તેમાં અનુક્રમે કપડું બોળી કાઢવાથી કાજળી રંગ પાકો ચડે છે.

લીલો રંગ ચડાવવાની રીત—હળદર, દાડમની છાલ, કપાસના ફુલોનો ઉકાળો, ગળી અને ફટકડી એ અનુક્રમે વાપરી લીલો રંગ ચડાવવો.

પાકો લીલો રંગ ચડાવવાની રીત—પ્રથમ કપડું ૩ કલાક દાડમની છાલના ઉકાળામાં, પછી ૩ કલાક હળદરના ઉકાળામાં, પછી થોડી મીનીટ ગળીના ઉકાળામાં અને છેવટ ફટકડીના પાણીમાં એ રીતે અનુક્રમે કપડું રંગવું. વધારે ઘેરો લીલો રંગ કરવા માટે ગળી થોડીક વધારે લેવી.

બીજી રીત—એક વાસણમાં સવા તોલો ગળી, સવા તોલો ચુનો, સવા તોલો ગોળ એ સર્વે ભેગાં કરવાં, અને બીજા વાસણમાં કળાર અને ખરાવનું પાણી ભેગું કરી આ બન્ને વાસણમાં અનુક્રમે કપડું બોળવાથી રંગ પાકો થશે.

બાગ જેવો પાકો લીલો કરવાની રીત—બેડેડાં, હીરાકસી, [illegible], દાડમની છાલ, હરડી દરેક પાંચ પાંચ તોલા લેઈ જુદા જુદા વાસણમાં નાખીને વાપરવાથી પાકો રંગ થશે. આ પ્રયોગ છ વખત કરવાથી રંગ પાકો થાય છે.

નારંગીઆ રંગ ચડાવવાની રીત—પ્રથમ કસુંબાના રંગથી રંગીને પછી [illegible] પાણીમાં કપડાને ડુબાડી કાઢવાથી નારંગી રંગ થાય છે.

ગેરૂનો રંગ ચડાવવાની રીત—ચાર તોલા ગેરૂના રંગથી રંગી પછી ૨ તોલા ફટકડીના પાણીમાં ગેડી [illegible] રાખવું. ૧૦૦ વાર કપડા માટે [illegible] ગેરૂ જાય છે.

આકાશ પડનો ભુરો રંગ ચડાવવાની રીત—કપડાને [illegible] રંગમાં રંગીને પછી ગેડી ગળીના પાણીમાં [illegible] રંગ [illegible] કપડું રંગવાથી આકાશ પડનો ભુરો રંગ થાય છે.

[illegible] રંગ ચડાવવાની રીત—દાડમની છાલ, [illegible], [illegible] અને ચુનો અનુક્રમે [illegible] કરું રંગવાથી [illegible] રંગ [illegible] થાય છે.

[illegible] રંગ કરવાની રીત—કપડાને [illegible] [illegible] [illegible]. આ [illegible] [illegible].

[illegible] પાકો રંગ કરવાની રીત—[illegible], [illegible], [illegible] અને [illegible] અનુક્રમે [illegible] પાકો રંગ થાય છે.

પ્રકરણ ૨૭.

રેશમી કાપડ ઉપર રંગ ચડાવવાના પ્રયોગો.

રેશમી કાપડ પર સિંધના લોક ઘણો ઉત્તમ રંગ ચડાવે છે, તેવોજ કેટલાક હિંદુ તથા થાણા માહિમના ખ્રિસ્તી લોકો પણ ઉત્તમ રંગ ચડાવે છે. તેમાંના કેટલાક રંગ ચડાવવાના પ્રયોગો અત્રે આપીએ છીએ. જેમે તે રંગ ચડાવવો હોય તો તે પણ પ્રથમ કપડાને સફેદ પાપડખાર અને ગામઠી સાબુનું પાણી ઉકાળી તેમાં ધોઇ સાફ કરેલા કપડાને રંગ ચડાવવાનું કામ શરૂ કરવું એટલે રંગ સારો ઝગઝગદાર અને સુશોભીત ચડશે. રેશમી કપડાને ઉકળતા પાણીમાં નાંખવાથી ખરાબ થાય છે. માટે ગરમ પાણીમાં જોઇએ તેટલી મુદત કરતાં વધારે રાખવું નહીં. એટલે જોઇએ તેટલી ઉજાસમાં આવ્યું છે એમ જણાય કે અંદરથી કપડું કાઢી લેઇ રંગવાના ઉપયોગમાં લેવું.

રેશમી કપડાને લાલ રંગ કરવાની રીત—પ્રથમ સાજીખાર અને કળીચુનો બન્ને પાણીમાં પલાળી ઉકાળવાં અને તે પાણીમાં રેશમી કપડું પલાળીને થોડીકવાર ઉકાળવું. પછી કપડાને ધોઇ નાંખી ફટકડીને પાણીમાં ઉકાળી તે પાણી ઠંડું પાડી તેમાં કપડું એક રાત બોળેલી મુકવું. બીજે દિવસે સવારના કીરમજી રંગ અને "બુજ ગુજ" આ બે પદાર્થોની ભૂકી નાંખી પાણી ઉકાળવું અને તેમાંજ ફટકડીના પાણીમાંથી કાઢેલું રેશમી કપડુ બોળું ને બોળું હોય ત્યારેજ ડુબાડી ઉકાળવું. જોઇએ તેટલો રંગ ચડેલો જણાય કે વાસણ નીચે ઉતારી ઠંડું પાડી તેને ધોઇ સુકાવવું. પણ જો તે રંગ કાચો જણાય તો તેમાં લીંબુનો રસ નાખી ફરી સુકવવું. એટલે ઉત્તમ રંગ ચડેલો જણાશે.

નારંગીઓ અથવા કેસરીઓ રંગ—લાલ રંગ પ્રમાણેજ બનાવવામાં આવે છે પણ તેમાં હળદરની ભૂકી નાંખવામાં આવે છે.

લીલો રંગ—ચડાવવા માટે પાપડખાર અને સાબુનું પાણી તૈયાર કરે છે. તેમાં રેશમ ઉકાળીને ગળીના પાણીમાં ડુબાડે છે, અને પછી હળદરના પાણીમાં ડુબાવી નીચોવી લેઇ ઉપરે લીંબુનો રસ નાંખેલા પાણીમાં બોળી સુકવે છે.

પાકો પીળો રંગ—"છરપાર્ડ" નામના ઝાડની સળીઓથી બને છે. કાચુ રેશમ પાપડખારના અને સાબુના પાણીમાં અને ફટકડીના પાણીમાં એક રાત બોળી મુકી પીઇ નાંખી "છરિપાર્ડ" ની સળીઓનો કાવો (ઉકાળો) બનાવી તેમાં થોડો પાપડખાર નાખી પાણી ઉકળતું હોય ત્યારેજ આ પાણીમાં ફટકડીનું પાણી પાએલ રેશમને ડુબાવવું અને ખુબ ઉકાળવું એટલે તેની ઉપર સીધો જોતો રંગ આવે છે. આ રંગ કદી નીકળી જતો નથી. પાકો લીલો રંગ બનાવવો હોય તો એજ પીળું કપડું ગળીના પાણીમાં ડુબાવી કાઢી તેને પીવા વીના સુકવવું.

આશમાની રંગ ચડાવવાનો—કાપડને પાપડખાર અને સાબુના પાણીમાં [illegible] ફટકડીના પાણીમાં ડુબાવી કહાડવું; [illegible] ગળીના પાણીમાં બોળી પીવા સિવાય સુકવવું. એટલે આશમાની રંગ ચોખો [illegible] થશે.

રેશમ ઉપર લાલ રંગ ચડાવવાનો બીજો પ્રયોગ—[illegible] તોલા ૮, હીરમજ તોલા ૧૬, પતંગના લાકડાનો ભાગીક [illegible] [illegible] રેશમનું કપડું બોળી રાખવાથી રંગ ચડે છે, [illegible] [illegible] બોળી રાખવું જોઇએ.

રેશમ ઉપર પાકો લાલ રંગ ચડાવવાની કુંચી—[illegible] રેશમ [illegible] રંગ ચડશે.

પાકો પીળો રંગ ચડાવવાનો બીજો પ્રયોગ—પાપડખાર અને [illegible] રેશમને [illegible] રેશમ [illegible] રંગ ચડશે.

[illegible] રંગ ચડાવવાની રીત—[illegible] રેશમ [illegible] રંગ [illegible]

[illegible] રંગ ચડાવવાની રીત—[illegible]

રેશમને રંગીને મજીના રંગમાં રંગવું. પરંતુ કેટલાક ઠેકાણે કીરમ-જના બદલે લાખ વપરાય છે, અને પછી સુવાઇ મીઠ નાખે છે.

પાકો લીલો રંગ ચઢાવવાની બીજી રીત—નવુ કલાક દાડમના છોડીયાના ઉકાળામાં અને નવુ કલાક હળદરના ઉકાળામાં, અને પછી થોડી મીનીટ મજીના પાણીમાં, તે પછી છેવટ ફટકડીના પાણીમાં એમ અનુક્રમે રેશમ બોળવાથી લીલો રંગ પાકો ચડે છે.

નારંગી રંગ કરવાની બીજી કૃતી—૧। તોલા કેસુડાને પાણીમાં ઉકાળી પાણી ગળી લેવું, બાદ ૮ તોલા ફટકડી સાથે ઉકાળેલા રેશમને તેમાં બોળી રંગ ચડવા દેવો. જો રંગ ચડવામાં વાર લાગે તો કપડાને અંદરજ રહેવા દઇ થોડી વાર ઉકાળી લેતાં રંગ ચડી જશે.

ભુરો રંગ ચડાવવાની રીત—પ્રથમ રેશમને રાખના પા-ણીમાં નાંખીને પછી ચુનાના પાણીમાં નાંખે છે. આ બેઉ ચીજના બદલે ઘણીક વાર ફટકડી વાપરે છે. આ રીતે તૈયાર કરેલા પાણી-માંથી કપડાને કહાડી નચોવી નાંખીને, નશીર લોધરને દશ શેર પાણીમાં ઉકાળી તેમાં કપડાને થોડી વાર રાખે છે એટલે ઉપર પ્રમાણે જરા પીળાશ પડતો ભુરો રંગ ચડે છે.

કસુંબી રંગ ચડાવવાની રીત—૩૦ શેર કસુંબો અને ૧૦ શેર બોર લેવાં. પ્રથમ ગળીને વાડી પાણીમાં નાંખવી તેમાં ઉપરનો કસુંબો જરા આસમાની રંગનો થાય ત્યાં સુધી ભીંજવી રાખવા કે કાઢી લેઇ તેનું પાણી ઉકાળી કાઢવું. પછી બોરનો પણ બીજા પાણીમાં ઉકાળી રસ કરવો. બાદ આ બન્ને પાણી મિશ્ર કરીને તેમાં રેશમ રંગવાને રંગ ચડે ત્યાં સુધી બોળી મુકવું. આ પ્રમાણે ૧૦ શેર રેશમ આવેનું છે.

કાચો સોનેરી પીળો રંગ ચડાવવાની રીત—પહેલા હળ-દરના પાણીમાં રેશમને બોળી બાદ હારસીંગર (પારી) ના ફુલના ઉકાળેલા પાણીમાં થોડીવાર રાખીને છેવટે ફટકડીના પાણીમાં બોળી રાખવાથી સુશોભિત સોનેરી પીળો રંગ ચડે છે.

કીરમજી રંગ ચડાવવાની રીત—કીરમજ દાણા ૨ બ્રામ અને પોસ્તાનાં ફુલ ૧ બ્રામ, એ બેઉને લેઇ ઝીણું વાટી પાણીમાં મિશ્ર કરી એક વાસણમાં રેડી ચુલા ઉપર મુકવું, તેમાં રેશમના કપડાને એક લાકડાપર લટકાવી મુકવું અને ઉકાળવું. તે રેશમ ઉપર

લાલ રંગ ચડેલો જણાય કે તે ઉપર પતંગના લાકડાનું ઉકાળેલું પાણી ચોપડવું અગર ગરમ તે ઉકાળામાં બોળી કાડવું. પછી નીચોવી ઠંડા પાણીમાં ધોઇ નાંખી સુકવવું એટલે ઉત્તમ જાતનો કીરમજી રંગ ચડેલો જણાશે.

ખુલો જાંબુડો રંગ કરવાની રીત--ઉપર લખ્યા પ્રમાણે પડેલાં રેશમને કીરમજના રંગમાં ઉકાળીને પછી તેને ગળીના રંગમાં પલાળવું એટલે ઉત્તમ જાતનો ખુલ્લો જાંબલી રંગ દીપી નીકળશે.

સાધારણ નારંગી રંગ ચડાવવાની રીત—કેસુડાના ફુલને પાણીમાં ઉકાળીને તેમાં થોડો ચુનો નાંખી રેશમને રંગવાથી સાધારણ નારંગી રંગ ચડે છે.

પ્રકરણ ૨૮.

ઉન તથા ઉનનાં કપડાં ઉપર રંગો ચડાવવાના હુન્નર.

પાકો લાલ રંગ ચડાવવાની રીત—કીરમજી દાણાનો લાલ રંગ ચડાવવા માટે સાબુ, પાપડખાર અને ચુનો એ ત્રણેના પાણીમાં ઉનનું કપડું ભીંજવી રાખવામાં આવે છે. પ્રથમ ચુનો અને પાપડખાર એકત્ર કરી તેને પાણીમાં ઘણો વખત ઉકાળી તેના ઉપરનો મેલ કાઢી લે છે અને તેમાં સાબુ પલાળે છે. આ પાણીમાં એક રાત ભીંજવી ઉનને ધોઇ મુકે છે. પછી એક રાત ફટકડીના પાણીમાં ભીંજવે છે. બીજી તરફ નવસાગર, ફટકડી અને સોમલ એમને એક કાચના યંત્રમાં (રીટાર્ટ) મેળવી તેને આંચ લગાડી તેની વરાળમાંથી નિકળનારો દારૂ જેવો પદાર્થ બનાવે છે. આ પાણીને તેજાબ કહે છે. અને તેમાં હાઇડ્રોક્લોરીક એસીડ સોમલનું મિશ્રણ હોય છે. એક વાસણમાં પાણી નાંખી તેમાં થોડો તેજાબ રેડી તેમાં કીરમજી દાણાની ભુકી મેળવી તેને ઉકાળે છે અને તે ઉકળે છે એટલે ફટકડીના પાણીમાં ડુબાવેલું કપડું નાંખી એક સરખું ઉપર પાપડ કરી ત્રણ મીનીટમાં કાઢી લે છે, અને ધોઇ સુકવે છે જેથી લાલ રંગ પાકો ચડે છે.

ગુલાબી રંગ ચડાવવાની રીત—ઉપર જણાવ્યા મુજબ

ફટકડીનું પાણી ચડાવતાં કીરમજી દાણાનો રંગ ચડાવે છે, પણ તેમાં કીરમજ થોડો નાંખે છે.

ફુલ ગુલાબી રંગ ચડાવવાની રીત—ઉપર જણાવ્યા પ્રમાણે લાલ રંગ પ્રમાણે સર્વે ક્રિયા કરી તેમાં સહેજ હળદરનો ભુકો નાંખતાં ગુલેઅનાર રંગ ચડે છે.

વસંતી રંગ ચડાવવાની રીત—ફટકડીના પાણીમાં બીજ-વેળું કપડું લેઇ રંગાઈ, હળદર અને દાડમની છાલના ઉકાળાના પાણીમાં ઉપર તળે કરવાથી વસંતી રંગ ચડે છે.

પોપટી રંગ ચડાવવાની રીત—કપડાને ખારી પાણીમાં પલાળી પછી ફટકડીના પાણીમાં બોળે છે. પછી કરમાઈ અને હળદર આ બન્નેના ગરમ કઢાડામાં ડુબાડી ઉપર મળીને સલફ્યુરિક એસિડમાં નાંખતાં જે ગુરબ્બો બને છે તેને પાણીમાં નાંખી ઉકાળતાં તેમાં કપડું બોળી કાઢવાથી સુંદર મનરંજક પોપટીયો (સુગ્રપંખી) રંગ ચડે છે.

લીલો રંગ ચડાવવાની રીત—ઉપર પ્રમાણે કરવું. તેમાં ફક્ત માત્ર એરસોજ કે આ રંગ કરવા માટે ગુરબ્બો વધુ નાંખે છે.

ઊનને વાદળી રંગ ચડાવવાની રીત—ગળીનો ભુકો ૧૨ પૌન્ડ, મજીઠ ૮ પૌન્ડ, બ્રાન્ડી ૯ પૌન્ડ, પોટાશ ૨૪ પૌન્ડ, ઉનું પાણી ૧૨૦ ધન્વુટ લેઇને એક જગોએ સારી પેઠે મેળવવું, અને સુમારે ૨૬ કલાક પછી ફરી ૧૪ પૌન્ડ પોટાશ નાંખી ફરી ૧૦-૧૨ કલાકે ૧૦ પૌન્ડ પોટાશ નાંખીને સર્વે મિશ્રણ સારી પેઠે હલાવવું. એટલે સુમારે ૭૨ કલાકે ગળી સડીને ફમ થાય છે. ફમ થયા બાદ એટલે પછી ચુનો પલાળીને તેમાં નાંખવો, અને ત્યાર પછી તેમાં ઊનને બોળી કાઢવું એટલે વાદળી રંગ ચડશે. (બાર પૌન્ડ કપડા માટે)

ખાખી રંગ પાકો ચડાવવાની રીત—૧ શેર મેંદીના પાંદડાંને ૧ શેર પાણીમાં ઉકાળીને એક શેર ઉનને તેમાં ૪૮ કલાક રાખવું. બાદ કાઢી લઇને ટેરકોજ કરી ચુનો નાંખેલા પાણીમાં રાખવું. એટલે પાકો ખાખી રંગ ચડશે.

ભુરો રંગ ચડાવવાની રીત—હળદર ૫ શેર, કેસુડાં ૨૫ શેર, પતંગનું લાકડું ૪૦ શેર, અને ફટકડી ૦॥। શેર એ રીતે જથ્થો લેઇ નીચે મુજબ કરવું.

પહેલાં કેસુડાંની સાથે ઊનને પાણીમાં ૧૨ કલાક રાખવું. પછી સુકવીને ૭ કલાક હળદરની સાથે ઊકાળવું. અને છેવટે પતંગનું લાકડું અને ફટકડી એ બન્નેને ભેગાં કરી તેની સાથે ૮ કલાક ઉકાળવું. આ ક્રિયા ૨૫ પૈન્ડ ઊન માટેની છે.

પીળો રંગ ચડાવવાની રીત—૨૫ શેર ઉન માટે કેસુડાનાં ફુલ ૪૦ શેર, દળેલી હલદર ૫ શેર, અને ફટકડી ૦ા શેર, પ્રથમ ઉનને કેસુડાના ફુલ સાથે એક મોટાં વાસણમાં નાંખી તે ઉપર બન્ને ઢંકાઇ જાય એટલું પાણી નાંખી આશરે બાર કલાક ભીંજવી રાખવું. બાદ ઉનને નીચોવીને બહાર કાઢીને છાંયડામાં સુકવવું, અને છેવટે હળદર, ફટકડી, પાણી અને ઊન એ સઘળાંને ભેગાં જ્યાં સુધી એક રંગ થઇ જાય ત્યાંસુધી ઉકાળવાં ત્યાર બાદ નીચોવી સુકવી નાંખવું.

ચળકતો સોનેરી પીળો રંગ ચડાવવાની રીત—પ્રથમ હળદરના રંગમાં ભીંજવી બાદ પારીજાતક (હારસીંગાર) (છારી) ના રંગમાં ભીંજાવી છેવટે ફટકડીના પાણીમાં થોડીવાર ભીજવી રાખવું, એટલે ઉત્તમ સોનેરી રંગ ચડશે.

આશમાની રંગ ચડાવવાની રીત—ગળી ૮ ભાગ, કાર્બોનેટ ઑફ સોડા ૮ ભાગ, ચુનો ૪ ભાગ, અને ગોળ ૧ ભાગ; એ બધાંને પાણીમાં મેળવી તે પાણીને આઠ દીવસ સુધી સડવા દેવું. આ પાણીમાં સારી પેઠે ધોએલુ ઊન ૫૦ રતલ પ્રથમ ચોખ્ખા પાણીમાં ભીંજવીને નીચોવ્યા બાદ તરતજ સારી પેઠે ભીંજવી રાખવું, અને પછીથી સુકવવું એટલે આસમાની રંગ સારો ચડશે.

કાળો રંગ ચડાવવાની રીત—હરડાંના ભુકાને પાણીમાં ભીજવી તે પાણી ગળી લેઇ તેમાં ઊનને ભીજવી રાખવું. (૧ શેર ઉનના માટે એક અધોળ હરડાંની ભુકી બસ છે.) આ પાણીમાંથી કાઢી લીધા બાદ હીરાકશીના જાડા પાણીમાં બોળી કહાડવું એટલે કાળો રંગ ચડશે.

નારંગીઓ રંગ ચડાવવાની કૃતી—કેસુડાં ૨૦ તોલા, સુરોખાર અથવા ફટકડી ૧૦ તોલા એ રીતે લેવાં. પહેલાં કેસુડાંને પાણીમાં ઉકાળીને પોણોશેર ઉનને તેમાં નાંખવું. બાદ સુરોખાર અથવા ફટકડીના પાણીમાં થોડીવાર રાખીને કાઢી લેઇ સુકવવું. આ પ્રમાણે વધારેવાર કરવાથી રંગ વધારે સારો તૈયાર થાય છે.

પ્રકરણ ૨૯.

સરબત, આઈસક્રીમ બનાવવાના પ્રયોગો.

ગુલાબનો સરબત—૧૨ ઔંસ તાજાં ગુલાબનાં ફુલની પાંખડીઓને એક વાસણમાં નાંખી તે ઉપર રા પાઇન્ટ ઉકળતું પાણી નાંખવું. તેને ૧૨ કલાક સુધી ઢાંકી રાખી અને તે પછી પાણીને ગાળી તેમાં ૩ રતલ ખાંડ નાંખી જ્યાં સુધી શીરા જેવું થાય ત્યાં સુધી ઉકાળવું. ઠંડુ થયેથી ફરીથી ગાળીને તેમાં રા ઔંસ રેકટી ફાઇડ સ્પીરીટ નાંખવો. (દારૂ નહીં પીનારાઓ માટે નાંખવો નહીં) આ સરબતથી હાથપગના સાંધા દુખતા નથી.

નારંગીનો સરબત—ના પાઇન્ટ ખાંડની કાચી ચાસણીમાં ૨ ડ્રામ નારંગીની છાલના અર્કને નાંખી બાટલીમાં ભરવો.

અનેનસનો સરબત—એક પાઇન્ટ અનેનસના રસમાં ૨ રતલ સારી બુરા ખાંડ નાંખીને ધીમી આંચે ઉકાળો. કાચી ચાસણી બે તારી થાય એટલે ઉતારી ઠંડો પાડી બાટલીમાં ભરવો.

દ્રાક્ષનો સરબત—૧ રતલ સારી તાજી દ્રાક્ષ દબાવી દાટેલી કપરી ગુંદ જેવી (લાહી જેવી) થાય એટલે ૫ ઔંસ ખાંડ નાંખી દોઢ શેર પાણી નાંખી થોડુંક ઉકાળવું. પછી તેને ઠંડો પાડી ગાળી લેઇ બાટલીમાં ભરવો.

લીંબુનું સરબત—ના પાઇન્ટ ખાંડ પ્રથમ કરી ઠંડા પાડેલા પાણીમાં ૩ ડ્રામ લીંબુની છાલનો અર્ક નાંખી શીશીમાં ભરી રાખવો.

સફરજનનો સરબત—૫ અથવા ૬ પાકેલાં સફરજનના બબે કકડા કરીને રા બાટલી પાણીમાં ચુલા ઉપર ઉકાળવા, અને વધારે નરમ થયા પછી પાણીને ગાળી નાંખી તેમાં મરજી પ્રમાણે ખાંડ અથવા મધ ઉમેરીને પાણીમાં વાપરવું.

આઈસક્રીમ બનાવવાની રીત—આઇસક્રીમ બનાવવા સારૂ દુધ ઘણું ચોખ્ખું જોઇએ, તે દુધને ચુલા ઉપર ચડાવી ધીમા અ. ગ્નીએ જાડું થાય ત્યાં સુધી ઉકાળવું. પછી તેને ઠંડું પાડી તેમાં મરજી મુજબ ખાંડ નાંખી કપડાથી ગાળી લેવું. તેમાં ગમે તે જાતનો સુગંધો મેળવી આઇસના સંચામાં નાંખવું.

આઇસક્રીમ બનાવવાનો સંચો જસતનો ટાઇટ ઢાંકણાનો હોવો

જોઇએ, અને તેની સાથેનું પીપ પણ મથાળે જોઇતુંજ ઉંડું તથા તેરો આશરે નવ અથવા દસ ઇંચ ઉંચો હોવો જોઇએ. અને પીપને એક બાજુ પીગળેલું પાણી કહાડી નાંખવા માટે કાણું રાખઇ ભુંગ સાથેનું જોઇએ. પહેલું પીપમાં થોડું આઇસ તથા મીઠું નાંખી તેમાં કુલ્ફી બરો સચો મુકો, ત્યાર પછી આઇસના (બરફ) નાના નાના કકડા અને મીઠું પીપ ઉપર સુધી ભરી દેવું (ત્રણ ભાગ આઇસ અને એક ભાગ મી[illegible] અને બધાને થોડીવાર રહેવા દેઇ પછીથી સંચાને [illegible] થોડી મીનીટ સુધી ફેરવો. ત્યારબાદ ઢાંકણું ઉઘાડી ચમચાની મારફતે આઇસક્રીમ બનાવ્યું હોય તેને હલાવી, [illegible] [illegible] મધ્યથી મેળવી નાંખવું અને એજ [illegible] બધું આઇસક્રીમ બંધાઇ રહે ત્યાં સુધી વારંવાર મીઠું અને પાણી કાઢી નાંખી નવું ભરવું.

આઇસક્રીમ બનાવવા માટે ફુલનો તૈયાર કરવામાં આવે છે તેને [illegible] માટે તેની [illegible], અને [illegible] આવે તે [illegible] માટે તેમાં [illegible] કે તે [illegible] [illegible] આવે છે [illegible] [illegible] આવે છે તેનાં [illegible] [illegible], બીજા તે પણ [illegible] [illegible]

પ્રકરણ ૩૦.

જુદી જુદી જાતના મુરબ્બાઓ બનાવવા વિષે.

મુરબ્બો બનાવવાનો [illegible]

તૈયાર રાખવું. અહીંથી ત્રણ કલાક સુધી [illegible] ભીજવી રાખવાં ત્યારબાદ મારી આઠ શેર ૧૦ [illegible] બનાવવાની રીતમાં લખ્યા મુજબ [illegible] સામગ્રી બનાવી, [illegible] ચુનાના પાણીમાંથી કાઢી [illegible] નાખી [illegible] સામગ્રીમાં નાખી [illegible] આ [illegible] નીચે ઉતારી [illegible] રાખી [illegible] આ મારે મુકવી. [illegible] આ [illegible] કે ઉપરના ભાગ [illegible] નિતાર રહી જાય. [illegible] નાખી. અને સામગ્રી [illegible] પાણી [illegible] રહી [illegible] ફરી [illegible] કરી [illegible] છે. અને પાછું ફરી એકવાર [illegible] તૈયાર થએથી [illegible] નહિ બેસે.

[illegible] ૧૦૦ [illegible] લીંબુ, ૧ [illegible], [illegible] શેર [illegible], ૧ [illegible], ૧ [illegible] આ [illegible] શેર [illegible] શેર [illegible] નાખવું. પછી તે [illegible] એક [illegible] [illegible] પછી [illegible] પછી [illegible] તેના [illegible] [illegible]

[illegible] સાથે [illegible].

[illegible]

— —

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ચામડી ઉપરથી કરચલી કાઢવાનો પ્રયોગ—પોળુ મીણ ૧ ઔંસ, લીલી ગમના ફુલનો રસ ૨ ઔંસ, મધ બે ઔંસ, ગુલાબનું પાણી બે ડ્રામ, ગુલાબનું અત્તર ૨ ટીપાં, પ્રથમ મીણને તપાવી ટાઢું પડવા આવે કે તેમાં ઉપર જણાવેલી બાકીની બધી ચીજો નાંખી એકત્ર થાય એટલે એક શીશીમાં ભરવું. તૈયાર થયા બાદ શરીર ઉપર ઘસવાથી થએલી કરચલી દુર થાય છે.

શરીર ઉપરથી સીતળાનાં ચાઠાં દુર કરવાની કૃતી—મીઠી બદામનું તેલ એક ઔંસ, સફેદ મીણ ૨ ડ્રામ, સ્પરમાસીટી ૨ ડ્રામ એ બધાંને એક વાસણમાં નાંખી એક કરી તેમાં અડધો ડ્રામ કેસર નાંખી, દેવતાના અંગારા ઉપર ધીંગાણી ખરલમાં ઘુંટી સીતળાના ટુંકી મુદતના પડેલાં ચાઠાં ઉપર લગાડવાથી નાબુદ થાય છે.

છુંદણાં કઢાવેલાં કાઢી નાંખવાની કૃતી—છુંદણાં કઢાવેલા ભાગ પર તેના કરતાં જરા મોટાં બલીસ્ટર મારવાં, અને બલીસ્ટર ઉપડે ત્યારે તેને ફોડીને પાણી કાઢી નાંખવું. બાદ રૂઝાઈ જાય તેમ કરવું. આ પ્રમાણે કરવાથી નવી ચામડી આવે છે, એટલે તેના ઉપર છુંદણાંનો ડાઘ રહેશે નહીં.

દાંત ચોખ્ખા રાખવાની મશી—ગમગીરનો બારીક ભુકો અડધો ઔંસ, ક્રીમ ઓફ ટાર્ટર ૨ ડ્રામ, બાળ આમોનીયા ૧ ડ્રામ, આ બધાંને જુદાં જુદાં વાટી બારીક કરી મેળવી નાંખી હમેશાં દાતણ કરતી વખતે દાતણના કુચા ઉપર ચડાવી દાંત ઉપર ખુબ ઘસવાથી દાંત સફેદ નુરીંદાર બની અંગના સુંદર દેખાવમાં વધારો કરે છે

બીજી રીત—ફુલાવેલી ફટકડી, હીંગબોળ, સોપારીના કોયલાનો ભુકો; આ ત્રણ એકઠા કરી ઝીણું ખાંડી ચાળી દાંતે ઘસવું એટલે જોઈએ તેવા દાંત સાફ રહેશે

મોં ઉપરના ખીલ દુર કરવાની રીત—ચાર ડ્રામ નવસાર લેઈ તેને એક કોલનવોટરની શીશીમાં ગુલાબના પાણી સાથે મીલાવી સવાર સાંજ બે વખત મોં ઉપર લગાવવાથી ખીલ જતા રહે છે.

વાળ કાળા કરવાની રીત—ના ઔંસ પીરો ગેલીક એસિડ, નારંગીનું તેલ ના ડ્રામ, રેકટીફાઈડસ્પીરિટ ૧ા ઔંસ અને પાણી ૩ ઔંસ મેળવી લગાવતાં વાળ કાળા, સુંવાળા અને ચળકદાર થાય છે.

**માથાપરથી ખરી જતા વાળ અટકાવવા તથા ખરી

ગમેલા જગોએ નવા ઉગાડવાની રીત—પિકૃક પેટ્રોલીયમ તેલ હાથમાં લેઇ માથા ઉપર હમેશા માલેશ કરવું.

ચહેરા ઉપરના ખીલા તથા ચાઠાં કાઢી નાંખનાર ઉ-પાય મેળવણી—હાતી જાતીમ ૧૩ દામ, રસકપુર ૧૨ ગ્રેન, હાઇડ્રોક્લોરીક એસીડ ૩ દામ, ગ્લીસેરાઇન ૧ ઔંસ, ટીંકચર બેનઝોઇક ૨ દામ, ગુલાબજળ જોઇએ તેટલું લેઇ પ્રથમ રસકપુરને ગુલાબજળમાં ઓગાળવું. પછી તેમાં હાઇડ્રોક્લોરીક એસિડને હમેશાં નાખુએ ગાળવું, હાતી જાતીમને બારીક તેને ખુબ બારીક વાટી પછી ગ્લીસેરાઇન અંદર ઉમેરવું અને તે એકરસ થઇ જાય એટલે ગુલાબનું પાણી ટીપે ટીપે મેળવી મરડૅન ખુટવું. જ્યારે ફીણ જેવું થાય ત્યાર પછી તેમાં ટીપે ટીપે ટીંકચર બેનઝોઇક ઉમેરવું અને બે ઘડીઓ સુધી હલાવ્યા કરવું. જ્યારે મેળવણી બરાબર [illegible] કે તેમાં રસકપુરનું પાણી ઉમેરવું. બાદ આ સઘળું [illegible] હલાવી તે મેળવણી એક પાત્ર થાય ત્યાં સુધી ગુલાબનું પાણી નાંખ્યા કરવું. આ મેળવણી ચહેરાપરના ચાઠાં, ખીલ વિગેરે કરવામાં ઘણીજ ઉમદા માલુમ પડી છે. સામાન્ય રાખવાની મેળવીએ છે કે મોં ઉપર [illegible] જગોએ ચામડી ઘણી હોય તે જગોએ મેળવણી લગાડવી નહીં.

હાથની ચામડી ફાટતી અટકાવવાની રીત—આ રોગ ખાસ કરીને ઠંડી [illegible] દરદ થાય છે. પછી તેને બે [illegible] [illegible] ઉપર લેપ કરવું. જ્યારે જરૂર જણાય ત્યારે તે [illegible] મેળવણીનો [illegible]

ચામડીને સુંવાળી બનાવનારી મેળવણી—[illegible] ૮ દામ, ગ્લીસેરાઇન ૨ ડ્રામ, ગુલાબનું પાણી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ચામડી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] ચામડીને ખુબસુરતી આપનાર છે.

દાંત ઉપર બાઝેલી પીળાશ કાઢવાની [illegible]—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

જ માસ એક તોલો; આ સઘળી ચીજો મેળવી ખરલ કરી ગરમ પાણી સાથે મેળવી રાતે સુતી વખત સહેજ વાળ ઉપર લગાવી સવારમાં ધોઈ નાંખવું. આ રીતે વાળ કાળા કરેલા એક મહીના સુધી રહે છે.

વાળ વધારવાની દેશી વનસ્પતી—લાલ જાસુદિ (લાલ ગમેલી) ના ફુલનો રસ હમેશાં માથામાં ચોળવાથી લાંબા થાય છે.
